Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પ્રકાશનાં પગલાં

સર્વોપયોગી સાહિત્ય શ્રેણી : ૧

ક્ષુ અખંડાનંદની પ્રસાદી
સાહિત્ય વર્ધક કાર્યાલય
સ અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ओ३म ॐ

पुस्तक-संख्या .....CO. गा/3

पंजिका-संख्या 29526/6.2.2013

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

આપણાં સંસારની સળગતી સમસ્યાઓ વાર્તારૂપમાં

લેખક : " સૌજન્ય "

૩. હાસ્ય-તરંગ

જીવનમાં દરરોજ દેખાતા પ્રસંગો ઉપરના કટાક્ષલેખો

લેખક : જ્યોતીન્દ્ર હ૦ દવે

૪. જીવનની કલા

જીવનની સફળતા માટે વ્યવહારૂ માર્ગદર્શન

લેખક : રવિશંકર મહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Initial

૫. જગતમાં જાણવા જેવું

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

...અદ્ભુતતા અને ઉપયોગિતાનો સરલ પરિચય

લેખક : છોટાલાલ માનસિંગ કામદાર

૬. જીવનપરિવર્તન

એક જીવનપલટાની કરુણ-મંગલ સળંગ વાર્તા

લેખક : 'સોપાન'

મે માસમાં પ્રગટ થશે

૭. ઇતિહાસને અજવાળે

ઇતિહાસની પરાક્રમી વ્યક્તિઓની જીવનરેખા

લેખક : ધનસુખલાલ મહેતા

૮. મારો ભારત દેશ

ભારતવર્ષનાં સૌંદર્ય અને વૈવિધ્યનો પરિચય

લેખક : કાન્તિલાલ પરીખ

૯. પ્રભુનાં પયગમ્બર

બાળઉછેર અંગેના મહત્ત્વના પ્રશ્નો અને ઉત્તરો

લેખિકા : લાભુબહેન મહેતા

૧૦. સ્ત્રીશક્તિનાં દર્શન

હિંદના ઘડતરમાં હિસ્સો આપતી સ્ત્રીઓની જીવનકથા

લેખિકા : સુભદ્રા ગાંધી

(અનુસંધાન પૂંઠાને ત્રીજે પાને)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“સસ્તું સાહિત્ય” એટલે “ઊંચામાં ઊંચું સાહિત્ય”

પ્રકાશનાં પગલાં

[જગતના વિવિધ ધર્મોની ચૌદ કથાઓ]

★

લેખકઃ

કરસનદાસ માણેક

पुस्तकालय
गुरुकुल कांगड़ी

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

★

દસ આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવૃત્તિ ૨ જી
પ્રત : ૪૦૦૦
સંવત : ૨૦૦૧

સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે.

મુદ્રક અને પ્રકાશક:
ત્રિભુવનદાસ ક૦ ઠક્કર
સસ્તું સાહિત્ય મુદ્રણાલય,
ઠે. રાયખડ :: અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

"**સર્વોપયોગી સાહિત્યશ્રેણી**"ના આ પ્રથમ પુસ્તકની પહેલી આવૃત્તિની ૫૫૦૦ પ્રત છપાઈ છે. પરંતુ "વિવિધ ગ્રંથ-માળા"ના ગ્રાહકોને આ પુસ્તક મોકલવાનું ઠરવાથી તેની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે.

"**સર્વોપયોગી સાહિત્યશ્રેણી**"ની યોજના સંબંધી પૂરી વિગત સમજાવતું સૂચીપત્ર તથા ગ્રાહક થવા ઇચ્છતા સજ્જનો માટે 'બિઝનેસ રિપ્લાય કાર્ડ' આ સાથે છે, તે તરફ ગ્રાહકબંધુઓનું ખાસ ધ્યાન દોરીને જણાવવાનું કે, આ યોજનામાં મર્યાદિત સંખ્યામાં ગ્રાહકો લેવાના હોવાથી **તેમણે આ પુસ્તક મળ્યા પછી એક માસમાં લખી જણાવવા વિનંતિ છે.**

આ પુસ્તકની પહેલી આવૃત્તિમાં અપાયલું નિવેદન અહીં નીચે અવતરણમાં આપ્યું છે.

"આ સંસ્થા છેલ્લાં પાંત્રીસ વર્ષથી પોતાની શક્તિ અને વૃત્તિ અનુસાર ગુજરાતની સેવા કરી રહી છે. આજ સુધીમાં જીવનઘડતરમાં ઉપયોગી એવા લગભગ સાડાત્રણસો ગ્રંથો એણે હજારો નકલોની સંખ્યામાં ગુજરાતનાં ઘરોમાં પહોંચાડ્યા છે. ધાર્મિક સાહિત્યનું પ્રકાશન આ સંસ્થાનું પ્રધાન અંગ રહેલું હોવા છતાં તેનો વિશાળ અર્થ કરીને જીવન-વિકાસમાં પ્રેરણારૂપ થાય તેવાં જીવન-ચરિત્રો, આરોગ્યનાં પુસ્તકો, સમાજશિક્ષણ, સ્ત્રીકેળવણી, બાલવાર્તાઓ ઇત્યાદિ સાહિત્ય પણ એણે પ્રજાને વિપુલ પ્રમાણમાં આપ્યું છે.

"પરંતુ પ્રજામાં હવે એક નવો વર્ગ ઊભો થયો છે અને એની સંખ્યા આપણી રાષ્ટ્રિય જાગૃતિની સાથોસાથ વધતી જશે. આ વર્ગ ઓછું ભણેલા પ્રૌઢોનો છે. ભાષાજ્ઞાન તો એમનું બાળકો જેવું હોય છે, પરંતુ સંસારના કડવા-મીઠા અનુભવો એમને મળેલા હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બંને સ્થિતિનો વિચાર કરીને આ વિશાળ સમુદાય માટે નવા પ્રકારનું સાહિત્ય નિર્માણ કરવું જોઇએ. એ સાહિત્ય મોટા અક્ષરોમાં છપાયેલું, બાળકો પણ વાંચી શકે એવી સહેલી ભાષામાં અને છતાંયે જીવનમાં ઉપયોગી એવા વિષયો ઉપર પ્રકાશ ફેંકનારું હોવું ઘટે.

"આ કાર્ય કોણ કરે ? ધંધાદારી પ્રકાશકો સ્વાભાવિક રીતે જ આમાં રસ ન લઈ શકે, કારણ કે આવાં પ્રકાશનમાં નફો હોય નહિ. આ કાર્ય 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' જેવી પારમાર્થિક સંસ્થાએ જ કરવું જોઈએ એમ લાગવાથી આ પ્રકાશનમાળાનો અમે આરંભ કર્યો છે.

"ગુજરાત જેમની સાહિત્યસેવાથી પરિચિત છે એવા યુવાન અને પ્રતિષ્ઠિત લેખકો દ્વારા વિવિધ વિષયોનાં સુંદર, સરળ અને સચિત્ર પુસ્તકો તૈયાર કરાવવાનું સંપાદનકાર્ય કરવા અમે જીવનસ્પર્શી સાહિત્યના પ્રસિદ્ધ લેખક ભાઈ મોહનલાલ મહેતા—'સોપાન'ને શોધ્યા અને તેમણે તે કામ હોંશપૂર્વક અને સહર્ષ ઉપાડી લીધું, તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. આ પ્રયાસનું પરિણામ આજે અમે પ્રજા સમક્ષ મૂકીએ છીએ.

"સર્વોપયોગી સાહિત્યશ્રેણી જેવા સૂચક નામ સાથે જોડાયેલાં પુસ્તકોની યોજના તૈયાર કરવામાં, વિષયો ગોઠવવામાં અને લેખકો પાસે લખાવવામાં એમણે જે ચીવટ અને પરિશ્રમ દાખવ્યાં છે, તેના અમે સાક્ષી છીએ. આ પવિત્ર કાર્યના તેઓ પણ યશભાગી છે.

"અમુક વર્ગ માટે યોજાયલી આ ગ્રંથશ્રેણી પ્રજાના બીજા ભાગ માટે પણ લાભદાયી અને માર્ગદર્શક નીવડશે એવા ભરોસાથી આ સંસ્થાના કાર્યક્રમમાં આ નવો પ્રકાર શરૂ કરતાં અમને આનંદ થાય છે."

ન્યૂ દિલ્હી.
તા. ૫–૪–૪૫

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
મનુ સૂબેદાર (પ્રમુખ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપાદકનું નિવેદન

'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે' મને જે કામ સોંપ્યું તેનો સ્વીકાર મેં હળવે હૈયે કર્યો નથી, એટલું આરંભમાં જ જણાવી દઉં.

ઓછું ભણેલાં હજારો ભાઈબહેનોને, જીવનને સ્પર્શતા વિષયોનું જ્ઞાન આપવાની જવાબદારી કેટલી મહાન છે, તેનું આ કાર્ય કરતાં મને સતત ભાન રહ્યું છે.

હું કેટલે અંશે એમાં સફળ થયો છું, તેનો નિર્ણય તો જાણકારો જ કરી શકે. મારે તો એટલું જ કહેવાનું છે કે પરિશ્રમ કરવામાં મેં કચાશ રાખી નથી ને જ્યાં જ્યાંથી સહાય મેળવી શકું ત્યાં ત્યાંથી મેં મેળવી છે.

વિષયોની પસંદગીમાં અને તેના લેખનમાં લેખકમિત્રોએ જે મદદ કરી છે, તે હું ભૂલી શકીશ નહિ. પ્રકાશક, સંપાદક કે લેખક આ કાર્યની મહત્તા અને પવિત્રતાને ભૂલ્યા નથી એટલું તો પૂરી નમ્રતા સાથે પણ મારે કહેવું જોઇએ. હજારો બંધુ–ભગિની પ્રત્યેની લાગણી આ ગ્રંથશ્રેણીના લેખન–પ્રકાશનના મૂળમાં રહેલી છે.

શક્ય તેટલી કાળજી રાખીને વિષયોની પસંદગી કરી છે. આ યોજના એક જ વર્ષની કે અઢાર જ પુસ્તકોની નથી તે લક્ષમાં રાખ્યું છે; છતાં પહેલા વર્ષમાં યે વિષયનું વૈવિધ્ય સપ્રમાણ જાળવવાનો સભાન પ્રયાસ તો કર્યો જ છે. આમ છતાં એમાં ત્રુટીઓ નહિ હોય કે નથી, એમ હું કહી શકું નહિ. લોકશિક્ષણમાં રસ ધરાવતા સજ્જનો મને તેમની સૂચનાઓ મોકલશે તો હું આભારી થઇશ.

અંતમાં, મારે 'સસ્તું સાહિત્ય' ના ટ્રસ્ટીઓનો આભાર માનવો છે. હું જાણું છું કે તેઓ આભારના ભારથી દૂર રહેવા ઇચ્છે છે, પરંતુ મારે સૌને જણાવવું જોઈએ કે સદ્‌ગત ભિક્ષુ અખંડાનંદે પ્રગટાવેલા જ્ઞાનદીપકની જ્યોતને એમણે નમવા તો નથી જ દીધી, પરંતુ સતત દીવેલ પૂરીને એને પ્રજ્વલિત રાખી છે. સહેજ આગળ વધીને કહું તો એ જ્યોત વધુ પ્રકાશ આપી શકે તે માટે તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈજ્ઞાનિક પ્રયોગો પણ સતત કરતા રહે છે. આ ગ્રંથશ્રેણીના સંપાદનકાર્ય અંગે ટ્રસ્ટીમંડળના પ્રમુખ શ્રી. મનુ સૂબેદારે મને સતત ઉત્સાહ અને માર્ગદર્શન આપ્યાં છે એમ મારે કબૂલવું જ જોઈએ. એમનો સહકાર ન હોત તો આ કાર્ય મેં થાકીને અધવચ્ચે જ છોડી દીધું હોત.

મુંબઈ,
તા. ૫–૧–૪૫ } મોહનલાલ મહેતા

પ્રસ્તાવના

કથાની પ્રતિષ્ઠા જગતનાં તમામ ધર્મશાસ્ત્રોમાં છે. સૈદ્ધાન્તિક ચર્ચાચર્ચામાં આંગળીને વેઢે ગણી શકાય એટલા પંડિતોને રસ. પણ ધર્મના મર્મને લોકસમુદાયના જીવનમાં ઉતારનાર તો કથાઓ જ. ધર્માચાર્યો તથા શાસ્ત્રકારોએ જનતાની આ કથારસિકતાનો લાભ લેવાય તેટલો લીધો છે.

ધર્મકથાઓનો દેહ બીજી બધી કથાઓના દેહની પેઠે જ પોતપોતાના રચનાયુગના દેશકાળની મર્યાદાઓથી અંકિત હોય એ સ્વાભાવિક છે. પણ એમનો આત્મા સનાતન કથાઓ વાંચતાં વાંચતાં એ આત્મા સુધી પહોંચવું એ કામ સમજુ અને વિચારવંત વાચકનું.

આ ચોપડીમાં સંઘરવામાં આવેલી કથાઓને આ જ દૃષ્ટિએ શબ્દબદ્ધ કરવામાં આવી છે. એમનો આત્મા અક્ષત રીતે જળવાઈ રહે એટલી કાળજી રાખીને એમની શબ્દ–કાયામાં આધુનિક વાચકની દૃષ્ટિનો વિચાર કરીને ફેરફારો કરવામાં આવ્યા છે–ઓછામાં ઓછા.

ધર્મકથાઓનું શ્રવણ તો આપણી પ્રજા ગળથૂથીમાંથી જ શરૂ કરતી–એક કાળે. આજે પણ ઘણાખરા એક અથવા બીજી રીતે આ કથાઓના વસ્તુભાગથી તો પરિચિત હશે જ. આ પુસ્તકમાં નવીનતા હોય તો તે કેવળ રજૂઆતની, દૃષ્ટિબિન્દુની, સુપરિચિત સામગ્રીને કંઈક નવીન સ્વરૂપમાં જોવાની.

તા. ૧૦–૧૧–૪૪ કરસનદાસ માણેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂ. સંતોક ફઈબાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

દેવાસુર સંગ્રામ ૯
મૃત્યુનું વરદાન ૧૩
સુદર્શન અને કૃત્યા ૨૦
ધર્મવ્યાધ... ... ... ૩૦
અધિકાર કોનો? ૩૯
પ્રાર્થના અને પુરુષાર્થ... ... ૫૦
કુરુક્ષેત્ર કરબલા ૫૬
રખે જોતા પાછું વળીને ... ૬૪
રાજદ્રોહનો ધર્મ... ... ... ૬૭
ગર્વ કિયો સોહિ નર હાર્યો! ૭૧
શ્રીકૃષ્ણ અને કાળયવન ... ૭૯
સાડા ત્રણ વજ્રો ૮૫
વરદાન કે શાપ? ૧૦૪
દુષ્કર છે, દુષ્કર છે, દુષ્કર છે! ૧૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



દેવાસુર સંગ્રામ

दैवी संपद् विमोक्षाय निबन्धायासुरी मता।

"દૈવી સંપત્તિ મોક્ષ પ્રત્યે લઈ જાય છે; આસુરી સંપત્તિ બન્ધન પ્રત્યે." —ગીતા

મંગલ અને અમંગલ તત્ત્વો વચ્ચે, જગતનું હિત કરનારાઓ અને જગતની હાનિ કરનારાઓ વચ્ચે, યુદ્ધો તો પરાપૂર્વથીજ લડાતાં આવ્યાં છે. પુણ્યનાં અને પાપનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળો, પ્રત્યેક યુગમાં, નવાં નવાં રૂપો લઇને આવે છે; અને પ્રત્યેક યુગમાં, પુણ્યનાં બળોને પાપનાં બળોની સામે ટક્કર ઝીલવી પડે છે. પુણ્યનાં બળો, પાપના બળોની સામે કુરુક્ષેત્રમાં ઊતરવાનું જે દિવસે સદાને માટે બંધ કરશે, તે દિવસે સૃષ્ટિનો વિકાસ પણ સદાને માટે બંધ થઈ જશે.

પૂર્વે એકવાર વૃત્રાસુર નામના દૈત્યે સૃષ્ટિમાં ઉત્પાત મચાવી મૂક્યો હતો. અસુરનો ઉત્પાત એટલે શું એની કલ્પના આવે છે? ધર્મ નહિ, નિયમ નહિ, કાનૂન નહિ, ઈન્સાફ્ નહિ. એના મનમાં આવે તે એ કરે. સૃષ્ટિ આખી એની દાસી. એ સૃષ્ટિનો સ્વામી. એ ઇચ્છે ત્યાં સુધી અને તેવી રીતે સૌ જીવે. એની આંખ ફરી, એટલે સૌનું મોત. અત્યારે જેને આપણે ઇમ્પિરિઆલિઝમ–શાહીવાદ, નાત્સી-વાદ, ફાસીસ્ટવાદ કે લશ્કરવાદ કહીએ છીએ તે પોતેજ.

આ વૃત્રાસુરના ત્રાસથી ત્રાસી ઊઠેલી સૃષ્ટિ "આનો નાશ કરો" એમ કહેતી કહેતી દેવોને શરણે ગઈ. આજની ભાષામાં કહીએ તો એ અસુરની 'બૂટની એડી' નીચે છુંદાયલી જગતપ્રજાઓ એના વિનાશની યોજનાઓ વિચારવા લાગી.

દેવતાઓનો અગ્રણી ઇન્દ્ર, સૃષ્ટિનો આક્રંદ સાંભળીને સજ્જ થયો. દેવોનું સૈન્ય તેની સાથે ચાલ્યું. વૃત્રાસુરને આ વાતની ખબર પડી એટલે તે ઇન્દ્રને યુદ્ધ આપવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામો ચાલીને ગયો. અત્યારની પરિભાષામાં બોલીએ તો સંરક્ષણાત્મક–ડિફેન્સિવ–યુદ્ધને બદલે તેણે–ઓફેન્સિવ–આક્રમણ કર્યું.

ભયાનક યુદ્ધ થયું. શોણિતની સરિતાઓ રેલાઈ. હાડ-માંસના ઘાટ બંધાયા. સાગર ખળભળ્યો. ડુંગરો ડોલ્યા. આકાશ, રોષ અને આક્રન્દની ચીસોથી ગુંજી ઊઠ્યું.

પણ આ શું? વૃત્રાસુર મરાતો કેમ નથી? એની છાતી સામે તાકીતાકીને કરવામાં આવેલી બાણવર્ષા, ખડકની છાતી સામે અથડાઈ અથડાઇને પાછી ફરતી સાગરની તરંગમાળાઓની પેઠે, નિરર્થક કેમ નીવડી રહી છે?

ઇન્દ્ર ઋષિઓને શરણે ગયો. ઋષિઓ એટલે સૃષ્ટિનું મંગલદર્શી મસ્તક. બ્રેઈન–ટ્રસ્ટ.

"આમ કેમ થાય છે, મુનિગણો?" ઇન્દ્રે તેમને પૂછ્યું: "મારાં આયુધો એને સ્પર્શી જ શકતાં નથી."

"તારાં જૂનાં આયુધોથી વૃત્રાસુર નહિ મરે." ઋષિઓએ વિચાર કરીને જવાબ આપ્યો. "એના વધ માટે એક નવું જ શસ્ત્ર જોઇશે."

"એ નવા શસ્ત્રની રચનાનો વિધિ સમજાવો." દેવોના અધિપતિએ વિનંતિ કરી.

"વૃત્રાસુર જેવા મહાબલી પાપાત્માનો સંહાર, પુણ્યની પ્રતિમા જેવા આયુધ વગર નહિ થાય. અહીંથી થોડે દૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક નાની નદી છે. એ નદીને કાંઠે ત્યાગની નિર્મળ પ્રતિમા સમા એક મુનિ વસે છે. દધીચિ એમનું નામ. મનોભાવે પણ એમણે પાપની કામના કદી કરી નથી. એમની પાસે જા. એમનો દેહ, આ અસુરના સંહારાર્થે યાચી લે. એ મુનિના હાડકામાંથી જે આયુધ બનશે, તેની પાસે વૃત્રાસુર એક પળ પણ ટકી નહિ શકે."

"એવી યાચના મારાથી કેમ કરાય?" ઇન્દ્રે ક્ષોભ દર્શાવ્યો. "દધીચિ મારા ઉપર ગુસ્સે તો નહિ થઈ જાય?"

"એ મહાત્મા સૃષ્ટિના કલ્યાણ અર્થે જ જીવે છે અને સૃષ્ટિના કલ્યાણ અર્થે જ મૃત્યુ વાંછે છે. તું સત્વર જા. તારી વાટ જોઇને જ બેઠા હશે...."

ઇન્દ્ર દધીચિના આશ્રમ તરફ દોડ્યો. મુનિને ખોળી કાઢ્યા. પગે પડ્યો. યાચના કરી.

"આ દેહનો આથી વધુ સારો ઉપયોગ જ શો છે?" દધીચિએ કહ્યું. "સૃષ્ટિમાંથી દાનવતાનો, અસુરતાનો, લોપ થતો હોય તો હું એકવાર તો શું દશહજાર વાર મરવાને તૈયાર છું ..."

દધીચિનાં અસ્થિઓમાંથી નિર્માયેલ વજ્રના પહેલા જ પ્રહારથી વૃત્રાસુર ધરણી ઉપર ઢળી પડ્યો....

તેજ સિવાય અન્ધકારને કોણ હણી શકે? અને વિશુદ્ધ પુણ્ય સિવાય પાપનાં બળોને કોણ વિદારી શકે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મૃત્યુનું વરદાન

श्रेयश्च प्रेयश्च मनुष्यमेतः तौ संपरीत्य विविनक्ति धीरः ।

"શ્રેય અને પ્રેય બન્ને મનુષ્ય પાસે આવે છે; ધીર પુરુષ એ બન્નેની પરીક્ષા કરીને જુદાં પાડે છે." –ઉપનિષદ

વિશ્વજિત્ યજ્ઞની પૂર્ણાહુતિને પ્રસંગે પોતાને આંગણે એકઠા મળેલા બ્રાહ્મણોને ઉદ્દાલક મુનિએ ગાયોનું દાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂટથી દેવા માંડ્યું! પણ ગાયો તે કેવી? વસૂકી ગયેલી! અપંગ!

પિતાને હાથે થઈ રહેલ દાનના આ ઉપહાસને દેખીને પુત્ર નચિકેતા વિચારમાં પડ્યો! "શાસ્ત્રમાં તો કહ્યું છે" તેને થયું, "કે જે મનુષ્ય પોતાને નકામી એવી ચીજોનું દાન કરે છે એ મૃત્યુ પછી અસૂર્ય લોકમાં જાય છે!"

ભવિષ્યમાં થનારી આ નિશ્ચિત અસદ્‌ગતિમાંથી પિતાને ઉગારી લેવાની નચિકેતાને એક યુક્તિ સૂઝી!

ગાયોનું દાન કરી રહેલ પિતા પાસે આવી, નમસ્કાર કરી તે બોલ્યો: "આપ આપનું સર્વસ્વ દાનમાં દઈ રહ્યા છો: અને હું પણ આપનો જ છું; તો મને આપ કોને દક્ષિણામાં આપો છો?"

પુત્રના વચનમાં રહેલી ટકોરથી ઉશ્કેરાયલા પિતાએ એકદમ કહ્યું: "તને? તને હું યમને આપું છું! જા ટળ!"

કથા કહે છે કે નચિકેતા પિતાના આ આદેશ અનુ-સાર, એકદમ યમસદન પહોંચ્યો.

પણ યમ તે વખતે પોતાને ઘેર નહોતો.

નચિકેતા તો યમને આંગણે ખાધાપીધા વગર બેસી રહ્યો–ક્યારે યમ આવે, અને ક્યારે હું યમને સમર્પિત થાઉં એવી લગનીથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ કરતાં કરતાં ત્રણ દિવસ થઈ ગયા.

ત્રીજે દિવસે યમ આવી પહોંચ્યો.

પોતાને આંગણે પોતાના દર્શનની ઇચ્છાથી, એક બ્રાહ્મણપુત્ર ત્રણ દિવસ થયાં અન્નજળ વગર બેઠો છે એ સમાચાર સાંભળતાંવેંત તે નચિકેતા પાસે આવ્યો.

"તુ કોણ છો? અને તારે શું જોઇએ છે?"

"હું નચિકેતા!" નચિકેતાએ મૃત્યુના અધિષ્ઠાતાને નમન કરીને કહ્યું: "પિતાએ મને તમને દક્ષિણા લેખે આપ્યો છે. મારો સ્વીકાર કરો!"

આ બાળકની નિર્દોષતા, નિર્ભયતા અને નિશ્ચયાત્મક બુદ્ધિ ઉપર યમ ખુશ ખુશ થઈ ગયો! પિતાના કલ્યાણ-ને ખાતર, હસતે મોંયે મૃત્યુનું વરદાન માગી લે, અને એવા આકરા વરદાનની સિદ્ધિની ત્રણ દિવસ અને ત્રણ રાત અન્નજળ વગર પ્રતીક્ષા કરે એવા પાસે તો મૃત્યુને પણ સોહામણું જ થવું પડે ને!

બાળકના મસ્તક ઉપર હાથ ફેરવીને યમે કહ્યું: "તું બ્રાહ્મણનો બાળક! મારે આંગણે તારે ત્રણ ત્રણ અપવાસ કરવા પડ્યા એ માટે મને ઘણું દુઃખ થાય છે. પણ તેના બદલામાં હું તને ત્રણ વરદાન આપવા માગું છું. તને જોઇએ તે ત્રણ વસ્તુઓ તું મારી કનેથી માગી લે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નચિકેતાની સામે, યમના આ શબ્દો સાંભળતાંની સાથે જ, માગવા લાયક વસ્તુઓની એક આખી સૃષ્ટિ ખડી થઈ હશે! મૃત્યુ એના જીવનધ્યેયની કસોટી કરી રહ્યું હતું!

એ શું માગશે?

એણે ન કોઈ વૈભવો માગ્યા, કે ન કોઈ વિલાસો માગ્યા. ન કોઈ સિદ્ધિઓ માગી, કે ન કોઈ સંપત્તિઓ માગી.

એના મનમાં અત્યારે એક જ મોટું દુઃખ હતું. પિતાના કલ્યાણ માટે પોતે યમની દક્ષિણા બનીને આવ્યો હતો. પણ પિતા એના ઉપર કૈંક નારાજ થયા હતા, એ એના ધ્યાનબહાર ન હતું!

એટલે તેણે માગ્યું: "તમે મારા ઉપર ખરેખર પ્રસન્ન થયા હો, હે ભગવન્, તો મને એવું વરદાન આપો કે જેથી મારા પિતાનો મારા પ્રત્યેનો ક્રોધ ઊતરી જાય.... અને તેમણે જે ઇચ્છાઓથી યજ્ઞયાગ કર્યો હતો તે બધી પૂરી થાય."

"તથાસ્તુ!" યમે આશીર્વાદ ઉચ્ચાર્યો.

"હવે બીજું વરદાન માગ."

નચિકેતાએ ફરી વિચાર કર્યો! પૃથ્વી ઉપર જેને જેને તે ઓળખતો હતો–તેના પિતા સુધ્ધાં–તેમાંના ઘણાખરા સ્વર્ગસુખની કામના કરી રહ્યા હતા! એ સ્વર્ગસુખ કેવું હશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યમને તેણે પૂછ્યું.

"બીજું વરદાન એ કે, ભગવન્, જેને સ્વર્ગલોક કહેવામાં આવે છે તે શું છે અને ત્યાં જનારાઓની કેવી સ્થિતિ થાય છે તે મને જણાવો."

"તથાસ્તુ!" કહીને યમે નચિકેતાને એ બધી સમજણ પાડી.

"હવે ત્રીજો વર માગ!"

આ હવે એને છેલ્લું વરદાન માગવાનું હતું! તેણે ખૂબ વિચાર કરી જોયો!

આખરે તે બોલ્યોઃ "મારા ઉપર પ્રસન્ન થયા હો, ભગવન્, તો મને બ્રહ્મનું જ્ઞાન આપો. મૃત્યુ પછી આત્માની શી સ્થિતિ થાય છે તે મારે જાણવું છે...."

"અરરર! આ શું માગી બેઠો?"

યમે અચરજ દેખાડવા માંડ્યું! "આ બ્રહ્મજ્ઞાન અથવા આત્મવિદ્યા એ કંઈ તારા જેવા બાળક માટે છે? અને એવી હવાઈ વાતોમાં બળ્યું છે પણ શું? લાગે છે કે તને માગતાં જ નથી આવડતું! નહિ તો માગીમાગીને તું આવું માગત? આ જો, ધનધાન્યથી ભરપૂર આખી પૃથ્વી પડી છે; સુવર્ણ છે, રત્નો છે, વસ્ત્રાભૂષણો છે, માનવીનું જીવન આખું સુખમાં વીતે એવી અનેક વસ્તુઓ હું તને આપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકું છું. તેમાંથી જોઇએ તે માગી લે. અને આ આત્મ-વિદ્યાની ઘેલછાને નવ ગજના નમસ્કાર કર!"

"તમે કહી તે બધી વસ્તુઓ અને આ આખી પૃથ્વીનું સામ્રાજ્ય પણ, કદાચ મને મળે તો તેથી હું અમર થઈ જાઉં ખરો?" નચિકેતાએ પૂછ્યું.

"ના, અમર તો નથી થઈ જવાનો. પણ જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી સુખચેનમાં જીવી શકીશ! એ કંઈ ઓછું છે?"

"પણ પછી!"

"પછી તો સૌ સંસારી જીવોની જેવી ગતિ, તેવી તારી ગતિ!"

"પછી?"

"પછી શું? પછી પુનરપિ જનનં પુનરપિ મરણં પુનરપિ જનની જઠરે શયનમ્...."

"પણ પછી?"

"તું તો ગાંડો લાગે છે? માનવી જ્યાં સુધી આત્મ-જ્ઞાન હાંસલ ન કરે, જ્યાં સુધી સત્ય, શિવ અને સુન્દર એવા સચ્ચિદાનંદના સ્વરૂપનો સાક્ષાત્કાર ન કરે, ત્યાં સુધી આ સંસારચક્ર તો ચાલુ જ રહે ને! એને એ કક્ષાએ લઈ જવા માટે તો આ ચક્રનું સર્જન છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્યારે અંતે જેને સમજ્યા વગર આરો નથી, તેને અત્યારથી જ શા માટે ન સમજું ? અને તે પણ આપ જેવા ગુરુ મળ્યા છે ત્યારે ? ના; મને બીજું કશું જ નથી જોઇતું. ત્રીજા વરદાન લેખે મને આપ આ અધ્યાત્મવિદ્યા જ સમજાવો !"

નચિકેતાની વિવેકબુદ્ધિ ઉપર મુગ્ધ થયેલા યમે પછી, કથા કહે છે, એને વિસ્તારપૂર્વક બ્રહ્મદર્શન કરાવ્યું.

પોતાના સુખનો નહિ, પરંતુ બીજાના કલ્યાણનો જે માણસ વિચાર કરે; એ કલ્યાણને અર્થે, મૃત્યુને પણ જે હસતે મ્હોંએ વધાવી લે; અને એમ કરતાં મળેલી કીર્તિનો પણ, જે પોતાના લાભાર્થે ઉપયોગ ન કરે; બલ્કે કીર્તિના મોહથી વિમુખ થઈને, ઉત્તરોત્તર વધુ ને વધુ નિર્મળ, નિર્મોહ, અને નિષ્કામ બનીને, જનગણમંગલનો માર્ગ શોધવાનો જે પ્રયાસ કરે....એ જ સાચો બ્રહ્મજ્ઞાની. એ જ સાચો અધ્યાત્મદર્શી....

મૃત્યુ જેવા ગુરુ અને જીવન જેવો શિષ્ય હોય ત્યારે જ આવું જ્ઞાન શક્ય બને ને !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સુદર્શન અને કૃત્યા

अक्रोधेन जिने क्रोधम् ।

"અક્રોધથી ક્રોધને જીતવો." —ધમ્મપદ

દુર્વાસા મુનિ એટલે આગનો ભડકો. ગુસ્સો તો એમને નાકને ટેરવે જ. શાપ આપવા સદા તૈયાર. એના વાંકમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२१५७६
6-2-7
पुस्तकालय गुरुकुल कांगड़ी
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યો એ મર્યો જ સમજવો. એ ન જુએ સ્ત્રી કે ન જુએ પુરુષ. ન જુએ રાય કે ન જુએ રંક. સૌને એક જ લાકડીએ હાંકે. એમના તપનો પ્રભાવ પણ એવો ! એમનો શાપ મિથ્યા જ ન થાય.

દુષ્યંતના સ્મરણમાં અતિથિધર્મનું, ભાન ભૂલેલી શકુંતલાને એણે જ શાપ ફટકારેલઃ "તું જેનું સ્મરણ કરે છે તે જ તને ભૂલી જશે !" આ શાપને પરિણામે દુષ્યન્ત શકુંતલાને ભૂલી ગયો....અલબત્ત, પાછળથી એ ભૂલવા માટે એને પશ્ચાત્તાપ પણ પારાવાર થયેલ. પશ્ચાત્તાપની આગમાં તવાઈ તવાઇને દુષ્યન્તનો પ્રેમ શુદ્ધ કંચન જેવો બન્યો– એ દુર્વાસાના શાપનું એક આડકતરું શુભ પરિણામ.

પણ આ દુર્વાસાના શાપને પણ એક માનવીએ મિથ્યા કર્યો હતો.

એ માનવીનું નામ હતું અમ્બરીષ.

પ્રભુનો એ પરમ ભક્ત.

પ્રભુની આખી સૃષ્ટિ એને વહાલી. એને કોઈના તરફ પક્ષપાત નહિ, ને કોઈના તરફ દ્વેષ નહિ. સમદૃષ્ટિ ને સર્વ સમાન. નિષ્કામભાવે જીવનયાત્રા કર્યે જાય. નિર્ભયતાથી ધર્મનું આચરણ કરે. ગમે તેવી મોટી લાલચે પણ પાપમાં પગ ન મૂકે. જેને જીવનનો મોહ નથી અને મોતનો ડર નથી, એને પછી ધર્મમાર્ગથી ભ્રષ્ટ પણ કોણ કરી શકે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર દુર્વાસા મુનિ આ અમ્બરીષને ઘેર આવ્યા. એક તો બ્રાહ્મણ અને તેય વળી દુર્વાસા જેવો પ્રખર તપસ્વી–એ અતિથિ બનીને આંગણે આવે ત્યારે અમ્બરીષ જેવો સજ્જન સરભરામાં ઊણપ આવવા દે ખરો ?

અમ્બરીષે તો ઋષિની ખૂબખૂબ આગતાસ્વાગતા કરી. વંદન કર્યું. પગ ધોઈને આસને બેસાડ્યા. ખબરઅંતર પૂછ્યા.

અકસ્માત્ તે દિ' બારસનો દહાડો હતો. અમ્બરીષને ગઈ કાલના એકાદશીના વ્રતનાં પારણાં કરવાં હજુ બાકી હતાં.

"આપની આજ્ઞા હોય તો નાહી આવું ?" તેણે દુર્વાસાને પૂછી જોયું. "પછી સાથે બેસીને પ્રસાદ લઇએ."

ઋષિએ આજ્ઞા આપી. અમ્બરીષ નદીએ સ્નાન કરવા ગયો. સ્નાન કરીને ત્યાં જ, સરિતાના તટ ઉપર જ, પ્રભુ-પૂજાનું નિત્યકર્મ પણ આટોપી લીધું. પછી પ્રભુને ધરાવેલ પ્રસાદ–તુલસીનું પાંદડુંસ્તો–મોંમાં નાખી ઘેર પ્રતીક્ષા કરતા દુર્વાસા પાસે જલદી જલદી જઈ પહોંચવાના ઇરાદાથી પૂજનસામગ્રીને એકઠી કરવા માંડી.

ત્યાં દુર્વાસા મુનિ જે અમ્બરીષને ઘેર બેઠા છે તે ઊંચાનીચા થાય છે. ક્રોધી સ્વભાવના માણસના મનની સ્થિરતા અને સમતોલતા કેટલી ! હજુ ન આવ્યો ? ન્હાવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો છે તેમાં આટલી વાર? નદી કૈં બહુ દૂર નથી! ચાલ હું જ સામો જ જાઉં!

એટલે અમ્બરીષ પૂજાનું વિસર્જન કરી રહ્યો છે, તેટલામાં દુર્વાસા ત્યાં આવી પહોંચે છે. અમ્બરીષના મોંમાં પ્રભુનો પ્રસાદ છે એટલે મોં ચાલ્યા કરે છે. પ્રભુના ચિંતનમાં એ એવો તલ્લીન છે કે દુર્વાસા આવી પહોંચ્યા છે, એ વાતનું એને ભાન જ નથી!

પોતે ઘેરથી પગે ચાલીને ઠેઠ નદીના કાંઠા સુધી આવ્યા છે, તોય અંબરીષ પોતા સામે જોતા પણ નથી અને એનું મોં ચાલ્યા કરે છે એ જોઇને દુર્વાસા ધુવાંપૂવાં થઈ ગયા. એમનું દુર્વાસાપણું સોળે કળાએ પ્રકટી ઊઠ્યું:

"દુષ્ટ, અધમ, પાપાચાર," તે ત્રાડૂકી ઊઠ્યા....

"ઓહો! આપને અહીં સુધી આવવાનો પરિશ્રમ લેવો પડ્યો?" દુર્વાસાના ઓચિંતા આગમનથી લેશ પણ ભડકી ઊઠ્યા વગર, શાંત અને સ્વસ્થ ચિત્તે અંબરીષે એમને કહ્યું. "હું આ ક્ષણે જ નીકળતો હતો!"

"દંભી!" દુર્વાસાની વાણીનો વેગ અને આવેગ બન્ને વધતા જતા હતા. "મને છેતરવા માગે છે? હું અતિથિ-ને ઘેર બેસાડીને અહીં છાનોમાનો ભોજન કરી લે છે?"

અંબરીષ સમજી ગયો. પ્રભુનો પ્રસાદ પોતાના મોંમાં હતો—જેને દુર્વાસા ભોજન માનતા હતા. તેણે મુનિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચી વાત સમજાવવા માંડી, પણ દુર્વાસા જેનું નામ! અંબરીષ જેમ જેમ બરફ થતો જાય, તેમ તેમ એ ધગધગતા લાવારસ બનીને ઊછળ્યા જ કરે!

એ લાવારસે આખરે શાપનું સ્વરૂપ લીધું: "બળીને ભસ્મ થઈ જા!"

વાદળના દેહમાંથી વીજળી પ્રગટે એમ તે જ ક્ષણે, મહાભયંકર અગ્નિની પ્રતિમા શી એક કૃત્યા, જાણે દુર્વાસાના દેહમાંથી જ નીકળી હોય, એમ પ્રગટ થઈ; અને વીજળીને જ વેગે એ અંબરીષ તરફ ધસી.

અંબરીષ શાંત હતો. સ્વસ્થ હતો. પાપભાવના તેના અંતરમાં હતી જ નહિ. ઋષિની પ્રકૃતિને અને ઋષિના દૃષ્ટિબિન્દુને તે સમજી શકતો હતો. આવા સંજોગોમાં દુર્વાસા જેવા આમ જ કરે એમ તે જાણતો હતો. અને સાથે સાથે તે એ પણ જાણતો હતો કે ક્રોધ પાસે દુર્વાસા લાચાર છે—પરવશ છે.

એક અહંભાવ અને બીજો આ ક્રોધ—એ બે વાનાં ન હોત, તો પોતાના પ્રચંડ તપના બળે કરીને મુનિ જગતને કેટલા બધા ઉપયોગી થઈ પડત! કેટલું જગત્કલ્યાણ એમને હાથે સધાત!....

આ શાપને પરિણામે પોતે રાખનો ઢગલો થઈ પડે; અને તે પછી સત્ય હકીકત શી હતી એની દુર્વાસાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણ થતાં, એને પશ્ચાત્તાપ થાય; અને આત્મમંથનને પરિણામે એમનો ક્રોધ સદાને માટે ઓગળી જાય; એવી જ કોઈ યોજના તો વિધિની નહિ હોય!

કૃત્યાને પોતા તરફ ધસી આવતી જોઇને, અમ્બરીષ, આ વિચારે મનમાં ને મનમાં મલકાયો અને મૃત્યુનું સામૈયું કરવા માટે સજ્જ થઇને ઊભો.

પણ જેને રામ રાખે તેને કોણ ચાખે....

અમ્બરીષના દેહ સુધી આવેલી કૃત્યા, એ દેહનો સ્પર્શ કર્યા વગર જ પાછી ફરી!

કહે છે કે સુદર્શન ચક્ર અદશ્ય રહીને આ ભક્ત-રાજની અખંડ રક્ષા કરી રહ્યું હતું. તે ચક્રે આ કૃત્યાને આવતી જોઈ—અને તે તેની પાછળ પડ્યું!

સુદર્શન એટલે સાધુદર્શન. મંગળ અને સર્વભૂત-હિતરત દૃષ્ટિ વડે આખી સૃષ્ટિને જોવી તે. એવી દૃષ્ટિ જેનામાં હોય, તેના આત્મા અને શરીર ફરતું રક્ષણનું એક અદશ્ય ચક્ર આપોઆપ સરજાઈ જાય. આ સિવાય આ સુદર્શન ચક્રનો બીજો શો અર્થ હોઈ શકે? અસ્તુ.

ચક્રની બીકથી પાછી ફરેલી કૃત્યા, પોતાના સરજન-હારની પાસે દોડી.

દુર્વાસાએ એ જોયું. પોતાનો જ શાપ, પોતાના જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રોધની જ્વાળા, પોતાનું ભક્ષણ કરવા માટે પોતા ઉપર ધસી રહી છે, તે જોઇને મુનિ નાઠા. મૂઠીઓ વાળીને નાઠા!

કોઈ મામૂલી માણસ નાસે તેમ.

અમ્બરીષે તો નથી દીઠી કૃત્યા, નથી દીઠું તેની પાછળ પડેલું સુદર્શન. તેણે તો ફક્ત દુર્વાસાનો શાપ જ સાંભળ્યો હતો; અને તે પછી તરત જ, રાખનો ઢગલો થઈ જવા માટે તે તૈયાર ઊભો હતો—હરિનામનું સ્મરણ કરતો કરતો.

તેને બદલે તેણે મુનિને નાસતા જોયા.

તેણે બૂમ મારીઃ "થોભો, મહારાજ,! થોભો મારો અપરાધ હોય તો તેની ક્ષમા આપો!"

પણ મહારાજ શેના થોભે? એમના તપનું સમગ્ર બળ અત્યારે એમનાં પગમાં આવીને વસ્યું હતું. શાપની ધમકીથી જગતમાત્રને ડરાવતા મહામુનિ દુર્વાસા આજે પોતાના જ પ્રાણની રક્ષા અર્થે પોતાના પગનો જ ઉપયોગ કરી રહ્યા હતા. પગનો આ ઉપયોગ એમના માટે નવો હતો. અને આથી જ કદાચ આવો ઉપયોગ કરવામાં મુનિને વધારે રસ આવ્યો હશે.

કથાકાર કહે છે કે દોડતા દોડતા મુનિ બ્રહ્મા પાસે પહોંચ્યા....

"મને બચાવો!" એ પિતામહ પાસે કરગર્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારું એ કામ નહિ....અને મારી એ શક્તિ નહિ! મારું કામ તો સર્જન કરીને આઘે ખસી જવાનું. પછી સૌ પોતપોતાના ભાગ્યનું સર્જન કરે અને ભોગવે. એ ચક્રની આડે મારાથી અવાય નહિ!"

પણ ઋષિને અત્યારે તત્ત્વજ્ઞાન નહોતું સમજવું!

"હું અબઘડી બળી જઇશ, બ્રહ્મન્! આ મારી જ કૃત્યા મને ભરખવા દોડી છે....અને પાછળ સુદર્શન છે."

"શંકર પાસે જાઓ. એ કૈં ઉપાય સુઝાડે તો!"

દુર્વાસા શંકર પાસે દોડ્યા.

"મારું એ કામ નહિ!" પિનાકપાણિએ ટાઢાશથી કહ્યું. "હું તો યુગ પલટાવાનો હોય ને પુરાણી સૃષ્ટિનો સંહાર કરવાનો હોય ત્યારે ખપમાં આવું. તમે વિષ્ણુ કને જાઓ."

દુર્વાસા વિષ્ણુ કને દોડ્યા....

"અરેરે, આટલા માટે તમારે અહીં સુધીનો પ્રવાસ કરવો પડ્યો!" દુર્વાસાની રામકહાણી સાંભળીને વિષ્ણુએ હસતાં હસતાં ટકોર કરી!

"એટલે?" દુર્વાસાએ ખુલાસો પૂછ્યો.

"એટલે એમ મહારાજ, કે સુદર્શન મારા કબજામાં નથી.—અત્યારે. એ તો મેં અમ્બરીષને જ સોંપ્યું છે. એને મારાથી અત્યારે કશી પણ આજ્ઞા ન કરી શકાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્યારે મારે ઉગરવાનો હવે એક પણ ઈલાજ નથી એમ?" મુનિએ વ્યાકુળતાથી પૂછ્યું.

"શા માટે નહિ? તમે અમ્બરીષ પાસે જ જાઓ. એ મહાત્મા તમારું કોઈ વાતે પણ અકલ્યાણ થવા દે એવો નથી."

ઋષિને માટે હવે અમ્બરીષ સિવાય બીજો કોઈ આરો જ ન રહ્યો. તે દોડ્યા. અમ્બરીષ પાસે પહોંચ્યા!

અમ્બરીષ તો હજુ નદીને કાંઠે જ ઊભો છે–દુર્વાસા અચાનક કેમ દોડ્યા અને દોડીને ક્યાં ગયા તેની વિમાસણમાં.

ત્યાં દુર્વાસાએ ગાંડા માણસની માફક દોડતા દોડતા આવીને પોકાર કર્યો:

"તમારે શરણે છું, મારું રક્ષણ કરજો."

અમ્બરીષ દોડીને મુનિને ચરણે પડ્યો. પૂછ્યું: "આ શું, મુનિવર! આપનું રક્ષણ? અને તે મારે કરવાનું હોય! સરિતાનો પ્રવાહ સાગરમાં રેલાવાને બદલે મૂળમાં જ રેલાવા માંડે?"

"જોતો નથી. આ મારી કૃત્યા....અને આ તારું સુદર્શન....મારો જાન લેવા તૈયાર ઊભાં છે તે!"

મુનિએ માથું ઊંચું કરીને અમ્બરીષને આંખો વડે દોરવણી આપવા માંડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જો પેલાં...."

"ક્યાં છે? મહારાજ, હું તો ક્યાંય દેખાતો નથી."

"જો પેલાં...." પણ ખરી રીતે તો દુર્વાસાને પોતાને જ એ હવે દેખાતાં નહોતાં!

કોઈ મહાભયંકર સ્વપ્નમાંથી ઝબકીને જાગી ઊઠ્યા હોય એમ દુર્વાસા ઊભા રહ્યા. શાંત, નિરવ, સ્તબ્ધ, વિચારમગ્ન.

પછી એકાએક કોઈ મહાસમજણની જ્યોત આત્મામાં ઝબકી ગઈ હોય તેમ, અંબરીષના ચરણોમાં એ લોટી પડ્યા.

"આ શું, મહારાજ!" એમને ઉઠાડતાં ઉઠાડતાં અમ્બરીષે કહ્યું: "આપ જેવા તપસ્વી મારા જેવા મામૂલી માણસને નમે એ યોગ્ય છે? આ તો તમે મને પાપમાં નાખો છો!"

"પાપમાં તો હું હતો, અત્યાર સુધી, અમ્બરીષ! હવે એમાંથી બહાર નીકળું છું....તમારે પ્રતાપે!

"તપનું અભિમાન અને ક્રોધ—એ નરકોમાં મારો આત્મા સળગ્યા કરતો હતો....

"આજે મારો ઉદ્ધાર થયો. આજે હું સમજ્યો કે તપ અભિમાનની વૃદ્ધિને માટે નહિ, પણ જગતના કલ્યાણને માટે હોય, ત્યારે જ હિતકારી છે; અને ક્રોધના કરતાં અક્રોધ મોટો છે....શાપની હિંસક કૃત્યા કરતાં પ્રેમનું અહિંસક સુદર્શન વધુ પ્રબળ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મવ્યાધ

विगतमान मदामुदिताशया शरदुपोढ शशांकसमत्विषः।
प्रकृत संव्यवहार विहारिणः विहरन्ति सुखं महाधियः॥

જેમનાં મદ અને માન લુપ્ત થયાં છે, જેમનો આશય-જેમનું ધ્યેય-સર્વમુદિત છે, જેઓ પ્રકૃતવ્યવહારની સાથે તાલ મિલાવીને ચાલે છે, તે મહાબુદ્ધિમાન માણસો આ જગતમાં સુખે વિચરે છે!

—યોગવાસિષ્ઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુળ, જાતિ, સામાજિક કક્ષા, શ્રીમત્તા, વિદ્યા અને તપ ઉપરથી માનવીની મહત્તાનું માપ નીકળતું નથી, એની મહત્તાનો આધાર એની માનવતા ઉપર છે; અને આ માનવતા શબ્દ, ઉચ્ચારવામાં જેટલો સરળ છે એટલો જ સમજવામાં મુશ્કેલ છે; અને સમજ્યા પછી એને જીવનમાં ઉતારનાર તો કો વિરલા જ.

આ વિશ્વની રચના જ એવી છે કે એમાં કોઈ પણ વ્યક્તિ કે અણુ, બીજાથી સંપૂર્ણપણે સ્વતંત્ર નથી. એક જે કરે છે, અને જેવી રીતે કરે છે, તેની અસર ગમે તેટલા સૂક્ષ્મ પ્રમાણમાં પણ સમગ્ર વિશ્વ ઉપર થયા વગર રહેતી નથી. આ હકીકતને નજર સામે રાખવી અને વિશ્વનું અકલ્યાણ ન થાય એવી રીતે વર્તવું—એનું નામ જ માનવતા.

દાનવો, પોતાના સિવાય અન્યનો વિચાર ન કરે. જ્યારે માનવી, સંયોગોએ એને જે સ્થાને મૂક્યો હોય ત્યાં રહ્યો રહ્યો, વિશ્વકલ્યાણના અનંત મહાયજ્ઞમાં પોતાનો ફાળો આપ્યા કરે. એ ફાળો જે માનવી, વધુમાં વધુ સારી રીતે આપે એ બીજા કરતાં શ્રેષ્ઠ.

કૌશિક નામે એક બ્રાહ્મણ હતો. એના તપનો તો પાર જ નહિ. વિદ્યાનો વ્યાસંગ પણ એટલો જ. રોજ એ એક વૃક્ષની છાયામાં આસન લગાવીને વેદશાસ્ત્રોનું અધ્યયન કરે.

એક દિવસે એ પોતાના નિત્યક્રમ પ્રમાણે અધ્યયન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી રહ્યો હતો તે વખતે ઉપરથી કોઈ પક્ષી એના ઉપર ચરક્યું. એક પક્ષીની આટલી ધૃષ્ટતા! બ્રાહ્મણની આંખો લાલ થઈ. પોતાની ઉપર, ઝાડની ડાળીએ બેઠેલ પક્ષી સામે તેણે આ લાલ આંખો વડે જોયું....અને એ જ ક્ષણે તે બગલી–મહાભારત કહે છે કે તે બગલી હતી—બળીને ભસ્મ થઈ ગઈ!

આવડો મોટો ક્રોધ—બ્રાહ્મણથી થતાં તો થઈ ગયો! પણ પાછળથી તેના મનમાં મન્થન જાગ્યું. પક્ષીને કૈં તેના ઉપર રોષ નહોતો! તેણે કૈં જાણીબૂઝીને એના ઉપર ચરક નહોતી કરી! એ તો બિચારું એના પ્રકૃતિધર્મ પ્રમાણે જ ચાલ્યું હતું....પણ તેણે માનવીએ, બ્રાહ્મણે, વિદ્યા અને તપથી વિભૂષિત બ્રાહ્મણે ઊઠીને, ક્રોધના આવેશમાં આવી જઈ કેવડી ઘોર હિંસા આચરી નાખી હતી!....

આ પછી થોડે દિવસે, આ કૌશિકને ભિક્ષા અર્થે એક ગૃહસ્થને ઘેર જવાનો પ્રસંગ આવ્યો. ઘરમાં ગૃહિણી રસોઈના કાર્યમાં પરોવાયેલી હતી. भिक्षां देहि કહીને બ્રાહ્મણ ઊમરાની બહાર ઊભો રહ્યો.

"ઊભા રહેજો, મહારાજ! આપું છું હોં!" કહીને ગૃહિણી હાથ ધોવા ગઈ.

દરમ્યાન તેનો પતિ, દિવસનું કાર્ય આટોપીને બહારથી થાક્યોપાક્યો આવ્યો. પત્નીએ તેને જોયો અને તે, બહાર ઊભેલ પેલા બ્રાહ્મણ અતિથિને ભૂલી ગઈ. પતિને તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથપગ ધોવા માટે જળ, ને બદલવા માટે વસ્ત્રો વગેરે આપ્યાં. જળપાન કરાવ્યું. દિવસના કુશળવર્તમાન પૂછયા.

થોડી વાર પછી, તેને બહાર ઊભેલ પેલો બ્રાહ્મણ સાંભર્યો અને ભિક્ષા લઇને તે બહાર નીકળી.

બ્રાહ્મણ તેને જોઇને ધૂંવાંધૂવાં થવા લાગ્યો....

"મારે આટલી બધી વાર તારે બારણે નાહકનું ઊભા રહેવું પડ્યું!"....

"ક્ષમા કરજો, ભૂદેવ" ગૃહિણીએ સ્વસ્થતાપૂર્વક પોતાનો વાંક કબૂલ્યો.

"અરે આ તે કૈં રીત છે!" ગૃહિણીની સ્વસ્થતાથી ઊલટાનો વધુ ઉશ્કેરાયલો બ્રાહ્મણ ત્રાડુક્યો. "પતિ ઘરમાં આવ્યો તે શું ભાગી જવાનો હતો, જે દ્વારે ઊભેલ મારા જેવા બ્રાહ્મણ અતિથિને આપવા કહેલી ભિક્ષાને પણ તું ભૂલી ગઈ!"

પોતાની આ ત્રાડથી ગભરાવાને બદલે ગૃહિણી રમૂજ પામી રહી હોય એમ બ્રાહ્મણને લાગ્યું. પેલી બગલીના પ્રસંગ પછી માંડ કરીને રોકી રાખેલ ક્રોધ, એના અંતરમાં એકાએક ઊછળી આવ્યો.

એના ચહેરા ઉપર, એના અંતરના તોફાનનું પ્રતિબિંબ પડ્યું.

ગૃહિણીએ આ જોયું. મશ્કરી કરતી હોય તેમ તે બોલીઃ "હું કૈં પેલી બગલી નથી હો, જે તમારા રોષરૂપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગ્નિમાં બળીને ભસ્મ થઈ જઈશ!"

બ્રાહ્મણ તો ઠંડોગાર થઈ ગયો. સાતમા આસમાને ચડેલ એનો મિજાજ, સાતમે પાતાળે આવીને પછડાયો. ભોંઠપના ભારથી એનું તો માથું જ ઊંચું ન થાય. એને પશ્ચાત્તાપ થવા માંડ્યો....પોતાના આત્મા ઉપર આમ ઘડી ઘડી સવાર થઈ બેસતા ક્રોધરૂપી ચાંડાલ માટે! પોતે બ્રાહ્મણ છે, વેદાભ્યાસી છે, તપસ્વી છે, પણ આ સ્ત્રીએ–એક સાધારણ સ્ત્રીએ, એને છક્કડ ખવડાવી!

પણ પેલી બગલીની વાત....એણે શી રીતે જાણી હશે?

ગૃહિણી બ્રાહ્મણના અંતરાત્મામાં મચેલ તોફાનને સમજી ગઈ. એ દુષ્ટ નહોતો, પણ નિર્બળ હતો–પોતાના ક્રોધ પાસે. પોતાની વિદ્યાનું, પોતાના જ્ઞાનનું પોતાની તપશ્ચર્યાનું, એને અભિમાન હતું. સાચા જ્ઞાનની શાંતિ અને સાચી માનવતાની સમજ એનામાં હજુ આવી નહોતી! એને હજુ આથી પણ વધારે આંચકાની (શૉક)ની જરૂર હતી!

તે બોલી: "તમારા મનના બધા જ વિચારોને હું પામી ગઈ છું. તમારે સમાધાન જોઇતું હોય તો જનક વિદેહીની મિથિલાનગરીમાં એક ધર્મવ્યાધ રહે છે તેને શરણે જાઓ!"

ધર્મ અને વ્યાધ! એકબીજાના વિરોધી આ બે શબ્દો! એ ધર્મવ્યાધની કને મારે જવું! મારે? બ્રાહ્મણે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્વાન અને તપસ્વી બ્રાહ્મણે? અને તે પણ શિષ્યભાવે! આ સ્ત્રી ગાંડી તો નથી થઈ ગઈ ને?

બ્રાહ્મણના માથામાં હજારો વીંછીની વેદના વરતાવા લાગી!

પણ એક વાત ચોક્કસ હતી; જંગલમાં થયેલ પેલા પંખીવાળા વૃત્તાંતને આ નારી જાણતી હતી! અને છતાં એનામાં ભય નહોતો! જીવતાં પક્ષીને ભસ્મ કરનાર આંખોના અગ્નિ સામે એ ગૃહિણીએ સુધાઝરતી અને સ્વસ્થ આંખો વડે જોયું હતું, અને એ ચાર આંખોના મિલનમાં કોઇ બે આંખોને ક્ષોભ વર્તાયો હોય, તો તે તેની પોતાની જ આંખોને!

જરૂર એ સ્ત્રીનાં વચનોની પાછળ જીવનની કોઈ અપૂર્વ સિદ્ધિ સમાયલી હોવી જોઇએ.

તો પછી એ સ્ત્રી પણ જેને પોતાનો ગુરુ સમજતી હશે, તે વ્યાધ, ધર્મવ્યાધ, કેવો હશે?

બ્રાહ્મણે મિથિલા જવાનો સંકલ્પ કર્યો.

જનક વિદેહીની મહાનગરીમાં પગ મૂકતાંની સાથે જ બ્રાહ્મણે ધર્મવ્યાધના ઠેકાણાની પૂછપરછ કરી. તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. કોઈ સુપ્રસિદ્ધ વિદ્યાભવન હોય અથવા તો નગરશેઠની હવેલી હોય, તેમ સૌ કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ધર્મવ્યાધની દુકાનના સરનામાથી સંપૂર્ણપણે પરિચિત હતા. સૌ કોઈ એના નામનો ઉચ્ચાર આદરથી કરતા હતા.

લોકોએ બતાવેલ ઠેકાણે કૌશિક આવ્યો ત્યારે એણે શું જોયું ?

એક સાધારણ ખાટકીની દુકાનના થડા ઉપર, હાથમાં માંસ કાપવાનો મોટો ગજવેલનો છરો લઇને ધર્મવ્યાધ બેઠો હતો. બની શકે તેટલી ત્વરાથી એ ઘરાકોને પતવતો જતો હતો !

આ માણસ મને જીવનનો મર્મ સમજાવવાનો હતો ? બ્રાહ્મણના અંતરમાં આ વિચાર ઝબક્યો ન ઝબક્યો ત્યાં જ ધર્મવ્યાધની એના ઉપર દૃષ્ટિ પડી.

"પધારો મહારાજ ! પણે બિરાજો—આપને કૈં વાંધો ન હોય તો ! આપે શા માટે આટલો પરિશ્રમ કર્યો છે તે હું જાણું છું. પણ આજનું આટલું આ કામ આટોપી લઉં ત્યાં સુધી આપને રાહ જોવડાવીશ."

જેમ તેમ નાક દબાવીને બ્રાહ્મણ ખાટકીએ ચીંધેલા આસને બેસી ગયો.

ઢબ ઢબ ઢબ છરો ચાલતો જાય છે, માંસ વેચાતું જાય છે, ઘરાકોની ભીડ ઓછી થતી જાય છે. કોઇ પૂજા-ની સમાપ્તિ પછી કોઈ મહાસાત્ત્વિક બ્રાહ્મણ શાંત ચિત્તે પ્રસાદ વહેંચી રહ્યો હોય એવો ઠાઠ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ચાલો મહારાજ!" કામ પૂરું થતાં વેંત હાથપગ ધોઇને ધર્મવ્યાધે બ્રાહ્મણ પાસે આવીને વિનંતી કરી. "હવે આપણે ઘેર જઇએ."

બ્રાહ્મણ ચાલ્યો—વ્યાધની સાથે. મૂંગો અને મૂઢ જેવો. આ ખાટકી શો ઉપદેશ દેવાનો હતો!

થોડી વારમાં ઘર આવ્યું. ધર્મવ્યાધ પોતાના અતિથિને લઇને અંદર દાખલ થયો. ઘરના ચારેચાર ઓરડાઓ સ્વચ્છતા અને નિર્મળતાના આદર્શ જેવા. છેલ્લા ઓરડામાં વ્યાધનાં વૃદ્ધ માતાપિતા રહેતાં. વ્યાધે સૌથી પહેલાં જઇને એમની ચરણરજ લીધી.

પછી એક બીજા ખંડમાં આવી અંદર પડેલ એક આસન ઉપર બ્રાહ્મણને બેસાડીને તે કહેવા લાગ્યો:

"બોલો ભગવન્! બગલી અને ગૃહિણીવાળા વૃત્તાંતોથી તો હું વાકેફ છું. હવે હું આપનું શું પ્રિય કરું?"

બ્રાહ્મણ તો વ્યાધના પગમાં જ પડી ગયો....તેની વાચા વિદાય થઈ ગઈ હતી. તેની આંખોમાંથી અશ્રુની ધાર વહેતી હતી....

"માનવીનું મૂલ્ય, મહારાજ," જાણે કોઈ સાવ મામૂલી વાત કરી રહ્યો હોય એવે અવાજે ધર્મવ્યાધે શરૂ કર્યું. "તેની વિદ્યામાં નથી અને તેણે પસંદ કરેલ અને સંજોગવશાત તેના માથા ઉપર આવી પડેલ કાર્યમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ નથી. તેનું મૂલ્ય તો છે તેનામાં રહેલી માનવતાના તેણે સાધેલ વિકાસ ઉપર. અવિદ્યાની જડતા કરતાં, વિદ્યાનો, અહંભાવભર્યો અંધકાર કૈં ઓછો નથી. ઇન્દ્રિયો-માં રચ્યોપચ્યો રહેનાર માણસ એક પ્રકારની મૂઢતાનો ભોગ બનેલ છે; જ્યારે ઇન્દ્રિયદમનના અભિમાનમાં ગુલ-તાન થઇને ફરનાર માનવી બીજા પ્રકારની મૂઢતાનો ભોગ બનેલ છે. જીવનનો મર્મ અજ્ઞાનમાં તો નથીજ, પણ કેવળ શુષ્ક જ્ઞાનમાં પણ નથી; અસંયમમાં તો નથી જ; પરંતુ કેવળ શુષ્ક સંયમમાં પણ નથી. અનાદિ એવા આ જગતનો ક્રમ, અનંત કાળ સુધી ચાલ્યા કરવાનો છે. એમાં જે સ્થાને તમે હો, ત્યાં રહ્યા રહ્યા એક તમારાજ વ્યક્તિગત સુખદુઃખનો નહિ, પરંતુ પ્રાણીમાત્રના અને સૃષ્ટિમાત્રના કલ્યાણનો વિચાર કરીને, પ્રાપ્ત કર્તવ્ય અલિપ્તભાવથી કર્યે રાખવું....એ છે જીવનનો મર્મ !

"વ્યક્તિગત તપઃપ્રભાવ, બાળી બાળીને ય તે કોઈ એકાદ નિર્બળ બગલીને બાળી શકે !"

"પરંતુ તપનો, જ્ઞાનનો, વિજ્ઞાનનો અને મોક્ષની કામના સુધ્ધાંનો વિનિયોગ સકલ સમષ્ટિના કલ્યાણ અર્થે જ થવો ઘટે....."

"એ સિવાય બીજા કશાનું મહત્ત્વ જ નથી."

બ્રાહ્મણની આંખો હજુ વહ્યાં જ કરતી હતી....આજે જ એ ખરા બ્રહ્મત્વને પામતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



અધિકાર કોનો ?

आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति ।

"પોતાની જાત પ્રત્યે જે દૃષ્ટિએ જુવે, તે જ દૃષ્ટિએ ભૂતમાત્ર પ્રત્યે જે જુવે, તે જ જુવે છે." —ગીતા

ક્રૌંચપક્ષીનું જોડું એક ઝાડની ડાળ ઉપર બેઠું બેઠું કિલ્લોલ કરી રહ્યું હતું. સંહાર એ જ જેનું જીવન છે એવા એક પારધિએ, એમાંના એકને બાણથી વીંધી નાખ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના સહચરના વધથી વ્યાકુલ બનેલ કૌંચીએ આક્રન્દ કરી કરીને આકાશને ગજવી મૂક્યું. દૂર ઊભેલ વાલ્મીકિ મુનિએ આ આખું યે દશ્ય જોયું. કૌંચીના દુ:ખવિલાપથી એમનું હૃદય વીંધાઇ ગયું; અને એક શ્લોકમાં એમણે પોતાનો એ શોક ઠાલવ્યો. એ શ્લોકનો ભાવાર્થ આ પ્રમાણે છે: "કિલ્લોલ કરતાં પક્ષીયુગલમાંથી એકને તેં વીંધી નાખ્યું; આ પાપને માટે, હે પારધિ, અનંત કાલ સુધી તારી અપ્રતિષ્ઠા થજો."

આવી જ કથા–પણ સહેજ જુદી જાતની–ભગવાન બુદ્ધની કુમારાવસ્થા વખતની છે.

સિદ્ધાર્થ એકવાર પોતાના ઉદ્યાનના સૌન્દર્યનું નિરીક્ષણ કરી રહ્યા હતા. પક્ષીઓના કલશોરથી અને પુષ્પોના રમણીય નૃત્યથી વાતાવરણ સંગીતમય બની ગયું હતું. ઉદ્યાન બહારની આખી સૃષ્ટિ પણ આવી જ સંગીતપૂર્ણ, આવી જ સુન્દર. આવી જ મનોહર હશે? નાનપણથી જ જગતની ચિન્તા કરવા ટેવાયલ તેમનું મન આ પ્રશ્ન ઉપર વારંવાર વિચાર કરી રહ્યું હતું.

એવામાં એકાએક એક પક્ષી, આકાશમાંથી કોઈ તારો ખરે એમ, ઊડતાં ઊડતાં ખરી પડીને, પૃથ્વી ઉપર, પોતે ઊભા હતા તે સ્થળે પટકાયું. એક તીરે, એ પક્ષીની કોમળ કાયાને વીંધી નાખી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધાર્થ નીચે બેસી ગયા. વીંધાયેલ પક્ષીને પોતાના ખોળામાં લીધું. જખ્મ સાફ કર્યો. એના ઉપર ધાબાજરિયું દાબ્યું. આસનાવાસના કરી.

એવામાં સિદ્ધાર્થનો પિતરાઈ દેવદત્ત, દોડતો દોડતો ત્યાં આવી પહોંચ્યો.

"એ પક્ષી મને આપી દે, સિદ્ધાર્થ. એના ઉપર મારો હક્ક છે; કારણ કે એને મારા તીરે વીંધ્યું છે."

સિદ્ધાર્થ તો જોઇ જ રહ્યા. હક્ક ? આ વીંધાયલા પક્ષી ઉપર, વીંધનારનો હક્ક ? પ્રાણ લેનારની કોશિશ કરનારનો, પ્રાણીના ઉપર હક્ક ? આ તે શું સાંભળી રહ્યા હતા ? તેમના માટે આ શબ્દો જ જાણે નવા હતા.

"બોલતો કેમ નથી ?" દેવદત્ત ત્રાડુકી ઊઠ્યો "મારા શિકારને તું પચાવી પાડીશ એ નહિ ચાલે. લાવ મારું પક્ષી."

ટળવળતા પક્ષીને તેણે સિદ્ધાર્થના હાથમાંથી ઝૂંટવવા માંડ્યું.

આર્જવ અને આશંકાથી ભરપૂર નેત્રોએ પક્ષી સિદ્ધાર્થની સામે જોઈ રહ્યું હતું.

ભાઇનો હાથ હળવેકથી છોડાવીને સિદ્ધાર્થે કહ્યું: "આ પક્ષી તારું શી રીતે થઈ શકે, દેવદત્ત ? તેં તો આનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણ હરવાનો નિશ્ચય કર્યો હતો! મેં એને ઉગાર્યું છેઃ એટલે એ તો મારું કહેવાય."

બે ભાઇઓ વચ્ચેનો ઝગડો, કપિલવસ્તુના મહારાજના દરબારમાં ગયો. એક તરફ પુત્ર, અને બીજી તરફ ભત્રીજો! શું કરવું ને શું ન કરવું, તે રાજાને સૂઝયું નહિ.

ત્યાં તો કહે છે કે, કોઈ એક મહર્ષિ ત્યાંથી જતા હતા, તે રાજદરબારમાં આવી ચડ્યા. રાજાએ આ આખો ખટલો તેમની સામે રજૂ કર્યો. ઋષિએ તરત જ ફેંસલો સંભળાવ્યોઃ

"મારનારના કરતાં જિવાડનારનો અધિકાર વધારે છે. આ પક્ષી સિદ્ધાર્થને મળવું જોઇએ."

તે દિવસે સિદ્ધાર્થના મનમાં આવી આવી કૈંક ઊર્મિઓ ઊઠી હશે!

મૃદુ વિહગ આ મારે હૈયે મમત્વ જગાવતુંઃ
શરથી વીંધીને એના સ્વામી થવા ચાહતા બધા!
અદય કરમાં ના, ના, એને કદી નવ સોંપું હુંઃ
ટળવળતું જો, એ બિચારું, વિલોકી રહ્યું મને!

જગત સઘળું આની પેઠે દિલે જખમી દિસે,
યુગથી રહ્યું એ ઝંખી કોઈ રૂઝાવનહારને!
હૃદય સરસું ચાંપું એને, મુકાવું હું દુઃખથી,
જખમ રૂઝવું, રીઝાવું, ને કરું વશ પ્રેમથી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાભારતમાં શિબિ રાજાની કથા પણ, સહેજ જુદી ભાતની હોવા છતાં, આ જ જાતની છે !

એક ઉદાર, દયામય અને નિજના પ્રાણ આપીને પણ અન્ય સૌની રક્ષા કરનાર રાજવી તરીકે, શિબિની કીર્તિ આખા જગતમાં વ્યાપી ગઈ હતી. કહે છે એની એ કીર્તિને કારણે એના રથને સૌ પહેલાં માર્ગ મળતો.

પોતાના હૃદયને સંમત એવા સત્કાર્યને માટે શિબિ પોતાના સર્વસ્વનું બલિદાન આપવા સદા કેવી રીતે તૈયાર રહેતો, તેની એક કથા નારદજીએ આ પ્રમાણે વર્ણવી છે.

એક વાર અષ્ટક, પ્રતર્દન, વસુમના અને શિબિ એ ચાર ભાઇઓ એક રથમાં બેસીને જતા હતા.

માર્ગમાં દેવર્ષિ નારદ મળ્યા.

ભાઈઓએ કહ્યું: "ભગવાન આપ રથમાં પધારો. આપને જ્યાં જવું હશે ત્યાં મૂકી દઇશું." નારદ રથમાં બેસી ગયા.

થોડી વાર પછી એ ચાર ભાઈઓમાંના એકે નારદને પૂછયું: "અમે ચારે એટલા બધા સારા માણસો છીએ કે, અમે સ્વર્ગમાં જઈશું તે બાબતમાં તો અમને શંકા જ નથી. શંકા માત્ર એટલી છે કે, અમારા ચારમાંથી સૌથી પહેલો એ સ્વર્ગમાંથી ભ્રષ્ટ કોણ થશે ? એટલે કે અમારામાંથી કોનું પુણ્ય બીજા ત્રણેયના કરતાં ઓછું છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારદજીએ જવાબ આપ્યો : "આ અષ્ટકનું. સૌથી પહેલો એ હેઠો પડશે!"

"કારણ?"

"સાંભળો," નારદે કહ્યું. "આ અષ્ટકને ઘેર એક દિવસ હું રહ્યો હતો. ત્યાં એણે મને હજારો ગાયો દેખાડી. મેં એને પૂછ્યું : 'અલ્યા અષ્ટક, આ બધી ગાયો કોની છે?'

'એ તો બધી મેં દાનમાં દઇ દીધી છે!' અષ્ટકે મને જવાબ આપ્યો. "આ પ્રમાણે જે માણસ પોતાના દાનની પોતાને મોઢે જ પ્રશંસા કરતો ફરે, તેનું પુણ્ય કેટલું હોય?"—એમ કહીને નારદજી શાંત થયા.

"ઠીક!" અષ્ટકે માથું નમાવીને મુનિનું આ પ્રમાણ-પત્ર સ્વીકારી લીધું. "પણ પછી જે ત્રણ રહ્યા, તેમાં સૌથી પહેલાં કોણ ભ્રષ્ટ થશે?"

"એ ત્રણમાં પ્રતર્દન!" ઋષિએ જવાબ આપ્યો. "કારણ કે એ દાન તો આપે છે, પણ આપ્યા પછી એ બાબત કચવાયા કરે છે!"

આટલું કહીને નારદે, આ પ્રતર્દનની સાથેનો પોતાનો પ્રસંગ પણ કહી સંભળાવ્યો.

બાકી રહ્યા બે. વસુમન અને શિબિ.

આ બેમાંથી પહેલો કોણ પડશે તેનું કુતૂહલ સૌને થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારદે તરત જ જવાબ આપ્યો, "વસુમન!"

"કારણ?"

"કારણ કે પોતે આપેલ એક દાનના બદલામાં, એ દશ જણને મોંએથી પોતાની સ્તુતિ સાંભળવા માગે છે!"

અને નારદે એની સાથેનો પોતાનો પ્રસંગ પણ કહી બતાવ્યો.

"ત્યારે તો આ રથમાં બેઠેલા અમારા ચારમાંથી આ શિબિ જ સ્વર્ગમાં સૌથી વધુ વખત રહેશે!" ત્રણે ભાઈઓએ પોતે કરેલી તારવણી નારદ પાસે રજૂ કરી.

"તમારા ચારમાંથી જ ફક્ત નહિ," નારદજીએ ભારપૂર્વક જવાબ દીધો; "આ રથમાં બેઠેલા આપણે પાંચેમાં એ સૌથી વધુ પુણ્યશાળી છે. અને તેથી સ્વર્ગમાંથી હું પોતે ભ્રષ્ટ થઈશ, તે પછી પણ, શિબિ તો ત્યાં રહેશે જ."

"એનું કારણ?" મુનિના આ વચનથી વિસ્મિત બનેલ ત્રણે ભાઈઓએ પૂછ્યું.

"સાંભળો! એક વાર આ શિબિને કોઈએક બ્રાહ્મણે કહ્યું: 'હે શિબિ! મારે અન્ન જોઈએ છે!' શિબિએ એને કહ્યું: 'આજ્ઞા આપો.' બ્રાહ્મણે જવાબ આપ્યો: 'આ તારો બૃહદ્ગર્ભ નામનો પુત્ર છે—તેને રાંધીને તૈયાર કર. હું હમણાં જ આવું છું.'

શિબિએ બ્રાહ્મણના કહેવા પ્રમાણે કર્યું. પછી એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના આગમનની વાટ જોવા લાગ્યો. થોડી વાર થઈ અને બ્રાહ્મણ ન આવ્યો, ત્યારે શિબિ તેને શોધવા નીકળ્યો. નગરમાં તે ફરતો હતો ત્યારે કોઇએ તેને કહ્યું કે, પેલો બ્રાહ્મણ તો તમારા ઘરને, ખજાનાને, આયુધભંડારને, રાણીવાસને, અશ્વશાળાને તથા હસ્તીશાળાને બાળી રહ્યો છે! પણ શિબિના મુખ ઉપર આ સમાચારથી કોઈ પણ પ્રકારની વિકૃતિ ન આવી.

ઘેર પાછા ફરીને તેણે પેલા બ્રાહ્મણને ખોળી કાઢ્યો. કહ્યું: 'ભગવન્! ભોજન તૈયાર છે.'

'તું પોતે જ પહેલાં એ જમ!' બ્રાહ્મણે તેને કહ્યું.

'ભલે' કહીને શિબિએ તેમ કરવાની તૈયારી કરી.

તે વખતે પેલા બ્રાહ્મણે તેનો હાથ ઝાલી લીધો. અને કહ્યું: 'તેં ક્રોધને જીત્યો છે. બ્રાહ્મણને ખાતર ન આપવા જેવું કશું જ તારી પાસે નથી.'

પછી શિબિએ ઊંચે જોયું તો તેણે દેવકુમાર જેવા પોતાના દીકરાને સામે ઊભેલો જોયો.

અને બ્રાહ્મણનો વેષ ધારણ કરીને શિબિની કસોટી કરવા આવેલ બ્રહ્મા અંતર્ધાન થઈ ગયા હતા.

આમ નારદજી જેવા દેવર્ષિએ પણ જેને પોતાના કરતાં ઊંચી કોટિનો કહ્યો છે તે શિબિના જીવનનો મર્મ સમજાવતો સૌથી મહત્ત્વનો પ્રસંગ આ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર શિબિરાજ પોતાના સિંહાસન ઉપર બેઠા હતા. ત્યાં એક હોલો આવીને એમના ખોળામાં બેસી ગયો.

કાળની દાઢ જેવો એક બાજ, એ હોલાની પાછળ પડ્યો હતો. એ બાજમાંથી ઊગરવા માટે આ હોલાએ શિબિરાજનો આશ્રય લીધો હતો.

થોડી વાર થઈ ન થઈ ત્યાં, બાજ પણ—બાજની જ ગતિએ તો !—રાજસભામાં ઝંઝાવાત જગાવતો આવી પહોંચ્યો.

પોતાના પંજામાંથી નાસી છૂટેલા શિકારને શિબિ-રાજના ખોળામાં સુરક્ષિત જોઇને એ સ્હેજ પાછો હઠ્યો. પછી થોડીક વાર કૈંક વિચારમાં પડી ગયો હોય એમ એ શાંત રહ્યો.

પછી રાજાને ઉદ્દેશીને એ બોલ્યો: "મેં તારું શું બગાડ્યું છે, હે રાજન્, કે જેથી તું મારા આહારને છીનવી લે છે ?"

"આ જગતમાં કોઈનું કોઈ બગાડી શકતું નથી" શિબિએ ઉત્તર દીધો. "એક પોતાના સિવાય ! તેમ છતાં મેં તો તને પૂર્વે કદી જોયો હોય એવું પણ સ્મરણ નથી. ત્યાં તું મારું શું અહિત કરવાનો હતો ? તારા આહારને હું શા માટે છીનવું ? તું ખરેખર ક્ષુધાતુર હોય, અને ખરેખર તારે જો અત્યારે આહારની જરૂર હોય તો તું કહે તે પ્રકારનું ભોજન તૈયાર કરાવીને હું તારી પાસે હાજર કરું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું કંઈ અહીં તારું આપેલ ભિક્ષાન્ન આરોગવા માટે આછો જ આવ્યો છું !" બાજે રોષભેર કહ્યું: "એ તો આ હોલો–જેની પાછળ હું પડ્યો હતો—નાસતો નાસતો અહીં ઘૂસી આવ્યો અને તારા ખોળામાં ભરાણો, એટલે મારે અહીં આવવું પડયું. કૃપા કરીને એ હોલાને ખોળાની બહાર મૂકી દે."

"એમ ન થઈ શકે. જોતો નથી એ અહીં મારા ખોળામાં પણ કેટલો ફફડી રહ્યો છે તે!" શિબિએ હોલાની વકીલાત કરવા માંડી !

"એ ફફડી રહ્યો છે માટે મારે ભૂખ્યાં રહેવું ?"

"હું ક્યાં એમ કહું છું ?" રાજાએ બાજને નિરુત્તર કરવા માંડ્યો. "તું માગે તેવું ભોજન આપવાની મારી તૈયારી તો મેં તને કહી જ છે."

"હું માગું તેવું ! એ હોલાના જેટલા વજનનું તારા શરીરનું માંસ મને આપે ખરો ?"

"ખુશીથી !"

તરત જ ત્રાજવું હાજર થયું.

એક પલ્લામાં હોલાને મૂકવામાં આવ્યો.

બીજા પલ્લામાં શિબિરાજાએ પોતાના દેહમાંથી માંસ કાપીને મૂક્યું.

પણ આ શું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તે હોલો કે લોખંડનો ગઠો ? એનો ભાર વધતો તો નથી જતો ને ? શિબિરાજા એક પછી એક માંસખંડ એની સામેના પલ્લામાં મૂકતો જ જાય છે. પરંતુ દાંડી સીધી થતી જ નથી.

આખરે શિબિરાજ પોતે જ જઈને હોલાની સામે પલ્લામાં બેસી ગયો....

હોલાની પ્રાણરક્ષાને ખાતર, પોતાનો આખો દેહ તેણે પલ્લામાં મૂકી દીધો હતો....

કથા કહે છે કે, તે વખતે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ અને દિશાઓ જયનાદથી ગૂંજી ઊઠી....

શિબિરાજાએ પોતાના શરીરના તમામ વ્રણોને અદૃશ્ય થયેલ જોયા અને પોતાની સમક્ષ બે દિવ્ય પ્રતિમાઓ ઊભેલી દીઠી.

"હું અગ્નિદેવ છું!" એકે કહ્યું.

"અને હું ઇન્દ્ર છું!" બીજાએ કહ્યું. "અમે બન્ને તારી પરીક્ષા કરવા આવ્યા હતા. જેને તેં બાજરૂપે જોયો હતો તે હું પોતે જ હતો....અને આ અગ્નિદેવ હોલાનું રૂપ ધારણ કરીને આવ્યા હતા...."

શિબિએ નયનો ઢાળી દીધાં, દુઃખ અને નિરાશાથી ! જાણે કેમ, "હજુ પણ મારી પરીક્ષા કરવાની જરૂર પડે છે!" એવો ઠપકો તે એ દેવોને ન આપવા માગતો હોય !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પ્રાર્થના અને પુરુષાર્થ

"તલ ભર સૂંઢ રહી જલ ઉપર તબ હરિ નામ પૂકાર્યો !"

ત્રિકૂટ નામે એક પર્વત છે.

પર્વત કહ્યો એટલે જેમણે પર્વત જોયો ન હોય તેમને, ધરતીની સપાટી ઉપરથી આકાશ ભણી ઊંચો થયેલ પથ્થરોના એક જબરદસ્ત ગંજનો જ વિચાર આવે. બહુ બહુ તો એના ઉપર થોડીઘણી લીલોતરી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ ત્રિકૂટ પર્વત તો એક નાની શી દુનિયા જેવો. હજારો માઈલ લાંબો, સેંકડો માઈલ ઊંડો, અને આકાશ સાથે ગોઠડી કરતો. વાદળાં તો એની કેડ ફરતા કંદોરા જેવાં. નાની નાની નગરીઓ સમી એની ગુફાઓ અને કંદરાઓ, મહાનગરો શાં અરણ્યો, વચ્ચે વચ્ચે સાગર શાં સરોવરો અને સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર ઊતરેલાં ગંગાજીના દર્શને જવા દોડાદોડ કરી રહેલાં ઝરણાંઓનો તો પાર જ નહિ.

આ પર્વતમાં એક ગજરાજ રહેતો હતો. ગજરાજ એટલે હાથીઓનો રાજા; અને સાચે જ આપણા આ ગજરાજમાં રાજવીના બધા ગુણો હતા....અને અવગુણો પણ!

ભાયાતો જેવા અનેક હાથીઓ એની શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે, અને એની રક્ષા કરવા માટે પણ, સર્વદા એની સાથે જ ફરતા. એની સેવા કરવાને સદૈવ તત્પર એવું હાથણીઓનું ઝૂંડ પણ એની પાછળ પાછળ ફર્યા કરતું.

એક દિવસે, અનેક હાથણીઓ અને હાથીઓથી વીંટળાયલો આ ગજરાજ ત્રિકૂટ પર્વતની બરાબર વચ્ચે આવેલ અને અંદર ખીલેલાં હજારો કમલપુષ્પોથી શોભી રહેલ એક સરોવરને કાંઠે પાણી પીવા અને જળવિહાર કરવા માટે ગયો.

એક તો સરોવર પોતે જ સુંદર, અને બીજું કિનારા ફરતી ગોઠવાઈ ગયેલી, અને ઊંચી કરાયલી સૂંઢોમાંથી પાણીના ફુવારા ઉડાડતી, હાથીઓની આ હાર!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથીઓ આજે વસંતઋતુને વર્ષામાં પલટી રહ્યા હતા. ત્યાં એકાએક એક કારમી ચીસથી આખો ત્રિકૂટ પર્વત જાણે કંપી ઊઠ્યો !

જળવિહાર જળવિહારને ઠેકાણે રહ્યો અને સૌ આ ચીસ ક્યાંથી ઊઠે છે, તેની શોધમાં અહીંથી ત્યાં પાગલની પેઠે દોડાદોડ કરવા લાગ્યા.

ફક્ત એક ગજરાજ જ જ્યાં ને ત્યાં ઊભો રહ્યો. તેની સૂંઢ પહેલાંની પેઠે જ ઊંચી હતી, પરંતુ તેમાંથી પાણીનો ફુવારો નહોતો નીકળતો.

તેના પગ ધરતીની સંગાથે જડાઈ ગયા હતા; અને એક નાનકડા ડુંગર જેવડા એના દેહનો એકેએક અણુ, પોતાનામાં હતું તેટલું બધું બળ એકઠું કરીને, ધરતીની અદીઠ પકડમાંથી છટકવાને મથી રહ્યો હતો.

પણ એ પકડ ધરતીની નહોતી. જળવિહાર કરી રહેલ ગજરાજના એક પગને, સરોવરના ઉદરમાંથી આવેલ એક ગ્રાહે, એક મહાભયાનક મગરે પોતાનાં પોલાદી જડબાં વચ્ચે ભીંસ્યો હતો !

હાથીઓ અને હાથણીઓનું આખું ટોળું આ જળચર જમના જડબામાં ફસાયેલ પોતાના નાયકની પાછળ એકઠું થઈ ગયું. પણ આ લડાઈનો પ્રકાર જ એવો હતો કે, જેમાં મિત્રો અને સાથીઓ બૂમો પાડ્યા ઉપરાંત, અથવા કહો કે બિરદાવ્યા ઉપરાંત, બીજું કશું જ ન કરી શકે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રાહની તાકાત પાણીમાં; અને ગજની ધરતી ઉપર. એટલે ગ્રાહ ગજને પાણીમાં ઘસડવા મથે, અને ગજ ગ્રાહને ધરતી ઉપર ઢસડવા ઊંચોનીચો થાય.

પણ યુદ્ધ, પહેલો ઘા કરનાર ગ્રાહની તરફેણમાં હતું! ધીમે ધીમે પાણીના પેટાળમાં રહેતો આ દૈત્ય ગજના પગને વધુ ને વધુ ભીંસતો, ભરડતો, ભરખતો જતો હતો. ગજની શક્તિ ઓછી થતી જતી હતી; અને આ દયાજનક દેખાવને દૂર ઊભા ઊભા લાચારીથી જોઈ રહેલ, હાથીઓની પાર વગરની કિકિયારીઓ, દિશાઓને વધુને વધુ કંપાવ્યે જતી હતી.

પુરાણકારો કહે છે કે આ યુદ્ધ પૂરા એક હજાર વરસ ચાલ્યું! અને પછી છેવટે જ્યારે ગજરાજને પોતાની તાકાત તૂટું તૂટું થતી લાગી, ત્યારે એટલે કે પુરુષાર્થની અવધિ કર્યા પછી, તેણે "નિર્બળકે બળ રામ" ની પ્રાર્થના શરૂ કરી!

પુરુષાર્થીની પ્રાર્થનાને ભગવાન કેમ નકારી શકે? મુક્તિને માટે પોતાથી બનતું બધું કરી છૂટ્યા પછી, ઈશ્વરની સહાયતા માગવાનો પ્રત્યેક જીવનો અધિકાર છે. ગજરાજે એ અધિકાર વાપર્યો હતો. એને સહાયતા કરવાનો ઈશ્વરથી ઈનકાર શી રીતે થઈ શકે?

ત્રિકૂટ પર્વત ઉપર, ગજ અને ગ્રાહ જેને કાંઠે હજાર વરસોથી લડી રહ્યા છે, તે સરોવર પાસે, પ્રભુ એકાએક પ્રગટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયા; સૃષ્ટિનાં મંગલ સત્ત્વોની સદૈવ રક્ષા કરતું એમનું સુદર્શનચક્ર એકાએક ફરવા માંડ્યું; અને, આક્રંદ કરતું ગજયૂથ, વિજયની શ્રદ્ધાથી ઉન્મત્ત બનેલ ગ્રાહ અને મૃત્યુના દર્શને નમ્ર બનેલ ગજરાજ, શું થયું અને શું થાય છે તે સમજી શકે તે પહેલાં જ, ગ્રાહનો દેહ એ ચક્રની ધારથી છેદાઈભેદાઈ નિર્જીવ બનીને ગજરાજના પગ ઉપરથી, તૂટેલી જંજીરોની પેઠે ઊતરી ગયો.

અને બીજી જ પળે વાતાવરણ સ્તુતિમંત્રોના સંગીત-પૂર્ણ ઉચ્ચારોથી અને આકાશમાંથી થતી પુષ્પવૃષ્ટિથી મનોહર બની ગયું.

ગ્રાહના મૃતદેહમાંથી નીકળેલ એક તેજપુરુષ બહાર આવીને ભગવાનની પ્રાર્થના કરી રહ્યો હતો.

કથા આમ છે. હૂહૂ નામે એક ગન્ધર્વ પોતાની કળા-સિદ્ધિને કારણે મદોન્મત્ત બનીને, તપસ્વી પુરુષોનું અપ-માન કરતો કરતો જગતમાં ફરી રહ્યો હતો. એવામાં એક વાર તેને ધૌમ્ય નામના એક મહામુનિનો ભેટો થઈ ગયો. ધૌમ્ય પોતાની ફકીરીની મસ્તીમાં જ મશગૂલ હતા. પણ ગર્વથી ચકચૂર બનેલ ગન્ધર્વને એ મસ્તી શી રીતે સમ-જાય? એણે તો એ મસ્તીને જડતા જ સમજી લીધી, અને એને ઉપહાસ અને અપમાનથી નવાજી. ઋષિએ એને શાપ આપ્યો: "તારો દેહ ગન્ધર્વનો છે;" તેમણે કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તારો આત્મા, એક હિંસક મગરમચ્છ જેવો છે; માટે જા, તું મગરમચ્છ થઈને પડ!"

ગન્ધર્વ ધૌમ્યનાં ચરણોમાં લોટી પડ્યો.

"એક વાર જવા દો, મહારાજ, ફરી આવું નહિ કરું."

"શાપ દીધો તે મિથ્યા થવાનો નથી." ધૌમ્ય બોલ્યા: "કર્મનાં ફળ સૌને ભોગવ્યે જ છૂટકો. પણ આટલો અનુગ્રહ હું તારા ઉપર કરું છું. તું મગરમચ્છ થઇશ, પણ ત્રિકૂટ પર્વત ઉપરના એક સરોવરનો. એક દિવસ તું ત્યાં ભગવાનના પરમભક્ત એવા એક ગજરાજનો પગ પકડીશ. અને પછી, તેની વહારે આવેલ ભગવાનના સુદર્શનચક્રથી મોત પામીને પાછો ગન્ધર્વયોનિને પામીશ."

યુદ્ધ માટે 'ગજગ્રાહ' શબ્દ પડ્યો તે આ ઉપરથી.

કથાનો આ ગજગ્રાહ હજાર વરસ ચાલ્યો હતો, પરંતુ પૃથ્વી ઉપર તો અખંડ ગજગ્રાહો ચાલ્યા જ કરતા હોય છે: તેજ અને અન્ધકાર વચ્ચે, પુણ્ય અને પાપ વચ્ચે, સત્ય અને અસત્ય વચ્ચે, અહિંસા અને હિંસા વચ્ચે, મુક્તિ અને બંધન વચ્ચે, માનવતા અને દાનવતા વચ્ચે.

એ બધા ગજગ્રાહોમાં, ગજો, મંગલ સત્ત્વો, માત્ર પ્રાર્થના કરીને જ બેસી રહે એ ન ચાલે. પ્રાર્થના ફળે છે, પણ તે પુરુષાર્થ હોય તો; અને પુરુષાર્થ ફળે છે, જો માનવીમાં પ્રાર્થનાની વૃત્તિ હોય તો....જો માનવી, કોઈ ઉચ્ચ આદર્શને લક્ષમાં રાખીને ઝૂઝતો હોય તો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુરુક્ષેત્ર કરબલા

યઝીદનાં અધમ આચરણો ઉપર ઇસ્લામી દુનિયા ફિટકાર વરસાવી રહી હતી. હઝરત મહમ્મદ પેગમ્બર સાહેબનું જીવનકાર્ય ધૂળમાં મેળવવાનો દૃઢ નિશ્ચય કરીને જ જાણે એ ખિલાફતના પુણ્યઆસન ઉપર આરૂઢ થયો હતો.

ખલીફ એટલે પૃથ્વી ઉપર ઇસ્લામનો અગ્રણી. જગત આખાના મુસલમાનો એને સત્કારે, સન્માને ને અનુસરે. એ શહેનશાહનો શહેનશાહ અને ફકીરોનો ફકીર.

ઈસુ ખ્રિસ્તને એક વાર એના શિષ્યોએ પૂછેલું: "ભગવન્, અમ સૌમાંથી શ્રેષ્ઠ કોણ?" ઈસુએ જવાબ આપેલો: "તમ સૌમાંથી, માનવજાતિની ખિદમત કરવામાં જે સૌથી પહેલો, તે શ્રેષ્ઠ. જે નીચામાં નીચો છે, તે જ ઊંચામાં ઊંચો છે."

ઉચ્ચતાના આ જ આદર્શનું પાલન ભગવાન શ્રીકૃષ્ણે પણ ક્યાં નહોતું કર્યું?—યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞને ટાંકણે ઇન્દ્રપ્રસ્થને આંગણે એકઠા મળેલ તમામ અતિથિઓની પાદપૂજા કરવાનું પુણ્યકાર્ય પોતા ઉપર લઇને.

ખલીફના આસન માટેની યોગ્યતા પણ, હઝરત મહમ્મદ પેગમ્બર સાહેબે આ જ પ્રકારની ઠરાવી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખલીફને ઘેર જન્મ્યો, એટલાથી જ તે જમાનામાં કોઈ ખલીફ ન બની શકતો. શસ્ત્રાસ્ત્રોના પશુબળમાં જે બીજા બધા કરતાં ચડિયાતો હોય, અથવા ધનસંપત્તિ અને લાગવગનું જોર જેનામાં અન્ય સૌ કરતાં વધુ પ્રમાણમાં હોય, તે ખલીફ ન બની શકતો!

ખલીફપદ માટેની વરણી તો ઇસ્લામીઆલમના બુઝર્ગ મોવડીઓના હાથમાં તે વખતે રહેતી. તેઓ આસપાસ નજર નાખે. ખુદાતાલાનું કામ, અને ઇન્સાનની ખિદમત, સૌથી વધારે કોને હાથે થઈ શકશે તેનો તેઓ વિચાર કરે. અને પછી એ પવિત્ર કામ માટે ખુદાનો જે બન્દો, એમની તટસ્થ અને ધાર્મિક નજરે, વધુમાં વધુ યોગ્ય જણાય, તેને માથે જ તેઓ એ કાંટાળો તાજ મૂકે.

પણ પશુબળના જોરે કે કાવતરાં કરવાની શક્તિને પ્રતાપે મઝહબનાં ફરમાનોને ઉવેખવાનું સાહસ કરનારાઓની કોઈપણ જમાનામાં ક્યાં અછત છે?

યઝીદ, ખલીફ મુહાવિયાનો પુત્ર, પિતાના મૃત્યુ પછી, ખિલાફતનો ધણીરણી થઈ બેઠો!

અને ગાદી ઉપર બેસતાંવેંત તેણે કુરઆને શરીફનાં પાક ફરમાનોનું એક પછી એક ઉલ્લંઘન કરવા માંડ્યું.

હઝરત ઈમામ હુસેન એ હઝરત અલીના પુત્ર. હઝરત મહમ્મદ પેગમ્બર સાહેબનાં પુત્રી, ફાતમા,—જેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇસ્લામ તેઓ દુહિતા તરીકે ઓળખે છે—તે એમની માતા. તેમના સદાચરણની ફોરમથી જગતનો ખૂણેખૂણો મધમધી ઊઠ્યો હતો. ઇસ્લામને પેગમ્બર સાહેબે ચીંધેલ સન્માર્ગે દોરી શકે એટલી યોગ્યતા એ કાળના કોઈ પણ એક પુરુષમાં હોય, તો તે તેમનામાં હતી. અને હાવિયાના મૃત્યુ પછી યઝીદે જો કાવાદાવા કરીને ખલીફ્પદ પચાવી પાડ્યું ન હોત, તો જનતા અને બુઝર્ગો, એમને જ ખલીફ્પદ માટે સર્વાનુમતે ચૂંટી કાઢત.

પણ દુન્યવી કામનાઓથી પર એવા એ ઑલિયા પુરુષને પોતાને તો ખલીફ્પદની જરા પણ નહોતી પડી; એટલે પરાપૂર્વથી ચાલતા આવેલ શિરસ્તાને ઠોકરે મારીને યઝીદે એ પદ પચાવી પાડ્યું તે છતાં પણ એ પોતે તો શાંત જ રહ્યા. એમના મનનો ભાવ તો તે વખતે એક જ હતો: સંભવ છે કે એ પવિત્ર ગાદી પર બેઠા પછી, યઝીદની જિંદગી ખુદાને માર્ગે વળે! સંભવ છે કે ખુદાતાલાએ યઝીદનો ઉદ્ધાર જ એ રીતે નિર્મ્યો હોય!

પણ ગાદીએ બેઠા પછી તો યઝીદે ઉલ્ટાની માઝા મૂકી. ગાદીને માટે પોતે યોગ્ય નથી, તો હવે ગાદીને પોતાના જેવી કરી મૂકવી, એવો દુષ્ટ સંકલ્પ કરીને ઇસ્લામના નામને કલંકિત કરે એવાં કુકૃત્યો તેણે આચરવા માંડ્યાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની ગાદી ઈરાકના પાટનગર ડેમેસ્કસમાં હતી. એટલે પ્રથમ તો એણે ઈરાકીઓ ઉપર દમનના કોરડા વીંઝવા માંડ્યા. ઈરાકીઓ ત્રાસ્યા. પણ એમનામાં સત્તાના આસન પર બેઠેલાની સામે થવાની તાકાત નહોતી. એમણે મદીનામાં કહેણ મોકલાવ્યું. હઝરત ઈમામ હુસેનને એમણે વિનતિ પાઠવી: "ઇસ્લામના પવિત્ર નામને ખાતર તમે અહીં આવો. અમે કંટાળ્યા છીએ, ત્રાસ્યા છીએ. અન્યાય અને અત્યાચાર સામે લડવા તત્પર છીએ. પણ અમારી પાસે કોઈ આગેવાન નથી. તમે અમારા આગેવાન બનો—ખુદાને ખાતર."

હઝરત હુસેનના મિત્રો—સાથીઓ અને સ્વજનો ઈરાકીઓને પૂરી રીતે પિછાણતા હતા. એમણે સલાહ આપી: "જવા જેવું નથી. જે લોકો પોતે કશું કરતા નથી, તેમની સહાયતા કરવા જવામાં શો માલ? છેવટની ઘડીએ એ લોકો દગો નહિ કરે એની શી ખાતરી?"

પણ હઝરત હુસેનનું ભોળું કાળજું અત્યાચારની કથાઓ સાંભળીને કંપી ઊઠેલું. "મુસીબતમાં આવી પડેલ હમદીન ભાઈઓ સહાયતા માગે, ને હું દગાથી ડરીને ના પાડું, એના જેવી કાયરતા બીજી કઈ?" તેમણે સ્વજનોને સમજાવવા માંડ્યા. "હાર અને જીત, જિંદગી અને મોત, એ સૌ ઈશ્વરના હાથની વાત છે. માનવના હાથની વાત છે પુરુષાર્થ. આપણે જવું જ જોઇએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખરે સોએક જેટલા સાથીઓ અને કુટુમ્બીજનો સાથે એમણે ઈરાકની વાટ લીધી.

ઈરાકીઓને એમણે કહેવડાવી દીધુંઃ "તમારા વચન ઉપર ભરોસો રાખીને હું ઊપડું છું."

પણ ઈરાકની સરહદ ઉપર આવતાં જ, એ સમજી ગયા કે પોતાને મદદ માટે બોલાવનારાઓ સાવ પાણીમાં બેસી ગયા છે.

જાણે કશું જ બન્યું નથી અને બનવાનું પણ નથી એવી જડ મનોદશા સેવતા ઈરાકીઓ પોતપોતાનાં મામૂલી જીવનો જીવવામાં મશગૂલ છે....અને એ સૌની મોહનિદ્રા વચ્ચે, એક યઝીદની આસુરી સત્તા જ જીવતીજાગતી કોરડા વીંઝી રહી છે!

સાથીઓએ એમને ફરી સમજાવ્યા: "અમે કહેતા હતા તે જ સાચું પડ્યું છે. હવે તો પાછા વળો!"

પણ ધર્મકાર્ય માટે નીકળેલ તપસ્વી મૃત્યુના ભયથી પાછો કેમ ફરી શકે? ઈરાકીઓ ખૂટલ છે, પણ ભગવાન તો હજાર હાથવાળો બેઠો છે ને?

"તમારામાંથી જેને પાછા ફરવું હોય તેને છૂટ છે!" તેણે પોતાના સાથીઓને કહ્યુંઃ "પાછા ફરનારની કોઈપણ જાતની નામોશી નહિ થાય તેની પણ હું તમને ખાતરી આપું છું. પણ મારે માટે તો હવે એક જ માર્ગ ઉઘાડો હું જોઉં છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અમે તો એ માર્ગે મોત જ જોઈએ છીએ!" સાથીઓએ મીઠો ઠપકો દીધો.

"મોત તો જીવનની સાથે જડાયલું છે!" હઝરત ઇમામે સામો ઠપકો દીધો.

"પણ જ્યાં વિજયની કશી આશા જ નથી ત્યાં જીવનને વેડફી નાખવાનો શો આશય? જીવતા હોઈશું તો ફરી વાર...."

"જીવતા હોઇશું તો ફરીવાર લડીશું એમ મનને મનાવીને પાછા ફરનારાઓ ફરીવાર કદી લડ્યા છે ખરા? એ પ્રલોભન મારે ન જોઇએ. ખુદાહાફિઝ?"

પણ સાથીઓ કૈં એમને છોડે એમ નહોતા.

એટલે એ સંઘ આગળ વધ્યો—યઝીદને ઓછાયે અપવિત્ર બનેલ દેશમાં.

થોડેક દૂર ગયા, ત્યાં સંદેશ મળ્યો કે યઝીદ તરફથી એક જબરદસ્ત લશ્કર, સંઘની દિશામાં કૂચકદમ ધસતું આવે છે?

"જેને પાછા વળવું હોય તે હજુ પણ વળી શકે, હજુ સમય છે." એટલું કહીને હઝરત હુસેને એ જ સ્થળે મુકામ નાખ્યો! પણ સાથીઓમાંથી, પાછા તો કોઈને વળવું જ નહોતું.

પેગમ્બરના ભાણેજની કાયાની આસપાસ જીવતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીવાલો રચીને એમના સો યે સો સાથીઓ પણ ત્યાં જ ગોઠવાઈ ગયા !

એ હતું કરબલાનું મેદાન !

એની પાસે થઈને વહેતી હતી, યુફ્રેટિસ નદી.

અને પછી થોડી જ વારમાં ત્યાં આગળ એક મહા-ભીષણ સંગ્રામ જામી પડ્યો.

આવા સંગ્રામોનાં વર્ણનોમાં નવું શું હોય ? એક તરફ શસ્ત્રાસ્ત્રથી સજ્જ એવી સેના ને બીજી તરફ પ્રમાણમાં નિઃશસ્ત્ર એવા સો મરજીવાઓ !

દુશ્મનોનાં તીરથી વીંધાઈ વીંધાઈને સાથીઓ એક પછી એક વિદાય લેવા માંડ્યા. યઝીદના સૈનિકોએ હઝ-રત સાહેબના મુકામ ફરતી જીવતી દીવાલ ચણી લીધી. મુકામમાં પાણી ખૂટ્યૂં. જીવતા રહેલાઓની જીભ પ્યાસ-થી સુકાવા માંડી !

સાથીઓનાં ઢીમ ઢળી ગયાં. સ્વજનો ગયા. પત્નીએ આખરી વિદાય લઈ લીધી. સુકુમાર પુષ્પ સરખો પુત્ર પાણી વિના તરફડિયાં નાખતો તીરથી વીંધાણો.

પણ હઝરત સાહેબનું ઇમાન અખૂટ હતું. ઈશ્વરના રાહ ન્યારા હોય છે એમ તે જાણતા હતા અને આ કુરબાનીની પાછળ પણ અલ્લાતાલાનો કોઈ ભેદી હેતુ હોવો જોઈએ એવું તેમને યકીન હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કુરબાનીને લાગણીવેડાનાં આંસુઓથી એ કઈ રીતે અભડાવી શકે!

ખુદાનું નામ લઈને એ બહાર પડ્યા. નદી તરફ દોટ મૂકી. પ્રવાહ પાસે જઈ પહોંચ્યા. પાણીની અંજલિ ભરી અને....

સનનન કરતું એક તીર આવીને એમની છાતીમાં પેસી ગયું.

અને....એ અમર થઈ ગયા.

અને અલબત્ત, યઝીદ પણ અમર થઈ ગયો. અસત્યના, અધર્મના, અન્યાયના, અનાચારના શૈતાનિયતના એક પ્રતીક તરીકે!

કરબલા એ કુરુક્ષેત્ર.

યુફ્રેટિસ એટલે જનકલ્યાણની જાહ્નવી.

એ જાહ્નવીને કાંઠે હુસૈનિયત અને યઝીદીયત વચ્ચેના, ઈન્સાનિયત અને શૈતાનિયત વચ્ચેના ગજગ્રાહો નિરંતર ચાલ્યા જ કરે છે!

ક્ષણભર લાગે છે કે ઇન્સાનિયતનો પરાજય થયો છે અને શૈતાનિયત વિજયી બની છે....

પણ માનવીના હૃદયમંદિરમાં તો હઝરત હુસૈનના આદર્શની જ નિત્ય આરાધના છે....

અને એ જ બતાવી આપે છે કે માનવકુળની કુરબાનીની સરિતાઓ નિરર્થક નથી જ જવાની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રખે જોતા, પાછું વળીને!

એ ગામથી તો ઈશ્વર ત્રાસી જ ગયો હતો. જ્યાં જુઓ ત્યાં પાપ, પાપ અને પાપ! કોઈ કોઈ વાર તો એને શંકા પણ આવતી કે એનો સરજનહાર હું હોઈશ કે કોઈ બીજો!

આખરે એણે નિશ્ચય કર્યો—આ પાપના પોટલાને તો હવે પૃથ્વીના પટ ઉપરથી નાબૂદ જ કરવો.

પ્રલયના દૂતને તેણે પોતાની પાસે બોલાવ્યો.

"આદેશ, મહારાજ!" દૂતે હાથ જોડીને હુકમ માગ્યો.

"ધરતીકંપ અને લાવારસ લઇને તું સોડોમ ઉપર તૂટી પડ! એનું નામનિશાન મારે ન જોઇએ!"

મસ્તક નમાવીને દૂત ચાલવા માંડ્યો.

"પણ સબૂર!" કૈંક સાંભળી આવ્યું હોય એમ ભગવાને પ્રલયને થોભાવ્યો. "હું પોતેજ જઉં છું તું મારી પાછળ પાછળ ચાલ્યો આવ. પેલો લૂત છે ને. સૂકા વાંસે ક્યાંક એ લીલો પણ ન બળી જાય!"

લૂત ભગવાનનો પરમ ભક્ત હતો. પાપના ટીંબા સમા સોડોમમાં કોઈ એક માણસ માટે ભગવાનને પ્રીતિ હોય તો તે લૂત માટે.

ભગવાને લૂતને બોલાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારા ઉપર શાને કૃપા કરી, મહારાજ ?" લૂતે પ્રણામ કરીને પૂછ્યું.

"જો....તારા આ સોડોમથી હું હવે કંટાળી ગયો છું. એના પાપનો પાર નથી, એની દુષ્ટતાની દુર્ગંધથી દુનિયા આખી ગંધાઈ ઊઠી છે. એનો મારે નાશ કરવો છે....તું બાઈડીછોકરાંને લઇને બહાર નીકળી જા !"

પણ ગમે તેવી પણ જનમભોમકાની માયા !

લૂતે સોડોમની વકીલાત કરવા માંડી:

"આખા ગામમાં દશ જણ સારા હોય તો...."

અંતર્યામી લૂતના અંતરની મમતા સમજી ગયા. તેમની ધીરજ ખૂટી હતી. લૂતને સંબોધીને તેમણે કહ્યું :

"દશ જણ સારા ! જો દશ જણ પણ તું કહે છે એવા ગોતી આવ, તો ગામ આખાનો ગુનો માફ !"

લૂત દોડ્યો હરખભેર. પણ બાવળના ઝાડમાં કેરીનું ફળ શોધ્યું જડે ખરું ?

જેવો ગયો હતો, તેવો તે પાછો આવ્યો.

આવીને પ્રભુને પગે એ પડી ગયો.

"હું તો જાણતો જ હતો, ભલા આદમી; પણ તને તારી મમતા આડી આવી ! હવે જો ! તારા પુત્રપરિવારને લઈને ઊભાઊભ આ ગામની બહાર નીકળી જા. મને વખત નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લૂત અને એનો પરિવાર ગામ ઉપર એક છેલ્લી નજર ફેંકીને નીકળવા તૈયાર થયો.

"જો જો!" ભગવાને કહ્યું. "તમે નીકળી જશો કે તરત જ આ ગામ ઉપર પ્રલયની આગ વરસવાની છે; પણ તમારે તો ચાલ્યા જવાનું છે. પાછું વાળીને જોવાનું નથી. પાછું વાળીને જોશે એ નાસી છૂટવાનો અવસર ખોશે! જાઓ."

લૂત અને એનું કુટુમ્બ ચાલી નીકળ્યું....

અને સોડોમ ઉપર સંહાર—અગ્નિનો વરસાદ શરૂ થઈ ગયો....

થોડેક છેટે ગયાં ન ગયાં, ત્યાં લૂતની પત્નીને વળી સોડોમ સાંભર્યું: 'ભગવાને તો પાછું વાળીને જોવાની ના પાડી છે, પણ એક વાર જોઉં તો ખરી,' તેને થયું, 'કે પાછળ રહેલાંની શી વલે થાય છે....'

પાપના એ ટીંબા પ્રત્યેની મમતાનો એના અંતરમાંથી સદંતર લોપ નહોતો થયો હજુ!

અને એણે પાછું વાળીને જોયું.

અને કથા કહે છે કે એ જ ક્ષણે એ પથ્થરની પ્રતિમામાં પલટાઈ ગઈ!

પાપની જરા જેટલી યે મમતા માણસને કેટલો જડ બનાવી દે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજદ્રોહનો ધર્મ

हन्यताम् हन्यतामेष: पाप: प्रकृतिदारुण: ।
जीवञ्जगदसा वाशु कुरुते भस्मसाद् ध्रुवम् ॥

"પ્રકૃતિથી ક્રૂર એવા એ પાપાત્માનો નાશ કરો, નાશ કરો; એ જીવતો રહેશે તો થોડી જ વારમાં આખા જગતને બાળીને ભસ્મ કરી નાખશે." **—ભાગવત**

વેન રાજા એટલે પાપનું પૂતળું.

રાજા પ્રજાને માટે નથી; પણ પ્રજા રાજાને માટે છે એમ તે માનતો.

રાજા એટલે ધરતી ઉપરનો જીવતોજાગતો દેહધારી દેવાધિદેવ. એની પૂજા, એની આરાધના અને એની ઉપાસના—એ જ પ્રજાનું પરમ કર્તવ્ય, પરમ ધર્મ !

ધર્મને વશ વરતે, તે રાજા નહિ; પરંતુ રાજા ઇચ્છે તે ધર્મ—એવી વેનની સમજ હતી.

આવા અત્યાચારી રાજાની પ્રજા થોડા જ વખતમાં તોબાહ પોકારી જાય એમાં નવાઈ શી ?

પ્રજાના આગેવાનો વેનને સમજાવવા ગયા.

"તારા હાથે ધર્મનો લોપ થઈ રહ્યો છે, બાપ, એ યોગ્ય નથી. તારા અધર્માચરણથી અત્યારે પ્રજાનું શોષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ રહ્યું છે; પણ જતે દહાડે એને પરિણામે સહન કરવાનું તો તારે જ આવશે. પ્રજા એ જ તારું મોટામાં મોટું ઐશ્વર્ય છે; એનો નાશ કરીને તું ક્યાં સુધી જીવી શકીશ ?"

પણ વેન જેનું નામ ! ઋષિઓની શિખામણ એ માને જ શાનો ?

એણે તો ઋષિઓને જ સામેથી શિખામણ આપવા માંડી: "તમે બાલિશ છો ! અધર્મમાં માનનારા છો; સાચા પતિની ઉપાસના છોડીને 'જાર' પાછળ ઘેલા થનારા છો. અરે તમારાં જ શાસ્ત્રોમાં કહ્યું નથી કે सर्व-देवमयो नृपः ? જાઓ, બેવકૂફ પ્રજાને આ પરમસત્ય સમજાવો ! એમને કહો કે ધર્મ અને ઈશ્વરનાં ધતિંગ છોડીને સૌ મનવચનકર્મથી વેનને જ શરણે જાઓ ! વેનને જ ભજો. વેન સૌની ભક્તિનો આરાધ્ય ભગવાન છે; વેન જ સૌના યજ્ઞબલિનો અધિકારી છે; અને વેન જ સૌની તપશ્ચર્યાનું અંતિમ લક્ષ્ય છે !"

આવા જબરદસ્ત ફૅસિસ્ટને ઠેકાણે લાવવાનો ઈલાજ શો ?

ઋષિઓ–પ્રજાના આગેવાનો–પ્રજા પાસે પાછા ફર્યા....

અને વેનનું જનગણમંગલવિનાશક શાસનચક્ર સહસ્રગણા વેગથી વીંઝાવા માંડ્યું..

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજા જ્યાંલગી ધર્મ–અધર્મનાં ચૂંથણાં કરતી હોય, ત્યાંલગી આપખુદીનું આયુષ્ય કેટલું? પ્રજાના હાથપગની સાથે, પ્રજાની જીભને પણ કાપી નાખવી જોઈએ....જો વેન રાજાઓએ જીવવું હોય અને મોજ માણવી હોય તો!

અત્યારના ઇમ્પિરિયાલિસ્ટો, ફેસિસ્ટો અને નાત્સીઓનો આ વેન જ આદિ પુરુષ! 'જગતની સંપત્તિ માત્ર મારા માટે છે' એવા સર્વભક્ષી અસુર–અભિલાષનો એ પુરાતન પ્રતિનિધિ.

વેનનું રાજ્ય, એટલે વટહુકમોનું, દમનનું, દંડનું, પશુબળનું રાજ્ય.

પણ હિંસાનું વાવેતર કરનારને આખરે તો વાવ્યા કરતાં સોગણી હિંસા જ લણવી પડે છે! દમનની એક ખાસિયત છેઃ લોકોની સહિષ્ણુતા ઉપર, કમાન છટકી જાય ત્યાંસુધી એ ભાર લાદે જ જાય!

આખરે વેનની પ્રજાની ધીરજની કમાન છટકી. એની સહિષ્ણુતાનો અંત આવ્યો. વેનની પ્રસુપ્ત માનવતા કોઈ કાળે પણ જાગી ઊઠશે, એવી પ્રજાહૃદયની ઉદાર આશાનો ઝાંખો દીપક પણ આખરે ઓલવાઈ ગયો. એને નભાવી લેવામાં સૌને આત્માની સંસ્કૃતિનો દ્રોહ લાગ્યો.

અને आत्मार्थे सर्वं त्यजेत् એ સનાતન નિયમને અનુસરીને પ્રજાએ વિપ્લવનો નાદ ગાજતો કર્યો. "પ્રકૃતિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થી ક્રૂર એવા એ પાપાત્માનો નાશ કરો," એ સૂત્ર બંડખોર પ્રજાની જીભ ઉપર રમતું થઇ ગયું.

કથા કહે છે કે, "અચ્યુતની–ભગવાનની–ધર્મની નિન્દાએ કરીને જે મરેલો જ હતો, એવા વેનને ઋષિઓએ 'હુંકાર' માત્રથી મારી નાખ્યો."

અને મૃત વેનના અસ્થિપિંજરમાંથી પૃથુ નામના એક રાજર્ષિનું સર્જન કર્યું....જે પૃથુએ આ ધરતીને, પ્રજાકલ્યાણને નજર સામે રાખીને, બહુ જ રસાળ અને ફળવતી બનાવી....

સંભવ છે કે પોતાની સામેના રોષથી સંગઠિત બનેલી પ્રજાના વિપ્લવનાદથી ગભરાઇ જઇને જ વેને ગાદીત્યાગ કર્યો હોય અને એના ખાલી પડેલા સિંહાસન ઉપર પ્રજાએ એના વંશમાંથી કોઈ બીજાને પસંદ કરીને ગાદીએ બેસાડ્યો હોય....

પણ રાજદ્રોહને એક મહાપાતક તરીકે ગણાવનાર હિંદુ ધર્મશાસ્ત્રોમાં 'રાજદ્રોહ અને રાજહત્યા' સુદ્ધાંની આ પ્રતિષ્ઠા નોંધવા જેવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગર્વ કિયો સોહિ નર હાર્યો !

પિટર ભગવાન જિસસ ક્રાઇસ્ટનો પટ્ટશિષ્ય.

ઈસુએ પોતાના જીવનકાર્યનો આરંભ કર્યો અને સમયના પૂરની સામે તરીને જે મૂઠીભર માનવીઓએ એની દીક્ષા લીધી, તે સૌમાં એ પહેલો.

એનો સૌથી વધુ બળવાન ગુણ શ્રદ્ધા.

બાઈબલ કહે છે કે એક વાર, એ પોતાના જોડીદાર સાથે પોતાનો વ્યવસાય કરી રહ્યો હતો—એનો ધંધો માછીમારનો હતો. તેવામાં ઈસુ ત્યાંથી નીકળ્યા. પિટરને માછલાં પકડવા માટે પોતાની જાળ પાથરતો જોઇને, એ બોલી ઊઠ્યા: "મારી પાછળ આવ, હું તને મોટાં માછલાંઓને પકડવાની કળામાં પાવરધો કરીશ."

આ મોટાં માછલાંઓનો અર્થ, માનવજાતિને રંજાડી રહેલા પેલા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર નામના ષડરિપુઓ થઈ શકે; અથવા તો એમ પણ હોય, કે ભવસાગરમાં ડૂબુંડૂબું થઈ રહેલા માનવીઓના ઉદ્ધાર માટે સત્ય અને અહિંસાની 'જાળ' બિછાવવાનો કીમિયો પણ ઈસુના મનમાં હોય !

જે હોય તે. પણ પિટર તો ઈસુના વચનમાં શ્રદ્ધા રાખીને ચાલી નીકળ્યો, અંધકારમાં જ્યોતિનો માર્ગ શોધવા.

આવા શ્રદ્ધાવાન પિટરની શ્રદ્ધા પણ અણીની વેળાએ કેવી રીતે ડગી ગઈ હતી, તેની એક સુંદર કથા બાઈ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બલે આપેલી છે.

દંભી ધર્માચાર્યો અને લોભી સામ્રાજ્યભક્તોને હાથે ઈસુ ખ્રિસ્ત શૂળીએ ચડ્યો, તેને આગલે દિવસે, સાંજે, એ પોતાના બારે ય શિષ્યોની સાથે ભોજન લઈ રહ્યો હતો.

ઘડી પછી, જે ઐતિહાસિક ઘટના થવાની હતી, તેનો સ્વાભાવિક રીતે જ તે વખતે કોઇને ખ્યાલ નહોતો.

શિષ્યોમાં આ વખતે ચડસાચડસી ચાલતી હતી. ખ્રિસ્ત ઈશ્વરચિન્તનમાં નિમગ્ન થઇને શાંત બેઠા હતા, તે વખતે, બારે ય શિષ્યો ગુસપુસ કરી રહ્યા હતા કે, "ભગવાન જીવનલીલા સંકેલી લેશે, તે પછી એમની 'ગાદી'એ કોણ આવશે?" બીજા શબ્દોમાં કહીએ તો "પોતાનામાંથી પટ્ટશિષ્ય કોણ?" એ સવાલ આ બારે ય જણ, દબાવેલા અવાજે ચર્ચી રહ્યા હતા!

દિનરાત સાથે રહેતા અંતેવાસીઓના સ્વભાવને સંપૂર્ણપણે ન પિછાણી શકે તો એ ગુરુ જ શાના? ઈસુ ખ્રિસ્ત શિષ્યોના અંતરમાં ઘર કરીને બેઠેલી આ અધિકાર–લોલુપતાને કળી ગયા. સહેજ સ્મિત કરીને તેમણે કહ્યું: "જે સૌથી પહેલો છે, એ જ સૌથી છેલ્લો બનશે. જેને માનવકુળના મુગટમણિ બનવાની ઇચ્છા હોય, એણે માનવકુળની ખિદમત કરતાં શીખવું જોઇએ. તમારા સૌમાંથી જેની શ્રદ્ધા અને સેવા, અન્ય કરતાં ચઢિયાતી હોય, તે જ સૌ કરતાં શ્રેષ્ઠ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાને પટ્ટશિષ્ય માનતા પિટરથી ગુરુદેવના આવા પડકારનો ઉત્તર આપ્યા વગર કેમ રહેવાય ?

એ તરત જ બોલી ઊઠ્યો: "ભગવન્, બીજા કોઈ શું કરશે, તે હું જાણતો નથી; પરંતુ હું તો કદી પણ આપનો દ્રોહ ન કરું. મારી શ્રદ્ધા અવિચળ છે. બ્રહ્માંડ ફરી જાય તો પણ હું આપનો અને આપે ઉદ્બોધેલ માર્ગનો ત્યાગ ન કરું."

આ અહંતા ઉપર ભગવાનને હસવું આવ્યું: કસોટી શી ચીજ છે, તેની પિટરને હજુ ખબર નહોતી !

માનવીની નિર્બળતાઓને પણ અનુકંપાની દૃષ્ટિએ દેખનાર જિસસે એને ફક્ત એટલું જ કહ્યું: "કાલ સવારે કૂકડો બોલશે તે પહેલાં ફક્ત એક વાર નહિ, પરંતુ ત્રણ વાર, તું મારો દ્રોહ કરીશ."

આ પછી થોડી જ વારમાં માનવજાતિની તવારીખનું એક અત્યંત લજ્જાભર્યું પ્રકરણ શરૂ થયું.

ખ્રિસ્તના સદ્બોધથી ઉશ્કેરાયેલ યહૂદી ધર્માચાર્યોએ, ખ્રિસ્તના જ એક શિષ્ય જુડાસ ઈસ્કારિયેટની સહાયતાથી, ખ્રિસ્તને રોમન સામ્રાજ્યના શાસકોના હાથમાં ફસાવ્યો. સર્વ કાળના અને સર્વ દેશના સત્તાધારીઓ અને સ્થાપિત હિતોને માટે ઉચ્ચારવામાં સહેલો થઈ પડેલ એક આક્ષેપ એમણે ખ્રિસ્તને માથે મઢી દીધો ! તે આક્ષેપ હતો રાજદ્રોહનો.

જેરૂસેલમના એક ઉપવનમાં ખ્રિસ્ત પ્રભુચિંતન કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યા હતા અને સામ્રાજ્યના સૈનિકોની ધાડ આવી. ભય ભાળીને શિષ્યો વેરવિખેર થઇ ગયા. બે ઘડી પહેલાં જ પોતાની અદમ્ય શ્રદ્ધાની ડિંગ મારનાર પિટર પણ પોતાના પામર પ્રાણને બચાવવા માટે નાઠો.

પણ નાસી ગયા પછી એને જિસસના શબ્દો સાંભર્યા: "પ્રાતઃકાળે કૂકડો બોલશે તે પહેલાં એક વાર નહિ, પણ ત્રણ વાર તું મારો દ્રોહ કરીશ." પોતે દાખવેલી હૃદય-દુર્બળતાને માટે, જીભ કરડીને મરી જવાનું તેને મન થયું.

પણ જેને મરતાં આવડતું હોય એ ભય ભાળીને નાસે જ શું કરવા?

આખરે વેરણછેરણ થઈ ગયેલ હિમ્મતના ટુકડાઓને માંડમાંડ ભેગા કરીને એ, સૈનિકોની જે શિબિરમાં ઈસુ ખ્રિસ્તને લઇ જવામાં આવ્યા હતા ત્યાં પહોંચ્યો!

છાવણીમાં પગ મૂકતાં જ તે સૈનિકોની એક ટુકડીની નજરે પડ્યો. અંતરના ભયને, ઉપરની કૃત્રિમ વીરતાથી ઢાંકી દેવામાં કોઈ કદી સમર્થ બન્યું છે ખરું? સૈનિકોએ પિટરને દેખતાંવેંત પકડ્યો: "અરે આ પણ પેલા ખ્રિસ્તની ટોળકી માંહ્યલો લાગે છે—પકડો આને?"

પ્રાણરક્ષાના વિચારે પિટરને બેબાકળો બનાવી મૂક્યો. એણે અસત્યનો આશરો લીધો. બિલકુલ નિર્લજ્જતાથી તેણે બોલી નાખ્યું: "ઈશ્વરના સોગંદ ખાઇને કહું છું કે, ઈસુને હું ઓળખતો પણ નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિટરને કોઇ કુતૂહલભર્યો વટેમાર્ગુ સમજીને સૈનિકોએ જતો કર્યો !

પિટરને હવે નાસી છૂટવાની તક હતી; પણ વળી પાછું તેના અંતરમાં શ્રદ્ધા અને અશ્રદ્ધા વચ્ચે તુમુલ યુદ્ધ શરૂ થયું. જોખમ નજર આગળથી દૂર થતાં એની શ્રદ્ધાનો દીવો વળી પાછો ઝગમગી ઊઠ્યો. મનને મજબૂત કરીને તે આગળ વધ્યો.

થોડેક છેટે ગયો, ત્યાં વળી એક બીજું સૈનિક–વૃન્દ તાપણીની આસપાસ બેસીને રાતના બનાવોની ચર્ચા કરી રહ્યું હતું. કોઇએ આ અજાણ્યા માનવીને દીઠો. અરસપરસ સંતલસ કરી પાસે બોલાવ્યો. પૂછ્યું: "કેમ, 'લ્યા, તું પણ પેલા સત્‌ના પૂંછડા ભેગો હતો ને !"

પિટરના શરીરનું અણુએ અણુ ધ્રૂજી ઊઠ્યું. "હવે મર્યા !" તેને થયું. "હવે આ લોકો મને પણ ગિરફ્તાર કરશે, અને પછી–પછી મારપીટ....અદાલત....સજા.... અને....શૂળી !

પોતાના હાથે અને પગે ખીલા ઠોકાતા હોય એમ પિટરને લાગ્યું. તેની અશ્રદ્ધાએ તેના કાનમાં ઝેર રેડવા માંડ્યું: "મરીશ તો જીવનો જઈશ અને ગુરુનું કાર્ય પણ રઝળી પડશે. અને જો જીવતો રહીશ તો બીજું કશું નહિ તો છેવટે એનું જીવનકાર્ય તો આગળ ધપાવી શકીશ !"

"ઈશ્વરના સોગંદ ખાઈને કહું છું," પિટરની જીભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

. Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલી ઊઠી કે, "તમે જેની વાત કરી રહ્યા છો તે માનવીને હું પિછાણતો સુધ્ધાં નથી!"

સામ્રાજ્યના સિપાઇઓએ આ માનવમગતરાને 'નિર્દોષ' માનીને જવા દીધો! પિટરને શૂળી ઉપરથી સલામત ઊતર્યાનો સંતોષ થયો....પણ થયો ન થયો ત્યાં તરત જ, એક વાર ફરીથી તેના આત્માને દુઃખના સાગરમાં ડુબાવી દેતા પેલા શબ્દો તેને કાને પડ્યાઃ 'પ્રાતઃકાળનો કૂકડો બોલશે તે પહેલાં તું એક વાર નહિ, પરંતુ ત્રણ વાર મારો દ્રોહ કરીશ.'

અને પૃથ્વીમાતા માર્ગ દે તો તેમાં સમાઈ જવાનું તેને મન થયું.

પણ ક્ષમાના પ્રતીક સમી પૃથ્વી કોને માર્ગ દે છે, કે પિટરને માર્ગ દે?

પિટરને લાગ્યું કે પરીક્ષામાંથી સફળ રીતે બહાર પડવું હોય તો હજુ, પણ એક તક છે!

માટીમાં મળી જવા તૈયાર થયેલ પોતાની શ્રદ્ધાના તોખારને એણે ચાબુક મારીને ફરી સતેજ કર્યો. "અરે ભૂંડા," પોતાના પ્રાણને સંબોધીને તેણે કહ્યુંઃ "મોતની આટલી બીક! જીવનની કમાણીને માથે આમ છેલ્લી પળે પાણી ફેરવવા તૈયાર થઈ ગયો છે!"

એ આગળ વધ્યો.

પણ એનું હૃદય હજી સ્થિર નહોતું. આપણા નિષ્કુળાનંદે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાં નથી ગાયું કે, "ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરો ને કોટિ ઉપાય જી!"

પિટરને જીવનનો વૈરાગ્ય હજી સિદ્ધ થયો નહોતો. એની નિર્બળતા જડમૂળથી નાબૂદ થઇ નહોતી. એની શ્રદ્ધાનું પ્રેરક બળ આત્માની શક્તિમાં નહોતું, પ્રતિષ્ઠાના વિચારમાં હતું !

એટલે એનું શરીર જેમ જેમ એકએક ડગલું આગળ વધતું જતું હતું, તેમ તેમ એનો આત્મા એક એક ડગલું પાછળ હઠતો જતો.

ત્યાં સૈનિકોની એક ત્રીજી ટોળી એને નજરે ચડી....

અને એકાએક એની કલ્પનાનાં નયનો સામે શૂળીનું દૃશ્ય ખડું થઇ ગયું. સૈનિકો એને બાંધી મેદાનમાં ઊભો કરી વધસ્થંભની પાસે ઘસડતા હતા. એના હાથ અને પગને મોતના એ થાંભલા સાથે ખીલા મારી મારીને જડી દેવા માટે તૈયાર એવા જલ્લાદો, નજીક ઘસડાતા પશુની ડોક ઉપર ફેરવવાની છરીને તૈયાર રાખીને કસાઈ ઊભો હોય તેમ, ઊભા હતા. અને થોડે જ છેટે તાજો જ ખોદાયેલો એક ઊંડો ખાડો.

"હા....જોઈ. એ જ તારી કબર!" એની અશ્રદ્ધા એને ઠપકો આપતી હોય એમ બોલી ઊઠી. "લેતો જા હવે ! માટી માટીમાં મળી જશે; અને શરીરના અણુ યે અણુમાં અગન સિંચાતો હોય એટલી વ્યથા થશે.... તે નફામાં !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને, "ક્યા તું પણ પેલા દેવના દીકરાનો કોઈ કુટુમ્બી લાગે છે!" એવી મશ્કરીના શબ્દો એક સૈનિકના મ્હોંમાંથી સર્યા ન સર્યા ત્યાં "ના ના, હું એને નથી ઓળખતો, ખોટું બોલતો હોઉં તો મને ઈશ્વર પૂછે!" એમ કહેતો'કને એ પિટર, પ્રભુનો પટ્ટશિષ્ય, સંત પિટર, સ્વર્ગની સુવર્ણ-ચાવીઓનો રક્ષક પિટર, રોમના પવિત્ર પોપની ગાદી જેના સ્મરણાર્થે સ્થપાઈ છે એ પિટર, મૂઠીઓ વાળીને નાઠો....

અને તે જ પળે, નજીકના કોઈ કૂકડે નવપ્રભાતનું કૂકડેકૂક પોકાર્યું....

કથા કહે છે કે પિટર તે પછી, દૂર દૂર સુદૂર એકાંતમાં જઈને પોકેપોક મૂકીને રોયો....

....તેના આત્મામાં શ્રદ્ધા ઉપર અશ્રદ્ધાએ, અભય ઉપર ભયે, સત્ય ઉપર અસત્યે, અહિંસા ઉપર હિંસાની શક્તિએ ખરો વિજય મેળવ્યો હતો, એમ તેને ત્યારે લાગ્યું....પણ

અબ કહા ભયો પછતાય કે
જબ ચિડિયાં ચુગ ગઈ ખેત!

અહંતા, પોતાની સજ્જનતા અને શ્રદ્ધાની અહંતા પણ, માનવીને માટે પાપમય છે; બ્રહ્મસમર્પણ નમ્રતા—એ જ શ્રદ્ધાદીપને સદા જળહળતો રાખવાનો એક માત્ર માર્ગ છે.

આપણા ભક્તે ક્યાં નથી ગાયું કે—

ગર્વ કિયો સોઈ નર હાર્યો, સિયારામજીસે
ગર્વ કિયો સોઇ નર હાર્યો.!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીકૃષ્ણ અને કાળયવન

કાળયવન શો ધીંગો ત્રાડે,
ભારતને ભાગોળે કાળ;
દ્રૌપદી–ક્રંદનથી અહીં ડોલે,
સાગરપાળ અને ગિરિમાળ !

કાળયવનના ત્રાસથી એ વખતે, આર્યાવર્તની પ્રજા ત્રાહિ ત્રાહિ પુકારી રહી હતી.

કાળયવન ? કાળ એટલે વિનાશકાળનો વરસાદ વરસાવતા વરસાવતા હિંદની ધરતી ઉપર ધસી આવતો કોઈ યવન એટલે પરદેશી આક્રમણકારોને માટે આ આલંકારિક નામ યોજવામાં આવ્યું હશે ?

જે હો તે. કથા કહે છે કે ભગવાન શ્રીકૃષ્ણે કાલયવનના ધસારાને રોકવાના પ્રયત્નો સત્તર વખત કરેલા; અને સત્તરે સત્તર વખત તેમને પરાજિત થઈને પીછેહઠ કરવી પડી !

અને અંતે ઉત્તરમાં આવેલી મથુરાનગરીનો ત્યાગ કરીને એમને પોતાનું થાણું સૌરાષ્ટ્રના પશ્ચિમસાગરકિનારા ઉપર દ્વારામતીમાં સ્થાપવું પડ્યું તે પણ આ કાળયવનને પ્રતાપે જ.

પણ એથી તો ફક્ત યાદવકુલને રક્ષણ મળ્યું એટલું જ; ફરી ફરીને ચડી આવતા કાળયવનનો ત્રાસ તો ચાલુ જ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્યાવર્ત તે વખતે અનેક નાનાંનાનાં રાજ્યોમાં વિભક્ત હતું. સૌને પોતપોતાની અંગત પ્રતિષ્ઠાની અને પોતપોતાની સરહદોની પડી હતી; અને એ સૌને એકચક્રે લાવીને સમગ્ર દેશનું રક્ષણ કરી શકે એવા હસ્તિનાપુરની, ભીષ્માદિના અનુભવે અને દ્રોણાદિના શસ્ત્રબળે સમૃદ્ધ રાજસભા, તે વખતે રજસ્વલા દ્રૌપદીનાં ચીર ખેંચવામાં તલ્લીન હતી........

આ વિષમ સમસ્યાના ઉકેલ માટે આર્યાવર્તના લોકનાયક સમા શ્રીકૃષ્ણે તે વખતે એક દીર્ઘદષ્ટિભરી યુક્તિ યોજી.

તેમણે મુચકુંદને સંભાર્યો.

કથા કહે છે કે હજારો વરસો પહેલાં, સત્યયુગમાં એ રાજર્ષિ પોઢી ગયો હતો. જીવન દરમ્યાન પ્રજાકલ્યાણ માટે કરેલ ભગીરથ પ્રયત્નોના કારણે એને થાક ચડ્યો હતો.

એટલે એણે–મુચકુંદે–તપ કર્યું.

તપને પરિણામે, ચતુર્મુખ બ્રહ્મા પ્રત્યક્ષ થયા.

"માગ માગ," બ્રહ્માએ એને સમાધિમાંથી જગાડતાં કહ્યું, "હું તારા ઉપર પ્રસન્ન થયો છું."

"મારા ઉપર ખરેખર પ્રસન્ન થયા હો, દેવ" મુચકુંદે માગણી કરી, "તો મને અનંત નિદ્રાનું વરદાન આપો!"

"તથાસ્તુ!" ભોળા બ્રહ્મા બોલી ઊઠ્યા, "બીજું કૈં?"

"બીજું કૈં નહિ, પ્રભુ" જીવન અને જાગૃતિથી કંટાળેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુચકુંદે એમને ફરી આજીજી કરીઃ "પણ એટલું આ વરદાન સાથે હું અવશ્ય માગું છું કે અનંત નિદ્રામાં સૂઈ ગયેલ એવા મને જગાડવાનો જે કોઈ પ્રયત્ન કરે તે બળીને ભસ્મ થઈ જાય—તેના ઉપર મારી દષ્ટિ પડે કે તરત જ!"

"તથાસ્તુ" અને બ્રહ્મા અદશ્ય થઈ ગયા.

અને મુચકુંદ—ત્યાંને ત્યાં—જે ગુફામાં પોતે તપશ્ચર્યા કરતો હતો ત્યાં જ, અનંત નિદ્રાને આધીન થઈ ગયો.

કાલયવનના વિનાશનો ઉપાય વરસોથી વિચારી રહેલ ભગવાન શ્રીકૃષ્ણને, બ્રહ્માના વરદાનને પ્રતાપે જમાનાઓથી પોઢી રહેલ આ મુચકુંદ સાંભર્યો....અને એમની આંખોમાં એક નવું તેજ આવ્યું.

કાળયવનના વિનાશનો માર્ગ તેમને જડી ગયો હતો.

તેમણે વાટ જોવા માંડી—સત્તર વખતના વિજયે મત્ત બનેલ કાળયવન પોતાના સંહારના સાજ સાથે આર્યાવર્ત ઉપર અઢારમી વખત ત્રાટકે તે સમયની.

કાળયવનને તો આર્યાવર્તની લક્ષ્મી દાઢે વળગી ગઈ હતી. એક કૃષ્ણ સિવાય બીજો કોઈ તેની સામે લઢવાનો દેખાવ પણ કરે એમ નહોતો—એમ તે જાણતો હતો અને કૃષ્ણને તો તેણે સત્તર વખત હરાવ્યો હતો. એટલે સત્તરમી લૂંટનો માલ ખતમ થયો કે તરત જ, એણે આર્યાવર્તના માર્ગે આક્રમણ—કૂચ શરૂ કરી દીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આ વખતે તો, એ કાળિયાને પણ છટકી જવા દેવો નથી." તેણે સંકલ્પ કર્યો. "એક એનું કાસળ કાઢી નાખું તો પછી આર્યાવર્ત હમેશને માટે મારું. નામનો પણ કોઈ વિરોધી ન રહે."

કાળયવનની સવારીના સમાચાર શ્રીકૃષ્ણને મળ્યા કે તરત જ તેમણે પોતાની હમેશની રીત પ્રમાણે તેના માર્ગને આંતર્યો.

ભયાનક યુદ્ધ થયું.

પણ આ વખતે તો શ્રીકૃષ્ણને પીછેહઠ જ કરવી હતી, કાળયવનને, આર્યાવર્તના ઊંડાણમાં એને માટે વાટ જોઇને પોઢી રહેલ એના મૃત્યુ ભણી, ખેંચી જવા!

એટલે એ નાઠા.

અને એમના નાશની પ્રતિજ્ઞા લઈને આવેલ કાળ-યવન એમની પાછળ પડ્યો.

આગળ શ્રીકૃષ્ણ અને પાછળ કાળયવન! જાય છે દોડતા! પર્વતો ચડતા–ઊતરતા, સરિતાઓ તરતા અને જંગલોને કાપતા....

શિકારને પકડવાના ઝનૂનમાં કાળયવનને ભાન પણ નથી રહ્યું કે પોતાના અસલ વતનથી ખૂબ જ દૂર દૂર ધકેલાઈ રહ્યો છે.

એમ કરતાં કરતાં એક ગુફા આવી અને શ્રીકૃષ્ણ એમાં ઘૂસ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંદર મુચકુંદ બ્રહ્માનું વરદાન નિરાંતે માણી રહ્યો હતો.

શ્રીકૃષ્ણે એની બિડાયેલી અને નિદ્રિત આંખો સામે જોયું. પરદેશી આક્રમણકારોને ભસ્મીભૂત કરવા માટેનો દાવાનળ ત્યાં યુગોથી સંઘરાયેલો, પણ પ્રસુપ્ત પડ્યો હતો!

પોતાની પીળી પામરી–કે જે વડે તે પીતામ્બર તરીકે પણ પ્રસિદ્ધ હતા–ઉતારીને તેમણે મુચકુન્દના દેહ ઉપર ઓઢાડી દીધી.

અને પછી એક ખૂણામાં સંતાઇને, શું થાય છે, તે જોવા ઊભા રહ્યા.

પણ બે પળ વીતી ન વીતી, ત્યાં તો હિંસાના રોષથી સળગતો કાળયવન ગુફામાં દાખલ થયો; અને બરાબર વચ્ચોવચ્ચ પીતવસ્ત્ર ઓઢીને પોઢેલી એક વ્યક્તિને તેણે દીઠી.

"ઊઠ એ ધૂર્ત" તે ત્રાડૂક્યો. "મોટી થા! અહીં સૂઈ રહેવાનો ઢોંગ કરે છે માટે હું તને મૂકી દઈશ કાં?"

તેણે પીતવસ્ત્રથી ઢંકાયલા દેહને, શ્રીકૃષ્ણ સમજીને, ગુસ્સાથી ઢંઢોળ્યો.

મુચકંદની નિદ્રા ઊડી ગઈ....

યુગોની આળસ મરડીને તે બેઠો થયો.

જેના ઉપર ઘેનના ડુંગરાઓ ચણાઈ ચૂકેલા હતા એવી પાંપણોને તેણે ધીમે ધીમે મહામુસીબતે ઊંચી કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કૃષ્ણને બદલે આ વળી કિયો અડબંગ નીકળી પડ્યો એવો પ્રશ્ન પણ ઉદ્ભવી શકે તે પહેલાં જ, કાળયવન, રાખનો ઢગલો થઈને ધરણી ઉપર ઢળી પડ્યો!

આ મુચકુંદ તે આર્યાવર્તની જનતા કાં ન હોય? યુગોથી તે પોઢી ગઈ હતી. તેની નિદ્રાનો લાભ લઇને જ પરદેશી આક્રમણકારો તેની ધરતીનો રસકસ વારંવાર લૂંટી જતા.

લોકશક્તિથી વિખૂટા પડેલ, રાજકર્તાઓને પોતપોતાના સંકુચિત સીમાડાઓની તકરારો આડે એનો સંયુક્ત સામનો કરવાનો વિચાર પણ નહોતો સૂઝયો.

અને સૂઝયો હોત તો પણ, પ્રજાના પીઠબળ વગર તેઓ તેમ કરી શકત કે કેમ એ શંકાસ્પદ હતું!

આ પરિસ્થિતિ પામી જઇને પીતાંબરે એને જગાડ્યો. એના ઉપર પોતાની પામરી ઓઢાડીને એમણે એની સાથે તાદાત્મ્ય સાધ્યું.

એ ઊઠ્યો.

આર્યાવર્તનો વિરાટ જાગ્યો.

અને એની સાથે કાળયવનનું મૃત્યુ પણ જાગી ઊઠ્યું!

એ મુચકુંદ આજે ફરીથી પોઢી ગયો છે.

એને કિયો કૃષ્ણ ઢંઢોળીને જગાડશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાડા ત્રણ વજ્રો

प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ।
—गीता

ઇન્દ્રરાજાનો દરબાર આજે નૃત્ય અને સંગીતને હિલોળે ચડ્યો હતો.

રંભા ઉર્વશી અને મેનકાના દેહલાલિત્યને વિસરાવે એવી એક અપ્સરા, દેવોના અધિરાજ સમક્ષ આજે પોતાની કળાનું પ્રદર્શન કરી રહી હતી.

પવનની લહેરોથી તરુવરોની ડાળીઓ ડોલી રહે એમ હાજર રહેલાઓનાં માથાં ડોલી રહ્યાં હતાં.

સૌનો આત્મા આજે કાન અને આંખોમાં આવી વસ્યો હતો.

આમાં અપવાદ હતો માત્ર એક ઋષિનો.

ડોલતાં વનોની વચ્ચે કોઈ નાનકડો ગિરિરાજ અડોલ રહે, એમ આ ઋષિનું મસ્તક અડોલ હતું. અને એમનાં લોચનો પણ બંધ જ હતાં. જાણે કેમ રમણે ચડેલ અપ્સરાના રૂપરાશિ કરતાં સહસ્ર ગણા સુન્દર એવા અંતર્યામી બ્રહ્મના સૌન્દર્યનું દર્શન કરવામાં જ એ તલ્લીન ન હોય!

ભર્યા દરબારની વચ્ચે આ એક વ્યક્તિની ઉપેક્ષા અપ્સરાના હૃદયમાં શૂળ બનીને ભોંકાયા કરતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનની અને સાધનાની કૃતાર્થતા અનુભવી રહી છું એ જ દિવસે, આ કલાજડ માનવીને વિધાતાએ અહીં પાઠવીને મારા ઉપર કયા ભવનું વેર વાળ્યું હશે—તેના મનમાં વારંવાર થયા કરતું હતું. અને માંડ કરીને તે પોતાની એકાગ્રતાને સાચવી રાખતી હતી.

પણ ઉપેક્ષાની વેદનાનું શૂળ આખરે અસહ્ય બન્યું. અપ્સરાની કલાસમાધિ તૂટી. એકાએક ધરતીકંપ થાય, અને કોઈ મનોહર દૃશ્ય એક પળમાં જ ભયંકરતામાં ફેરવાઈ જાય, તેમ નાચતી અને ગાતી અપ્સરાને સ્થાને, દેવોએ અને દેવાધિરાજે મહાક્રોધની જ્વાળાઓમાં લપેટાયેલી એક પામર સ્ત્રીને દીઠી....

એના મુખમાંથી સૌના આશ્ચર્ય વચ્ચે શબ્દો સરતા હતા: 'પેલા સંગીતજડ જોગટાને અહીંથી ખસેડો ! એ અહીં બેસવાનો અધિકારી નથી.'

આવનારા કોઈ અજ્ઞાત ભયની કલ્પનાથી સભાનાં હૃદયો કંપી ઊઠ્યાં....નૃત્યોન્મત્ત અપ્સરાએ ભાન ભૂલીને આજે એક મહામુનિનું અપમાન કર્યું હતું ! શું થશે ?

મુનિ ક્રોધમાં આવીને, પોતાની માનીતી અપ્સરાને કોઈ મહાશાપ આપી બેસશે એ બીકે, એમને રીઝવવા માટે કૈંક બોલવાની દેવાધિરાજ તૈયારી કરી રહ્યો હતો.... ત્યાં, "અશ્વની પેઠે હણહણી રહેલી એવી તું અશ્વ બનીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવનિમાં પડ. અપ્સરાની કાયામાં પણ તારો આત્મા તો અશ્વનો જ છે !" એવા શાપનું વજ્ર મુનિજનના મુખમાંથી બહાર પડી ગયું !

અને અપ્સરા લોચો બનીને, મુનિના ચરણમાં ઢળી પડી.

"મને ક્ષમા કરો, ઋષિરાજ; ક્રોધે અને અભિમાને મને ભુલાવી !"

પણ મુનિ વિધાતાના જેટલા જ કઠોર હતા.

"અશક્ય !" એમણે નિર્વિકારભાવે કહ્યું.

દેવાધિરાજ આગળ આવ્યો, મુનિના ચરણ ગ્રહીને એણે અપ્સરાની વકીલાત કરવા માંડી: "એક કીડી ઉપર કટક ?"

"કર્મનું ફળ સૌએ ભોગવ્યે જ છૂટકો, સુરપતિ ! મારો શાપ મિથ્યા થાય જ નહિ."

"પણ કંઈક કરો....એના પશ્ચાત્તાપ સામું જુઓ, ભગવન્ !"

ઋષિએ પશ્ચાત્તાપ સામું જોયું : કંઈક કરવા જેવો આ 'કેઇસ' તેમને લાગ્યો.

બોલ્યા : "એ ઘોડી તરીકે પૃથ્વી ઉપર જન્મશે એ વાત નિશ્ચિત. પરંતુ પ્રત્યેક રાત્રિએ, એ પાછી અપ્સરા બનશે." તેમણે સજાને હળવી બનાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ નિવારણ?" દેવરાજે પલળતા મુનિ ઉપર છાપો માર્યો.

"નિવારણ? સાડાત્રણ વજ્રો જ્યારે ભેગાં થશે—ત્યારે શાપમાંથી મુક્ત થઇને એ ફરી અપ્સરાદેહે સ્વર્ગ ઉપર આવશે."

* * *

ડાંગવ રાજા શિકારે નીકળ્યો છે. સાથે સૈનિકો છે. છે તો એ એક નાનો રાજા, પણ એક સત્યનિષ્ઠ અને વીર માનવી તરીકે એની કીર્તિ જગતને ચારે ખૂણે પ્રસરેલી છે.

મહારાજને મેર બેસવાનું ટાણું થવા આવ્યું છે. ઘડી અધઘડીમાં ધરતી ઉપર કુદરતનો અંધારપછેડો ઊતરશે. પણ શિકાર આજે મરણિયો બન્યો છે. હાથમાં આવતો જ નથી.

આગળ હરણ અને પાછળ ઘોડાની પીઠ ઉપર સવાર થયેલ ડાંગવ. જાય છે દોડ્યા. સૈનિકો સૌ પાછળ રહી ગયા છે.

એવામાં ડાંગવના ઘોડાની કાયા સોંસરવી એક ભેદી ઝણઝણાટી નીકળી ગઈ છે.

અને ઘોડો, એકાએક, હરણનો સગડ છોડીને એક બીજી દિશામાં પૂરપાટ દોડવા લાગ્યો.

ઘોડાને હરણની દિશામાં જ રાખવામાં લાચાર બનેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાંગવે નવી દિશામાં નજર રાખી. દૂર દૂર એક ઘોડીને હરણના કરતાં પણ વધુ વેગથી દોડતી તેણે દીઠી.

कामातुराणां न भयं न लज्जा । ગણગણતાં ગણગણતાં ડાંગવે ઘોડાની લગામને ઢીલી મૂકી દીધી.

* * *

સૂર્ય આથમતો હતો અને પૃથ્વી ઉપર અંધારાનાં પડ પથરાઈ રહ્યાં હતાં. ડાંગવે એક કૌતક દીઠું.

પેલી ઘોડી એકાએક અદશ્ય થઈ ગઈ; અને એને સ્થાને રૂપરૂપના અંબાર જેવી એક તરુણી કોઈ તરુવરની શાખાઓમાં છુપાવા માટે થડ ઉપર ચડવાનો પ્રયત્ન કરી રહી હતી.

એક પળ, બે પળ, ત્રણ પળ અને ડાંગવ ત્યાં આગળ આવી ચડ્યો.

"કોણ છે તું? કોઈ ચુડેલ તો નથી! અબઘડી હજુ ઘોડીની કાયામાં હતી અને જોતજોતામાં........"

"તમારી આંખનો ભ્રમ હશે," તરુણી કરગરી. "હું એક દુખિયારી સ્ત્રી છું. મને અહીં પડી રહેવા દો."

"મારા રાજમાં કોઈ દુઃખી હોય તો એને આશ્રય આપવાનો મારો ધર્મ છે; અને તેમાં ય વળી તું સ્ત્રીજાતિ. આવા અઘોર વનમાં તારાથી એકલું શેં રહેવાય! ચાલ મારી સાથે—નગરમાં. તારું દુઃખ હું ફેડીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તરુણી તો જાણતી જ હતી કે એનું દુઃખ જગતના કોઈ પણ માનવી કે મુગટધારીથી ફેડાય એવું નહોતું. તે ફરી કરગરીઃ

"મને અભાગણીને અહીં પડી રહેવા દ્યો રાજવી! મારું દુઃખ ફેડે એવું કોઈ માનવી આ પૃથ્વી ઉપર...."

"તો તો હું જરૂર તને મારી સાથે લઈ જઈશ."

તરુણીને લાગ્યું કે પોતાની પૂર્વકથા કહ્યા વગર હવે છૂટકો જ નથી. તેણે ડાંગવને ઇન્દ્રના દરબારમાં બનેલી આખી ઘટના કહી સંભળાવી.

"હવે તો તમારી ખાતરી થઇને મહારાજ, કે નથી હું ચુડેલ કે નથી મારે એવું કોઈ દુઃખ કે જે તમે ફેડી શકો."

"છતાં તું મારી સાથે આવીને રહે એમાં તને શો વાંધો છે?"

"એક શરતે આવું."

"બધી જ શરતો કબૂલ."

"એક તો મારો ભેદ કોઈને કહેવો નહિ....."

"મંજૂર!"

"અને બીજું....મને કોઈ બીજાને સોંપવી નહિ."

"પ્રાણ જાય તો પણ નહિ."

* * *

દેવાધિરાજ ઇન્દ્રની ઉદાસીનતા વધતી જ જાય છે. એના દિવસો માંડમાંડ વીતે છે તો રાતો વીતતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને રાતો વીતે છે તો દિવસો વરસો જેવડા થઈ પડે છે. પેલી અપ્સરાની માયા તેને સદાકાળ સંતાપ્યા જ કરે છે.

એક દિવસે નારદમુનિ સ્વર્ગમાં પધાર્યા. સુરપતિનો સુકાઈ ગયેલો ચહેરો તેમણે જોયો.

એકાંતમાં લઈ જઇને દેવર્ષિએ પૂછ્યુંઃ "શું છે?"

"કશું જ નહિ, પ્રભો!"

"મારાથી યે વાત છુપાવીશ?"

ઇન્દ્રે વાત કહી.

"પણ" નારદે પૂછ્યું. "શાપ હોય ત્યાં નિવારણ અવશ્ય હોવું જોઈએ."

"તે છે–પણ ન હોવા જેવું!" ઇન્દ્રે જવાબ આપ્યો.

"કહે તો ખરો!"

ઇન્દ્રે નિવારણ સમજાવ્યું. નારદે મનમાં ને મનમાં કૈં વિચાર કરી લીધો.

પછી ઇન્દ્રને આશ્વાસન આપીને બ્રહ્માંડના પર્યટણે ઊપડી ગયા.

* * *

દ્વારિકાની આસપાસ સુદર્શનચક્રની ચોકી. કોઈ ત્રાહિત માણસ, યદુપતિની રજા વગર, નગરમાં પ્રવેશ જ ન કરી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ નારદને સુદર્શનનો અંતરાય નહોતો. મુખ્ય દ્વાર પાસે આવીને દેવર્ષિ ઊભા, એટલે સુદર્શને પોતે જ આવી ચરણરજ લઈને દ્વાર ઉઘાડી આપ્યું.

નારદ સીધા પહોંચ્યા શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નને મંદિરે. પ્રદ્યુમ્ન એકલો જ હતો. એણે મુનિનું સ્વાગત કર્યું.

પણ આમ કેમ ?

મુનિ કશું જ બોલતા નથી. એમના મુખ ઉપર આખા બ્રહ્માંડનો શોક આજે કેમ પથરાઈ ગયો છે ?

"છો તો મજામાં ને ?" પ્રદ્યુમ્ને મુનિની વાત જાણવા માટે પ્રયત્ન કરવા માંડ્યો.

આકાશના હૃદયમાં પૃથ્વી જેવડું ધારું પડી જાય એવડો એક મહાનિઃશ્વાસ નાખીને મુનિ નિઃશબ્દ જ બેસી રહ્યા.

"પણ છે શું ?"

"પૂછતો મા....મને બહુ જ દુઃખ લાગે છે." મુનિએ વાતને વળ ચઢાવવા માંડ્યો.

"ન કહો તો મારા ગળાના સમ."

"અ ર ર ર ! આ શું કરી બેઠો ! હવે મારે કહ્યા વગર છૂટકો જ નહિ થાય !"

"કહેવું જ પડશે."

"પણ કહેવાથી કશો જ લાભ થવાનો નથી....એવી ખાતરી હોવા છતાં...."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ મને શી રીતે ખાતરી થાય....જાણ્યા વગર ?"

"તો સાંભળ! આર્યાવર્તમાં જેનું નામ સૌથી વધુ આદર પામે છે એવા શ્રીકૃષ્ણનો તું પુત્ર....અને તારે ત્યાં એક સારી ઘોડી પણ નથી!" નારદે પાસો નાખ્યો.

"કેમ નથી, ચાલો તમને મારી ઘોડાર બતાવું."

"તે શું હું તારી ઘોડાર જોયા વિના જ વાત કરતો હોઈશ! એ ઘોડારમાં જે પ્રાણીઓ છે તેને ઘોડા કહેવાય...."

"પણ તો પછી તમે કહો ત્યાંથી મંગાવીએ! ઓહોહો! એમાં તે શું મોટી વાત છે!"

"આર્યાવર્તમાં અત્યારે ઘોડી છે....એક જ ઠેકાણે; તે તારી પાસે હોવી જોઈએ."

"તો તે ઠેકાણું કહો, એટલે આપણે મંગાવી લઈએ."

"તું મંગાવીશ એટલે જેની પાસે છે તે મોકલી આપશે એમ?"

"ન કેમ આપે, ચક્રપાણિના પુત્ર માટે આર્યાવર્તમાં પણ કશું દુર્લભ છે? અને તે પણ એક ઘોડી?"

"તું જગતને ઓળખતો નથી."

"એ બધી વાત જવા દો, મહારાજ; અને મુદ્દા ઉપર આવો. ઘોડી ક્યાં છે તે જણાવો અને પછી બે–ચાર દહાડા આંટો મારીને આ તરફ આવો અને મારી ઘોડાર જુઓ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાંગવનું નામ આપીને મુનિ ચાલતા થયા.

*　　*　　*

બીજે દિવસે સવારે જમવાનો વખત થયો છતાં પ્રદ્યુમ્ન પોતાના આસન ઉપરથી ઊઠ્યો નહિ. એક પછી એક અનેક દૂતો તેને બોલાવવા માટે આવી ગયા. પણ પ્રદ્યુમ્નને તો ઘોડીની રઢ લાગી હતી.

આખરે બળભદ્ર પોતે જ કુંવરને મનાવવા આવ્યા.

"શું છે, ભાઈ!"

"મારે અનશન કરીને મરી જવું છે."

"પણ છે શું?"

"વચન આપો તો કહું."

"આપ્યું."

પ્રદ્યુમ્ને ડાંગવની ઘોડીની વાત કરી. ભોળા બળભદ્રને નવાઈ લાગી કે આવી નજીવી માગણીને માટે કુંવર આટલી હદે જવાને તૈયાર થયો.

એમણે ઊભાઊભ કાસદને મોકલ્યો, ડાંગવના દરબારમાં. "તમારી ઘોડારમાં એક નવી ઘોડી છે એનાં વખાણ સાંભળીને અમારા કુમાર પ્રદ્યુમ્ન અસ્વસ્થ થઈ ગયા છે. મહેરબાની કરીને એ ઘોડી અહીં મોકલજો. અને એના બદલામાં"....વગેરે વગેરે.

બળભદ્રને તો આખી વાત મશ્કરી જેવી લાગતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ બળભદ્રની આંખ તરત જ ઊઘડી ગઈ. ઘોડી લઈ આવવા માટે મોકલેલ દૂત સંદેશો લાવ્યો કે, "મારું માથું માગશો તો તે મળશે; પણ ઘોડી તો હું નહિ જ આપી શકું !"

બળભદ્રના ક્રોધનો પાર ન રહ્યોઃ ચાર–પાંચ ગામડીનો એક નાનો રાજા અને એની આટલી બધી હુજ્જત !

એણે તરત જ જાસાચિઠ્ઠી પાઠવી–ડાંગવને.

"સાબદા રહેજો, અમે આવીએ છીએ. તમારું માથું અને ઘોડી બન્ને લઈશું."

ડાંગવને પોતાના માથાની ચિંતા નહોતી, પરંતુ ઘોડીને તેણે અભયદાન આપ્યું છે ! એને પરહાથમાં ન પડવા દેવા માટે એણે પોતાથી બનતું બધું જ કરવું જોઈએ.

પણ છપ્પનકોટિ યાદવોની સેના સામે એના પચ્ચીશ-પચ્ચાસ સિપાહીઓ શું ટકવાના હતા !

તેને હસ્તિનાપુરનું સામ્રાજ્ય સાંભર્યું. યાદવો સામે તેની રક્ષા કરી શકે તેવી બે જ મહાસત્તાઓને તેણે તે વેળાએ આર્યાવર્તમાં દીઠી. એક, હસ્તિનાપુરની; બીજી ઇન્દ્રપ્રસ્થની.

તે દુર્યોધનને શરણે ગયો.

"ઘેલો લાગે છે," તેની બધી વાત સાંભળીને કુરુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજે ફેંસલો સુણાવ્યો. "એક ઘોડીને ખાતર અમારે લાખોનો સંહાર કરાવવો! ભલો થઇને ઘોડી દઈ દે, મારા ભાઈ!"

ડાંગવ પાંડવોને શરણે ગયો. પણ શ્રીકૃષ્ણની સામે સંહારસત્ર માંડવા અને તે પણ એક ઘેલા માણસની ઘોડીને ખાતર–કોણ તૈયાર થવાનું હતું!

આખરે ડાંગવ થાક્યો. પોતાના જગતની ત્રણ મોટી સત્તાઓ વચ્ચે તે રહેંસાઈ જતો હતો. ઘોડી તેની હતી. તેને બીજા કોઇને સોંપવાનો ઇનકાર કરવાનો તેને અધિકાર હતો. યાદવોની માગણી બેહૂદી અને અન્યાયી હતી. તેનો પક્ષ ધર્મપક્ષ હતો. પણ એ બધા સિદ્ધાન્તોની ચર્ચાથી લાભ શો? એ સિદ્ધાન્તોને અમલી બનાવવા માટે જોઈતી તાકાત તેની પાસે ક્યાં હતી?

એટલે જમનાના કાંઠે ચેહ ખડકીને ઘોડીસમેત બળી મરવા સિવાય બીજો કોઈ માર્ગ તેને દેખાયો નહિ.

તેણે આસપાસથી લાકડાં વીણી વીણીને ચિતા તૈયાર કરી.

અને પછી વીરાસન મારીને એના ઉપર ચડી બેઠો. પાસે જ ઘોડી હતી.

એવામાં અર્જુનનો પુત્ર અભિમન્યુ એ માર્ગે થઇને જતો હશે તેની નજર આ વિચિત્ર દૃશ્ય ઉપર પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ નજીક આવ્યો. પૂછવા માંડ્યું: "ધર્મરાજની ધરતી ઉપર...."

"મરવા દેને, મારા ભાઈ" ડાંગવે એને અધવચ્ચેથી જ આંતર્યો. "ધર્મરાજ ધરતી ઉપર છે જ નહિ!"

"એટલે એક તો તારે મરવું છે અને બીજું મરતાં મરતાં અમારા ઉપર આળ ચડાવવું છે, એમ?"

"તું કોણ?"

"હું અભિમન્યુ."

ડાંગવે અથથી ઇતિ સુધીનો આખો ઇતિહાસ એને સંભળાવ્યો. "હવે બોલ, મરવા સિવાય બીજો કોઈ માર્ગ છે, મારે માટે?"

"છે!" અભિમન્યુએ કહ્યું: "તું મારી સાથે ચાલ."

"તારી સાથે! જેને જગતની બે મોટી સત્તાઓએ ન સંઘર્યો, તેને...."

"તું તારે ચાલ ને!"

* * *

બીજે દિવસે અભિમન્યુ અનશનવ્રત લઇને જ બેસી ગયો.

"મારે જમવું નથી કાકા," પોતાને તેડવા આવેલા નકુલને તેણે કહ્યું: "તમારે મન જીવન એટલે વેશભૂષાનો એક મહોત્સવ છે; પણ મારે મન...."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ છે શું?" નકુલે આવેશમાં આવીને પૂછ્યું: "શું હું મારો ક્ષત્રિયધર્મ નથી બજાવતો?"

"બજાવતા હોત તો પેલા ડાંગવના ન્યાયપક્ષને છેહ ન દેત!"

"કયો? પેલો ઘોડીવાળો!" નકુલે જવાબ દીધો. "એમાં મારો વાંક નથી. એનો પક્ષ સાચો છે એમ હું માનું છું. પણ...."

"તો પછી એને શરણે રાખવા તમે ખુશી છો?"

"જરૂર."

"તો અહીં બેસો. બાકીનાને આપણે જોઈ લઈશું."

અહીં ભોજનનો સમય વીતતો જતો હતો અને તેડવા ગયેલ નકુલ પણ ત્યાં જ રહ્યો, એટલે યુધિષ્ઠિરે સહદેવને મોકલ્યો.

"તમે તમારે જમો અને જીવો અને જોષ જોયા કરો." અભિમન્યુએ દાઢમાંથી કહ્યું: "મારે જમવું યે નથી ને જીવવું યે નથી."

"પણ કારણ?"

અભિમન્યુએ ડાંગવની વાત કરી.

"ડાંગવને સહાયતા કરવા માટે યાદવોની સામે મેદાને પડવાની આનાકાની મેં તો કદી કરી જ નથી.... આ તો તારા બાપને અને શ્રીકૃષ્ણને...."

"તો તમે અહીં મારી સાથે રહેવા ખુશી છો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અલબત્ત."

થોડી વાર થઇને ભીમ આવ્યો....ક્ષુધાનો ત્રાસ એ વૃકોદરને માટે અસહ્ય બન્યો હતો.

"કેમ બધા અહીં ભરાઈ બેઠા છો?" તેણે ગર્જના કરી. "લાગે છે કે તમારે જમવું યે નથી અને કોઇને જમવા દેવા યે નથી!"

"જમ્યા વગર તમારે કેં ચાલે? કાકા," અભિમન્યુએ મેણાં મારવા માંડ્યાં. "તમારે તો જીવન એટલે જમણ."

"કેમ કેં વાંકું બોલે છે?"

અભિમન્યુએ ડાંગવ સામે આંગળી ચીંધી. ભીમ સમજી ગયો.

આખરે અર્જુન અને યુધિષ્ઠિરને પણ અભિમન્યુને પગલે પગલે ચાલ્યા વગર છૂટકો ન થયો.

* * *

પાંડવોએ યાદવો સામે યુદ્ધની જાહેરાત કરી.

પાંડવો અને કૌરવો વચ્ચે પિતરાઇઓનો સંબંધ. એટલે કૌરવોએ પણ પાંડવોને પક્ષે અને યાદવોની વિરુદ્ધ યુદ્ધની જાહેરાત કરી.

પરિણામે 'ડેન્ઝીંગ' અને 'પોલીશ કોરેગીડોર' માટે વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું તેમ ડાંગવની ઘોડી માટે એક જબરદસ્ત સંગ્રામનાં નગારાં ધરતીના હૃદયને ચીરી રહ્યાં.

સંયુક્ત દળોના સેનાપતિ ભીષ્મપિતામહ હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે યુદ્ધસભા ભરી.

"માનવશક્તિ અને આયુધબળમાં આપણે યાદવો કરતાં લેશ પણ ઊતરતા નથી." તેમણે સભાને સંબોધીને કહ્યું: "પણ શ્રીકૃષ્ણના સુદર્શનની બરોબરી કરી શકે એવું એક પણ અસ્ત્ર આપણી કને નથી."

"એનો ઉપાય?" ધર્મરાજે પૂછ્યું.

"બતાવું છું. ભીમસેન એ કરી શકશે. એ હિમાચલ જાય. પિનાકપાણીને રીઝવીને તેમનું ત્રિશૂળ લઈ આવે. શંભુ ભોળા છે અને આપણો ભીમ પણ ભોળો છે એટલે એ એનું કામ."

ભીમે હિમાચલ ઉપર જઇને શંભુની આરાધના કરવા માંડી. બીલીપત્રનાં ઝાડનાં ઝાડ લાવીને શંકરના લિંગને માથે ખડકવા માંડ્યાં.

"માગ! માગ!" પ્રગટ થઇને શંભુ બોલ્યા.

"ત્રિશૂળ."

"એ ન અપાય!" શંભુએ કસોટી કરવા માંડી.

"તો પૂજા પણ ચાલુ રહેશે. ભાઈની આજ્ઞા છે." બીલીપત્રનું એક વધુ ઝાડ હાથમાં લેતાં ભીમસેને પોતાની દઢતા જાહેર કરી.

ભોળાનાથ હસી પડ્યા.

"લે આ ત્રિશૂળ."

ભીમે શંકરનું આયુધ હાથમાં લીધું અને ચાલતી પકડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઊભો રહે."

પણ ભોળોનાથ ક્યાંક ત્રિશૂળ પાછું પડાવી લે તો! બીક ભીમને હૃદયે હતી. તેણે માંડમાંડ પગ થોભાવ્યા.

"આ આયુધના ઉપયોગનો મંત્ર તો શીખતો જા." મહાદેવ મંત્ર બોલ્યા. એ પૂરો થયો કે તરત જ ભીમસેને દોટ પાછી શરૂ કરી.

* * *

અહીં યુદ્ધ શરૂ થયું.

દિવસો ઉપર દિવસો વીતવા લાગ્યા.

બંને પક્ષે હજારોનો કચ્ચરઘાણ થવા માંડ્યો.

શોણિતની સરિતાઓ વહેવા માંડી અને હાડમાંસના કિનારા બંધાયા.

કોઈ જીતતું નથી અને કોઈ હારતું નથી.

બળભદ્ર કંટાળ્યા.

"સુદર્શનનો ઉપયોગ કર" તેમણે શ્રીકૃષ્ણને કહ્યું: "તે વિના આ સંહારસત્ર આટોપાશે નહિ!"

થોડીક આનાકાની સાથે શ્રીકૃષ્ણે સુદર્શન છોડ્યું.

એની સાથે જ સંયુક્ત સત્તાઓએ પણ પોતાનું ગુપ્તશસ્ત્ર ત્રિશૂળ ફેંક્યું.

બંને આયુધો લડતાં લડતાં આકાશમાં ગયાં. એમના સંઘર્ષમાંથી અગ્નિ વરસતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્ને પક્ષના સૈન્યોને એ અગ્નિવર્ષા એકસરખી જ તટસ્થતાથી બાળતી હતી.

પ્રલયકાળ પાસે આવી લાગ્યો હોય એમ બન્ને પક્ષના ડાહ્યા મોવડીઓને લાગ્યું.

તેઓ શ્રીકૃષ્ણ પાસે ગયા.

"ચક્રને પાછું ખેંચી લો, ભગવન્! નહિતર પૃથ્વીનો નાશ થઈ જશે."

"હું તો ચક્રને પાછું ખેંચી લઉં," શ્રીકૃષ્ણે કહ્યું: "પણ ત્રિશૂળનું શું? પછી એ અમારો એકલાનો જ સંહાર કરે ને!"

"શા માટે? તમે સુદર્શનને ખેંચી લો તેની સાથોસાથ ભીમસેન પોતે છોડેલ ત્રિશૂળને પાછું ખેંચી લેશે."

"તે મારાથી નહિ બને!" ભીમસેન બોલી ઊઠ્યો.

"કેમ?"

"કારણ કે ત્રિશૂળ છોડવાનો મંત્ર શંકરે મને શિખવ્યો છે, પણ ત્રિશૂળને પાછું વાળવાનો મંત્ર એમણે મને નથી શિખવ્યો!"

યુદ્ધભૂમિ ઉપર હાહાકાર વર્તી ગયો.

મુત્સદીઓ અને મહારથીઓ ફરી વિચારણા કરવા માંડ્યા.

એક રસ્તો સૂઝયો.

અર્જુનના ગાંડિવનો ટંકાર થાય અને હનુમાન જ્યાં હોય ત્યાંથી આવીને રથ ઉપર બેસે એ તે વખતનો ક્રમ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકાદ જણને સૂઝ્યું: "શા માટે આપણે હનુમાનને વિનંતિ ન કરવી? એમની કાયા વજ્રની છે. એ છલાંગ મારી, સુદર્શન અને ત્રિશૂળને જુદાં પાડી બન્નેને એક એક હાથમાં પકડીને ધરતી ઉપર લાવી શકશે."

"હું તૈયાર છું." હનુમાને કહ્યું: "પણ અમે ત્રણે ય રહ્યાં વજ્રો! અમારો સંયુક્ત ભાર પૃથ્વી ઝીલી ન શકે! અમે ત્રણે ય પાતાળમાં ઊતરી જઇએ તો?"

"તેનો ય ઉપાય છે!" ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું: "આ ભીમસેનની અડધી કાયા વજ્રની છે. એ ધરતી ઉપર સૂશે અને તમે ત્રણે ય એના વજ્રાંગ ઉપર ઊતરજો."

આમ ત્રિશૂળ, સુદર્શન, હનુમાન અને ભીમ એમ સાડા ત્રણ વજ્રોનો સંયોગ થયો....

અને ઘોડી અપ્સરા બનીને ઇન્દ્રના દરબારમાં ચાલી ગઈ.

અને જે કારણે આવડો મહાસંહાર યોજાયો હતો, તે કારણ જ આખું અદૃશ્ય થઈ ગયું.

* * *

આ તો માણભટ્ટોએ ગાયેલી એક પૌરાણિક કથા માત્ર છે. એટલે એમાં તો અંતે નારદજી આવે છે અને અમૃતનાં છાંટણાં છંટાય છે.

પણ અત્યારે મંડાયલા વિશ્વયુદ્ધના હેતુ વિષે પણ હૂબહૂ આવું જ નથી બન્યું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરદાન કે શાપ ?

दैवी संपद् विमोक्षाय निबन्धायासुरी मता ।

"દૈવી સંપત્તિ મોક્ષ ભણી લઈ જાય છે; આસુરી, બન્ધન ભણી."

—ગીતા

એક હતો અસુર.

એણે તપ કર્યું.

તપ કરવું એટલે કોઈ પણ એક હેતુની સિદ્ધિને અર્થે જોઈતી શક્તિઓ મેળવવી અને કેળવવી.

હેતુ સ્વાર્થી હોય અને પરમાર્થી પણ હોય. મેલો હોય અને પવિત્ર પણ હોય. એની સિદ્ધિને માટે શક્તિ જોઈએ. એવી શક્તિ મેળવવા માટે જે જે કરીએ તે તપ.

હિટલરને જગત ઉપર નાત્સીરાજની સ્થાપના કરવી હતી. એ માટે એણે વરસો સુધી તૈયારીઓ કરી. એ બધી તૈયારીઓમાં શિસ્ત અને અમુક પ્રકારનો સંયમ જરૂરી. એમાં કાયાને કષ્ટ પણ પારાવાર આપવું પડે. પૌરાણિકો હિટલરની આ તૈયારીનું વર્ણન કરે તો એમ જ કહે કે, એણે અમુક વરસો સુધી તપ કર્યું.

પણ એનો આશય જગતને દાસ બનાવવાનો એટલે કે મેલો, માટે એ અસુર.

એટલે કે અસુર અને સુર એ બે વર્ગો, જીવનના ધ્યેયની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિભિન્નતા ઉપર રચાયા છે. બાકી તો તપ બન્નેને એકસરખું જ અનિવાર્ય. તપ વગર સારું—નરસું કૈં શક્ય જ નહિ.

*   *   *

એટલે આપણે આ વાર્તાની શરૂઆતમાં જેનો ઉલ્લેખ કરી ગયા એ અસુરે પોતાના ધ્યેયની સિદ્ધિ અર્થે મહાભયંકર તપ કરવા માંડ્યું.

એટલે સુધી કે ઇન્દ્રાસન ડોલી ઊઠ્યું.

એણે પોતાની શક્તિઓને એટલી હદે વધારવા માંડી કે ઇન્દ્રને પણ પોતાની સલામતી માટે ભય લાગવા માંડ્યો—જેવો ભય બ્રિટનને લાગવા માંડ્યો હતો—જ્યારે હિટલર પોતાની શક્તિઓને વધારી રહ્યો હતો—એટલે કે તપ કરી રહ્યો હતો.

નવી વ્યક્તિઓ કે નવા વર્ગો તપ કરવા માંડે એટલે સ્થાપિત હિતોરૂપી ઇન્દ્રાસનો ડોલવા જ માંડે....

આપણા આ અસુરે તપ માંડ્યું હતું, ભોળા શંભુને રીઝવવા માટે. શંભુ પાસે સંહારની સામગ્રીનો પણ ખજાનો. પોતાની મહત્વાકાંક્ષાની સિદ્ધિને અર્થે, અસુરને, એ ખજાનામાંથી એક ભયંકર અસ્ત્ર જોઈતું હતું.

અસુરના તપથી ભોળોનાથ રીઝ્યા.

"માગ! માગ!" પ્રગટ થઈને તેમણે અસુરને સંબોધ્યો.

"તુષ્ટમાન થયા હો ભગવાન," અસુરે પ્રણામ કરીને પોતાની માગણી રજૂ કરી; "તો એવું વરદાન આપો કે જેના ઉપર હું હાથ મૂકું તે બળીને ભસ્મ થઈ જાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તથાસ્તુ!" ભોળાનાથે આશીર્વાદ આપ્યા અને પછી ચાલતી પકડી.

* * *

"ઊભા રહો, ભગવન્, જાઓ છો ક્યાં?" અસુરનો ઘોઘરો અવાજ શંભુને કાને પડ્યો.

"તને જોઇતું હતું તે તો આપ્યું." શંકરે દૂરથી જ સંભળાવ્યું. "હવે શું છે?"

"મને જે આપ્યું છે, તે સાચું છે કે ખોટું એનું પારખું તો કરવા દો, ભગવન્," અસુરે શંકરની નજીક આવતાં કહ્યું. "તમારે માથે હાથ મૂકું ત્યારે જ ખબર પડે ને કે તમે મારી મશ્કરી કરી છે કે સાચેસાચ વરદાન આપ્યું છે?"

શંકર ભડક્યા અને અસુરનો લંબાવેલો હાથ પોતાના મસ્તકનો સ્પર્શ કરી શકે તે પહેલાં જ નાઠા!

"ઊભા રહો, ઊભા રહો." નાસતા શંભુની પાછળ દોડી રહેલ અસુરે બૂમ પાડી. "આપે આપેલ વરદાનની કસોટી હું બીજે ક્યાં કરવા જાઉં!"

પણ શંભુને માટે અત્યારે પોતાના પગની કસોટી કરવાનો અવસર હતો. એમના જીવનનો એકમાત્ર આધાર, પોતાની અને પોતે આપેલ વરદાનની વચ્ચેનું અંતર, બને તેટલું વધારવામાં જ હતો.

એટલે આગળ શંકર ને પાછળ અસુર—જાય છે દોડ્યા. પણ શંકર અસુરના કરતાં ઘણા જ આગળ નીકળી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારવા માટે દોડનારાઓ કરતાં પોતાની જાતના રક્ષણને માટે દોડનારાઓનો વેગ હમેશાં વધારે જ હોય છે.

* * *

કૈલાસેથી નાસેલ શંકર આવ્યા બ્રહ્મલોકમાં બ્રહ્મા પાસે.

"त्राहि माम्" કરતાક'ને શંકરે બ્રહ્માજીના ચરણો પકડી લીધા.

"પણ છે શું?" ચતુર્મુખે પૂછ્યું. "તમને, ત્રિપુરના પણ સંહારકને બચાવનાર હું કોણ, પ્રભુ?"

"પણ મેં વરદાન આપ્યું છે," શંકરે પોતાની સ્થિતિનો ખુલાસો કરવા માંડ્યો.

"એમાં શું થઇ ગયું? વરદાનો આપવાં એ આપણા માટે શ્વાસોચ્છ્વાસ જેટલું જ સહજ છે."

"પણ આ વરદાન તો શ્વાસોચ્છ્વાસ બંધ કરી નાખે–સદાને માટે–એવું નીકળ્યું, પ્રભો!"

"એ શી રીતે?"

પિનાકપાણિએ પરિસ્થિતિ સમજાવી, ચતુરાનનને!

ત્યાં તો "ઊભા રહો, ભગવન્, ઊભા રહો, ભગવન્" એવા પોકારો કરતો કરતો પેલો અસુર નજીક આવી પહોંચ્યો.

અને શંકર અને બ્રહ્મા બેય નાઠા!

વળી પાછો ભસ્માસુર પાછળ રહી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપશ્ચર્યાને પરિણામે તેની કાયા ક્ષીણ થઈ ગઈ હતી; ઉપરાંત દેવોના પગમાં જિજીવિષાની ઝડપ હતી !

બ્રહ્મલોકમાંથી નાસેલા બન્ને દેવો આવ્યા વિષ્ણુલોકમાં.

"કેમ ? બ્રહ્માંડની પ્રદક્ષિણાની કોઈ શરત તો નથી બકી બેઠા ને, મહાનુભાવો ?" બન્નેને દૂરથી દેખતાં વેંત વિષ્ણુએ વિનોદ કર્યો.

"મશ્કરીનો સમય નથી, મહારાજ," બન્નેએ શ્રી-વિષ્ણુના ચરણ પકડીને એક સાથે જ ઉચ્ચાર્યું. "નાશ-ની નોબત ગડગડે છે."

"છે શું ?" બન્નેને ઉઠાડીને છાતી સરસા ચાંપતાં શ્રીવિષ્ણુએ ખુલાસો પૂછ્યો.

"ભોળા મહાદેવજી વરદાન આપી બેઠા છે." બ્રહ્માએ પરિસ્થિતિ સમજાવવા માંડી.

"વરદાનો તો આપણે સૃષ્ટિના આરંભથી જ આપતા આવ્યા છીએ. દરેક વરદાને આમ દોડવા બેસીએ, તો સૃષ્ટિના અંત સુધી આપણે દોડતા જ રહેવું પડે !"

"પણ આ વરદાન વિચિત્ર છે, વિષ્ણુજી !"

"કઈ રીતે ?"

બ્રહ્માજીએ આખી વાત સમજાવી અને....

"ઊભા રહો, ઊભા રહો, ભગવન્ મને કસોટી તો કરવા દો !" એમ પોકારતો પોકારતો પેલો અસુર, વિષ્ણુ-લોકમાં દાખલ થતો, દૂરથી આ ત્રણે ય દેવોએ નિહાળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષ્ણુ આ સમસ્યાનો ઉકેલ શી રીતે કરે છે તે જોવા માટે શંકર અને બ્રહ્મા આતુર બની રહ્યા હતા તેવામાં તેમની આંખો સામે એક ચમત્કાર બન્યો....

શ્રીવિષ્ણુ અંતર્ધાન થઈ ગયા....અને "વૈકુંઠપતિએ પોતાના પ્રાણની રક્ષા કરવા માટે આપણને રઝળાવ્યા." એવા ઓરતા સાથે નાસવાની તૈયારી કરતા શંકર અને બ્રહ્માની દષ્ટિએ એક કૌતુક દીઠું....

*　　*　　*

વરદાનની કસોટી કરવા માટે તેમની પ્રત્યે દોડતો અસુર એકાએક થંભી ગયો હતો....

અત્યાર સુધીની કઠોર તપશ્ચર્યા દરમ્યાન દબાવી રાખેલી પોતાની બધી યે કૂળી ઊર્મિઓના એકસામટા અવતારસમી કોઈ સુંદરીના નયન–સાણસામાં એની ગતિ જકડાઈ ગઈ હતી....

ધ્યેયને, તપને, વરદાનને, બ્રહ્માને અને શંકરને–ભૂતકાળની આખી સૃષ્ટિને, અસુર એ પળે વીસરી ગયો....

તેના વ્યક્તિત્વના અણુ યે અણુમાંથી એક જ સાદ તેને સંભળાયો: "જહન્નમમાં જાઓ વરદાન....અને ચૂલામાં પડો વિશ્વવિજયની મહત્ત્વાકાંક્ષા....જીવનને સાર્થક કરવું હોય તો આના કરુણાકટાક્ષનું પાત્ર બની જા!"

"તમે મારાં ન બનો?" સુંવાળપના જે નાના મોટા નિર્ઝરો, છાના છાના તેના આત્માની ધરતી ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજુ પણ વહી રહ્યા હતા, તે બધાના પ્રવાહોને પોતાની વાણી પ્રતિ વહાવતો એ બોલ્યો.

સુન્દરી તેના સામું જોઈ રહી—પ્રણયની યાચના કરનાર ગેંડાને હરિણી જોઈ રહે તેમ! જાણે કેમ કોઈ પ્રકૃતિવિરુદ્ધ ઘટના પોતાની આંખોની સામે ઘડાઈ ન રહી હોય! "તમે મારાં ન બની શકો?" અસુરે ફરી વાર પોતાના આખા વ્યક્તિત્વને યાચના વાટે વહાવી દીધું.

"હું તો કલાની પ્યાસી....અસુરરાજ....કલાકાર મારો સ્વામી અને હું કલાની દાસી!....તમને કોઈ કલા...."

જીવનમાં હિંસા સિવાય બીજી કોઈ કલા જેણે કદી સાધી જ નથી એવા અસુરને અત્યારે પોતાની જાત ઉપર તિરસ્કાર છૂટવા માંડ્યો....પણ એમ સહેજમાં નિરાશ થઈ જવાની એને ટેવ જ નહોતી.

"કલા? હું કલા પણ સિદ્ધ કરીશ....તમારે ખાતર! તમે જ મને એ ન શીખવો?"

"કેમ નહિ....નૃત્યથી શરૂ કરીશું...."

જીવનમાં જાણે આ પહેલું જ કાર્ય કરી રહ્યો હોય એટલા ઉત્સાહથી અસુરે ઉત્તર દીધો: "અવશ્ય. કૃપા કરીને શરૂ કરો."

* * *

અને એકાએક દિશાઓ સંગીતમય બની ગઈ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષીઓના કિલકિલાટ, વહેતાં ઝરણાંઓના ખિલખિલાટ, તરુવરોનાં પર્ણોમાં થઇને લહેરતા પવનનો સુસવાટ, સાગરનો ઘુઘવાટ અને ઘનઘટાટોપનો ગડગડાટ—સૃષ્ટિના સમગ્ર સંગીતસાજો અરસપરસ કોઈ અવનવો સંવાદ સાધીને અસુરને નૃત્ય શિખવવાનો આરંભ કરતી વિશ્વસુંદરીના નૃત્ય માટેની પશ્ચાદભૂમિકા સરજી રહ્યાં....

"જુઓ! હું કરું તેમજ તમારે કરવાનું!" સુંદરીએ અસુરને આદેશ આપ્યો. "શરૂ કરો....ના–ધિન–ધિન–ના...."

નારાયણની નકલ કરતા વા–નરની હાસ્યાસ્પદતાથી અસુરે નૃત્ય શરૂ કર્યું. સુંદરી નાચતી જાય છે તેમ તે પણ નાચતો જાય છે. ઘડીક કેડે તો ઘડીક છાતી ઉપર, ઘડીક ખભા ઉપર તો ઘડીક હડપચી ઉપર—એમ દેહના જુદાજુદા ભાગો ઉપર મુદ્રાબદ્ધ હાથ મુકાતા જાય છે....

પોતપોતાની સલામતીની શોધમાં કૈલાસ અને બ્રહ્મપુરીથી આટલે સુધી દોડતા આવેલ શંકર અને બ્રહ્માને અત્યારે વખત છે—પોતાની અને પોતાના કાળસમા આ અસુરની વચ્ચેના અંતરને, ખૂબ વધારી મૂકવાનો પણ તેઓ ચસતા નથી. મૃત્યુ એક ઘડી પછી આવતું હોય તો ભલે અત્યારે આવે, પણ પૂર્વે કદી પણ ન જોયેલું એવું આ સૌન્દર્ય ધરાઈ ધરાઇને પીધા વગર અહીંથી ખસવું તેમને ગમતું નથી.

અને ધિનકિટ ધિનકિટ ધા, ધિનકિટ ધિનકિટ ધા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધિનકિટ ધિનકિટ ધા, નૃત્ય વેગ પકડતું જાય છે. વિશ્વ સુન્દરીમય બન્યું છે; સુન્દરી નૃત્યમય બની છે; અસુર આત્મવિસ્મૃત બની સુન્દરીનાં નયનો ઉપર ટીંગાઇને કૂદાકૂદ કરી રહ્યો છે.

આમ કરતાં કરતાં સુન્દરી પોતાના જમણા હાથથી હવામાં એક વર્તુળ કાઢી, એ હાથને પોતાના માથા ઉપર રોપે છે.

અસુર એનું અનુકરણ કરે છે. અને તે જ ક્ષણે રાખનો ઢગલો થઈને ધરતી ઉપર ઢળે છે....

આ છે ભસ્માસુરની કથા.

"જેના માથા ઉપર તું તારો હાથ મૂકીશ, તે બળીને ભસ્મ થઈ જશે." શંકર પાસેથી આવું વરદાન મેળવનાર અસુરની દુર્ગતિ પુરાણકારોએ ભારે ખૂબીથી વર્ણવી છે. વરદાન એને માટે શાપરૂપ નીવડ્યું. વિશ્વ-તેજના મંગલ સ્વરૂપની સાચવણી કરનાર શ્રીવિષ્ણુએ પોતે જ એને હણવા માટે અપ્સરાનું રૂપ લીધેલું!....

પશ્ચિમમાં 'ફ્રેન્કેન્સ્ટાઈન'ની કલ્પના છે. કૌતુક-વૃત્તિથી પ્રેરાઇને વૈજ્ઞાનિક ભયંકર સત્ત્વને સરજે છે. પણ સર્જ્યા પછી એ પોતે જ એનો શિકાર બને એવી પરિસ્થિતિ થાય છે.

આપણે ત્યાં પણ દયાવૃત્તિથી પ્રેરાઇને એક ઋષિએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ઉંદરડાને સાવજ બનાવી દીધાની કથા છે. સાવજ બનેલ ઉંદર, છેવટે, પોતાને સાવજ સર્જનાર ઋષિને સંહારવા માટે તૈયાર થાય છે. અને "पुनः मूषको भव" એવા શબ્દો ઉચ્ચારીને ઋષિએ એને તેની પૂર્વાવસ્થાએ પહોંચાડવો પડે છે !....

ભસ્માસુરની ગતિ એ બધાં યે સત્ત્વો કરતાં નિરાળી છે.

તે અસુર હતો.

એમાંથી તપ કરીને મહાભયંકર અસુર બન્યો.

પણ તેનું વરદાન તેને માટે શાપ રૂપ બન્યું અને તેનો અંતિમ ફેંસલો ભગવાન કાળે જ્યારે સુણાવ્યો ત્યારે તે પોતાની પૂર્વાવસ્થાએ જ નહિ, પરંતુ તેની યે પહેલાંની 'નાસ્તિત્ત્વ'ની અવસ્થાએ પહોંચી ગયો !

નાત્સીવાદના ભસ્માસુરને–હિટલરને....મૂડીવાદે સર્જ્યો. એ મૂષકને એણે શાર્દૂલ બનાવ્યો. પછી શાર્દૂલ બનેલ એ મૂષક, પોતાના સરજનહારોની સામે જ મેદાને પડ્યો. અને અંતે, જે સાધનસામગ્રીને આધારે એ જગતનો સર્વનાશ યોજતો હતો અને આચરી રહ્યો હતો, એ જ સાધનસામગ્રીને પ્રતાપે નાશ પામવાનો છે.

સાચે જ પૌરાણિકોની કથામાં–ઉપરઉપરથી બહુ જ વિચિત્ર અને અસ્વાભાવિક લાગતી કથાઓમાં–સનાતન સત્યો છુપાયલાં છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુષ્કર છે, દુષ્કર છે, દુષ્કર છે!

यततो ह्यपि कौन्तेय पुरुषस्य विपश्चितः ।
इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ॥
—ગીતા

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના
ઉષ્ણુ રતે અવનિ વિષે બીજ નવ દીસે બહારજી,
ઘન વરસે બન પાંગરે ઇન્દ્રિય વિષય આકારાજી.
—નિષ્કુળાનંદ

નગરની બહાર, નિર્જન અરણ્યમાં, એક ઉપાશ્રય. ઉપાશ્રયની પાસે જ એક ઝૂંપડું. એમાં એક જૈનયતિ પોતાના શિષ્યની સાથે રહે.

મુનિ મહારાજની જીભ ઉપર સાક્ષાત્ સરસ્વતીનો જ વાસ. એમનું વ્યાખ્યાન સાંભળવું એ જીવનનો એક લહાવ જ. એ સાંભળવા માટે ભાવિકો સેંકડો ગાઉનો પ્રવાસ ખેડે.

અહિંસા, સત્ય, અદત્તાદાન (અસ્તેય), અપરિગ્રહ અને બ્રહ્મચર્ય એ પંચ મહાવ્રતો વિષે મુનિ જ્યારે બોલવા માંડતા, ત્યારે માનવજાતિનો અનુભવ બોલી રહ્યો હોય એવો આભાસ થતો.

એ પાંચેય મહાવ્રતો માનવજીવનમાં કેટલાં આવશ્યક છે એ સમજાવીને મુનિરાજ એ વ્રતોના પાલનમાં રહેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુશ્કેલીઓ સવિસ્તર વર્ણવતા. અહંતા એ સંયમનો મોટામાં મોટો શત્રુ છે; અને તેમાંય 'મારા જેવા સંયમીને પાપનો સ્પર્શ સંભવે જ નહિ' એ પ્રકારનું અભિમાન, તે વળી આડો આંક! ઇન્દ્રિયોનાં તોફાન ભલભલાઓને પણ ભમાવી મૂકે છે. એટલે મોક્ષવાંચ્છુ માનવોએ જીવનની પ્રત્યેક પળે જાગ્રત રહેવું. "અહિંસા દુષ્કર છે, સત્ય દુષ્કર છે, અદત્તાદાન દુષ્કર છે, અપરિગ્રહ દુષ્કર છે," મુનિ મહારાજ શ્રોતૃવૃંદને ઉદ્બોધતા, "પણ બ્રહ્મચર્ય તો દુષ્કર છે, દુષ્કર છે, દુષ્કર છે."

બ્રહ્મચર્યની દુષ્કરતા ઉપર મુકાતા આ ત્રેવડા ભારથી મુનિ મહારાજના શિષ્યને રોજ નવાઇ ઊપજતી. મનમાં ને મનમાં હસીને તે ગણગણતોઃ "વ્રત માત્ર દુષ્કર છે એટલી વાત સાચી, પણ બ્રહ્મચર્ય કૈં ખાસ દુષ્કર નથી. ગુરુજી નાહકનો એની દુષ્કરતા ઉપર આટલો બધો ભાર મૂકે છે!"

એક દિવસે પોતાના મનની આ વાત ગુરુને એણે કહી પણ ખરી. સહેજ સ્મિત કરીને ગુરુએ એને જવાબ આપ્યો: "સ્વાભાવિક છે. બ્રહ્મચર્યપાલનની દુષ્કરતા તને બીજાં મહાવ્રતોની દુષ્કરતા કરતાં લેશમાત્ર પણ વધુ ન લાગતી હોય તે સ્વાભાવિક જ છે."

"પણ તો પછી તમે એના ઉપર આટલો બધો ભાર શા માટે મૂકો છો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ તને કોઈ વાર સમજાશે....અનુભવે કરીને. અને ન સમજાય તો પણ સાચી દિશામાં સહેજ વધુ ભાર મૂકવામાં આપણું જાય શું? સંસારીઓ એ રીતે સહેજ વધુ જાગ્રત રહેશે."

પણ શિષ્યના મનનું સમાધાન આ ગુરુવચનથી થયું નહિ. દર વખતે વ્યાખ્યાનમાં જ્યારે ગુરુજી "બ્રહ્મચર્ય-પાલન દુષ્કર છે, દુષ્કર છે, દુષ્કર છે." એવા શબ્દો શરૂ કરતા, ત્યારે તેનું હૃદય ગુરુજીના આ બાલિશ પૂર્વગ્રહ પર હસી રહેતું!

* * *

કાળે કરીને ગુરુજીનું અવસાન થયું.

એમના ખાલી પડેલ સ્થાન ઉપર શિષ્ય બેઠો.

શિષ્ય પણ બુદ્ધિમાન અને તેજસ્વી હતો. સદાચાર માટે તેની યે કીર્તિ દશે દિશામાં ફોરતી. ઉપાશ્રયના વ્યાખ્યાનમંડપની આસપાસ ગુરુજીએ ઊભી કરેલી પ્રતિષ્ઠાને શિષ્યે ઠીક ઠીક ટકાવી રાખી.

પણ પંચમહાવ્રતોનો ઉલ્લેખ પોતાનાં વ્યાખ્યાનોમાં આવતો ત્યારે તે ખાસ જાગ્રત રહેતો કે રખેને ગુરુજીની પેઠે તે પણ ક્યાંક બ્રહ્મચર્યપાલનની દુષ્કરતાને ત્રેવડી વધારી મૂકે. તે કહેતો: "અહિંસા દુષ્કર છે, સત્ય દુષ્કર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, અદત્તાદાન દુષ્કર છે, અપરિગ્રહ દુષ્કર છે અને બ્રહ્મચર્ય પણ દુષ્કર છે."

આમ કરતાં કરતાં વરસો વીત્યાં; ઉપાશ્રયની અને નવા વ્યાખ્યાનકારની કીર્તિ, મધ્યાહ્ને સૂર્ય તપે તેમ, તપતી થઈ. બ્રહ્મચર્યની બાબત ગુરુજીનો ભાર યથાર્થ નહોતો એ બાબત શિષ્યની પ્રતીતિ દૃઢ બની.

*　　　*　　　*

વર્ષાનાં વાદળ નગર ઉપર ગડૂડી રહ્યાં હતાં. અમાવાસ્યાની સંધ્યાના અંધકારને એમણે વધુ ઘેરો બનાવ્યો હતો. પાપાત્માના અંતરમાં, પૂર્વનાં પુણ્યોની વીસરાઈ ગયેલી સ્મૃતિઓ પળાર્ધને માટે ઝબકી જાય, એમ વીજળી ઝબકતી હતી.

વણિકપોળમાં આવેલ એક મકાનમાં આવે વખતે ધમાચકરડી બોલી રહી હતી.

"નીકળ મારા ઘરમાંથી બહાર," પતિરાજ મેઘના ગડગડાટની ઓથે ત્રાડૂકી રહ્યા હતા.

"પણ મારો કૈં વાંક કે ગુનો?"

પણ ક્રોધથી ભાનભૂલેલ પતિરાજને અત્યારે 'વાંક કે ગુના'ની મીમાંસા કરવા જેટલી સ્વસ્થતા જ ક્યાં હતી !

કાકલૂદીઓ કરતી પત્નીની પીઠ ઉપર તેણે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાત ઝીંકી....અને પછી તેનું કાંડું પકડી ખડકીની બહાર તગડી, ખડકી વાસી દીધી.

ત્રાસથી દિંગ્મૂઢ બનેલી પત્નીએ નગરની બહાર આવેલી વાવમાં પડીને આપઘાત કરવાનો નિશ્ચય કર્યો. એ નિશ્ચયે એના પગમાં કોઈ અનોખું જોમ ભર્યું. પિયેર જતી હોય, એટલા ધમધમાટથી એ બાઈ પોળો ઉપર પોળો વટાવતી, રાજમાર્ગે થઇને, નગરની બહાર નીકળી ગઈ!

અંધારી રાત, નિર્જનતા, અરણ્ય. પણ મૃત્યુને ભેટવાની આતુરતા આડે યુવતીને આ બધી ભયંકરતાઓ દેખાતી જ નહોતી. ક્યારે વાવે પહોંચું અને ક્યારે આ જીવનનો ખેલ ખલાસ કરું એ એક જ લગનીએ તેને પાગલ બનાવી મૂકી હતી.

પણ આપઘાતની કલ્પના જેટલી આકર્ષક છે એટલો આકર્ષક આપઘાત પોતે નથી. વાવનાં પગથિયાં ભાળતાંવેંત, યુવતીની ઘેલછા ટળી ગઈ. પોતાની સ્થિતિમાં રહેલી ભયંકરતાઓનું ભાન, ઉગ્રમાં ઉગ્ર રૂપ ધારણ કરીને, એના સામે આવ્યું.

તે પાછી વળી....ને નાઠી—નગર ભણી....

પણ એને દુર્ભાગ્યે કોટનાં બારણાં દેવાઈ ગયાં હતાં....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરવાનને ઉઠાડે છે તો પોતાની ફજેતી થાય છે. કાગમાંથી વાઘ સરજનારી જગતની જીભથી ડરીને તે નિશ્ચય કરે છે: "કાંઈ નહિ, આજની રાત અહીં પડી રહું.... સવારે બારણાં ઊઘડશે ત્યારે ગુપચુપ ઘરભેગી થઈ જઈશ."

પણ જવું ક્યાં? જંગલમાં તો આખી રાત ઓછી જ કઢાય છે....

આ પ્રશ્નનો જવાબ મળી શકે તે પહેલાં એક જબરદસ્ત કડાકા સાથે મૂસળધાર વરસાદ તૂટી પડ્યો.

"મારે કોઈ આશ્રય શોધવો જ પડશે," બાઇને થયું.

ભીંજાતી અને ટાઢે થરથરતી બાઇને મુનિ મહારાજ સાંભર્યા.

શા માટે એમની ઝૂંપડીનો આશ્રય ન લેવો? એમના શીતળ આશ્રમની છાયામાં, સર્વત્ર પાપ જોતી જગતની જીભ પણ, પ્રવેશી નથી શકતી.

* * *

મુનિ મહારાજ સૂવાની તૈયારી કરે છે ત્યાં એમને ઝૂંપડીનું દ્વાર કોઈ ધીમેથી ખટખટાવી રહ્યું હોય એમ લાગ્યું.

કોણ હશે?

બારણું ખોલીને જુએ છે તો વરસાદ નીતરતી અને ટાઢથરથરતી એક તરુણીની કાયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ચાલી જા! ચાલી જા અહીંથી!" કાયા ઉપર ઠરવા માંડતી દૃષ્ટિને તરત જ પાછી ખેંચી લઇને મુનિ ગર્જ્યા. અહીં મુનિજનનિવાસમાં શું કામ છે આવે વખતે?"

બાઇએ પોતાની કરુણ કથની સંભળાવી.

જીવદયાના જ્યોતિર્ધરના મનમાં દયા જાગી.

"પણ આ તારા કપડાં તો જો....લદબદ થઈ ગયાં છે! આમને આમ થોડાક કલાકો નીકળી જશે તો તો જરૂર માંદી પડશે."

"પણ કરું શું?" તરુણીએ પોતાની નિરાધારી દર્શાવી.

"તું ઝૂંપડીમાં જા. હું બહાર ઊભો છું. અંદર જઈ કપડાં કાઢી નીચોવીને પાછાં પહેરી લે. પછી તારા રાત-વાસા માટે તો આસપાસમાં જોગવાઈ કરીશું."

સ્ત્રી ઝૂંપડીમાં ગઈ. વખતોવખત થતા વીજળીના ઝગારામાં દેખાઈ ગયેલ એની વિષાદ-મનોહર પ્રતિમા, મુનિમહારાજના અંતરમાં અંકિત થઈ ગઈ.

જે દૂર હતું ત્યારે લીલાજેય લાગતું હતું, તે સ્ત્રીત્વ નજીક આવતાં, સુદુર્જય બનતું જતું હતું.

મેઘના ગડગડાટો વચ્ચે પણ સંભળાય એટલા જોશથી મુનિના હૃદયે ધબકવા માંડ્યું હતું: "ચેત-મર્યો-ચેત-મર્યો-ચેત-મર્યો...."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુનિમહારાજ નાસી જવાની તૈયારી કરતા હતા ત્યાં ઝૂંપડીનું દ્વાર ઊઘડ્યું.

"ચાલો, આગળ થાઓ. તમને ઉપાશ્રયમાં મૂકી આવું. ત્યાં કોઈ નથી. નિર્ભયપણે રાતવાસો કરી શકાશે."

યુવતી આગળ ને મુનિ પાછળ.

ઉપાશ્રય આવ્યું.

યુવતી એમાં દાખલ થઈ ગઈ.

"અંદરથી બંધ કરી લો." મુનિએ બહાર ઊભા ઊભા આદેશ આપ્યો.

તરુણીએ બારણું બંધ કરવા માંડ્યું.

"અને જુઓ....રાત દરમ્યાન કોઈ પણ આવીને કમાડ ખટખટાવે અને ઉઘાડવાનું કહે તો પણ ખોલવું નહિ. હું પોતે આવીને કહું તો પણ નહિ."

કશો જ જવાબ આપ્યા વગર યુવતીએ બારણું વાસી દીધું.

અને આટલી ટાઢમાં પણ પરસેવે રેબઝેબ બની ગયેલ મુનિ હાશ કરીને ઝૂંપડી તરફ વળ્યા.

ઝૂંપડીમાં જઇને એમણે વિકળ બનેલ ચિત્તને વિશુદ્ધ કરવા માટે પ્રહરપર્યંત ધ્યાનાદિ કર્યાં.

પછી ભગવાન તીર્થંકરનું સ્મરણ કરીને એ પથારીએ ગયા.

પણ એમના શોણિતે આજે એમની સામે બંડ પોકાર્યું

પ્ર. ૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. વરસોથી દબાઈ રહેતી વિકારવાસના આજે અવસર મળતાં એમને દબાવી રહી હતી. એકાંતનો અને રમણીનો આવો વિરલ યોગ....

મુનિ છલંગ મારીને ઊઠ્યા.

ઝૂંપડીનું દ્વાર એક લાતથી એમણે ખોલી નાખ્યું.

દોડ્યા.

ઉપાશ્રયના દ્વાર પાસે પહોંચ્યા. ધીમેથી દ્વાર ઉપર ટકોરા મારીને બોલ્યાઃ "જાગો છો કે?"

"જાગું છું" અંદરથી અવાજ આવ્યો. "આટલી ઠંડીમાં અને આવા અઘોર સ્થળે ઊંઘ આવી જાય એમ છે જ ક્યાં?"

"તો ઉઘાડો."

"કેમ? તમે જ કહ્યું 'તું ને કે કોઈ........"

"હા મેં જ કહ્યું તું એ." મુનિની અધીરાઈ બગડી ઊઠી, "અને હવે હું જ કહું છું કે ઉઘાડો, જલદી ઉઘાડો."

યુવતીને આ અવાજ મુનિનો હોવા છતાં કોઈ બીજાનો લાગ્યો. એમાં હિંસક પશુની ત્રાડનો રણકાર હતો.

બહાર વાદળાં ગડૂડ્યાં. ફરી મૂશળધાર વરસાદ શરૂ થયો.

"ઉઘાડો, ઉઘાડો." મુનિએ કહ્યું "હું પલળી રહ્યો છું."

"પલળી રહ્યા હો તો પધારો ઝૂંપડીમાં" અંદરથી અવાજ આવ્યો, દ્વાર તો હવે સવારે જ ઉઘડશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુનિ ભડકો થઇ ઊઠ્યા.

कामात् संजायते क्रोधः ।

મનમાં ને મનમાં તેમણે એ સ્ત્રીના આ 'દુરાગ્રહ'ને ગાળો દીધી....

વિમાનનાએ તેમની વૃત્તિને ઊલટી વધુ ઉશ્કેરી.

તેમણે ઉપર નીચે આજુબાજુ નજર કરી.

ઉપાશ્રયમાં દાખલ થવાનો કોઈ બીજો માર્ગ જ ન્હોતો શું?

હતો!

મુનિના પ્રાણમાં પ્રાણ આવ્યા.

પાછલી તરફ એક જાજરૂ હતું.

ઉપાશ્રયને બહારની દુનિયા સાથે સાંધતી એક વર્તુલાકાર ગળકબારી એ જાજરૂમાં હતી.

મુનિ મહારાજ દોડ્યા.

ઝટ દઈને એ જાજરૂ–નાળચાં સામેની જમીન ઉપર ઊંધા પડ્યા. પછી સર્પની પેઠે આગળ વધતા વધતા એમણે એ નળીમાં દાખલ થવા માંડ્યું.

માથું તો જેમ તેમ કરીને એ નળીમાં એ સેરવી શક્યા. પણ પછી ધડની વાત આવી ત્યાં જ પ્રતીતિ થઈ કે આગળ વધવું કે પાછળ હઠવું–બેમાંથી એક પણ હવે શક્ય નથી!

અને ત્રિશંકુની અવસ્થામાં એ તરફડતા રહ્યા–રાતભર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરમ્યાન એમનો કામજ્વર ઊતરી ગયો અને એનું સ્થાન લજ્જાજ્વરે અને ખચ્ચી પશ્ચાત્તાપજ્વરે લીધું.

*　　*　　*

મળસકું થયું અને રાત્રિનો અંધકાર થોડોઘણો પણ દૂર થયો કે તરતજ પેલી બહેન, ઉપાશ્રયનું બારણું ખોલીને બહાર પડી. નગરના કોટનું બારણું ઊઘડતાં વેંત અન્ય પરદેશીઓની સાથે તે પણ તેમાં દાખલ થઈ ગઈ; અને કોઇ ન જુવે એવી રીતે સ્વગૃહે પહોંચી ગઈ.

*　　*　　*

અહીં ઉપાશ્રયમાં ભક્તો જેમ જેમ આવતા જાય છે, તેમ તેમ તેમના આશ્ચર્યનો પાર રહેતો નથી.

મુનિમહારાજ ક્યાંક અદૃશ્ય થઈ ગયા છે!

"અલ્યા શોધ તો કરો ક્યાંક ખૂણેખોચરે! કોઇ હિંસક પશુ તો...."

શોધ ચાલે છે....

અને ઉપાશ્રયની પછીતે જાજરૂવાળા બાકોરામાં માથું અંદર અને ધડ બહાર એવી અવસ્થામાં મુનિજી સૌની નજરે પડે છે!

"ધન્ય છે! ધન્ય છે!" ભાવિકોનાં હૃદયો મોરલા-ની પેઠે થનગની ઊઠે છે!

"તપશ્ચર્યા તે આનું જ નામ! આનું જ નામ દેહદમન!" સૌ બોલી ઊઠે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાતવાળી વાતની કોઇને ખબર નથી.

સૌ માને છે કે મુનિમહારાજે દેહદમનનો આ કોઈ નવો પ્રકાર આચરવા માંડ્યો છે!

મુનિને 'સમજાવીને' સૌ આ અવસ્થામાંથી તેમને બહાર કાઢે છે!

આવું વિષમ તપ ફરી વાર કદી પણ ન કરવાની પ્રતિજ્ઞા પણ સૌ તેમના કનેથી લે છે.

* * *

એ દિવસે મુનિના પ્રવચનમાં રોજના કરતાં દશગણી હાજરી છે.

મુનિ શરૂ કરે છે.

આજે એમના મુખ ઉપર કોઈ અનેરી ગંભીરતાની છાયા છે.

પ્રવચન ચાલે છે....આગળ ચાલે છે: "સત્ય એ દુષ્કર છે." નમ્રતાની પ્રતિમા સમા મુનિમહારાજ કહે છે, "અહિંસા દુષ્કર છે, અદત્તાદાન દુષ્કર છે, અપરિગ્રહ દુષ્કર છે." અહીં થોડી પળને માટે એ વિશ્રાન્તિ ખાય છે.... વ્યાખ્યાનમંડપમાં શ્વાસોચ્છ્વાસ સંભળાય એટલી નિરવતા છે, અને બ્રહ્મચર્ય તો દુષ્કર છે, દુષ્કર છે, દુષ્કર છે!"

અને તેજ રાતે ઉપાશ્રય અને ઝૂંપડીનો સદાને માટે ત્યાગ કરીને મુનિ ક્યાંય જતા રહે છે.

पुस्तकालय गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તું સાહિત્ય' એટલે 'ઊંચામાં ઊંચું સાહિત્ય'

ગ્રંથોનું સૂચીપત્ર

ઉત્તમ ધાર્મિક ગ્રંથો

સંપૂર્ણ મહાભારત દળદાર ૭ ગ્રંથોમાં	૪૫–૦
ઉપનિષદો–૧૧૨, બે ગ્રંથમાં	૪–૦
મહાભારતનું શાંતિપર્વ	૭–૮
માનસ રામાયણ–બે ગ્રંથમાં	૭–૦
તુલસીકૃત રામાયણ ...	૭–૮
વાલ્મીકિ રામાયણ ...	૬–૮
ગિરધરકૃત રામાયણ ...	૪–૮
યોગવાસિષ્ઠ મહારામાયણ	૧૨–૦
દત્ત–પરશુરામ	૨–૦
શ્રીમદ્ભાગવત–બે ગ્રંથમાં	૮–૦
ભગવતી(દેવી)ભાગવત	૬–૦
મનુસ્મૃતિ	૩–૦
પાતંજલ યોગસૂત્ર ...	૧–૦
જ્ઞાનયોગ	૦–૧૨
આખ્યાનમાળા–બે ગ્રંથમાં	૬–૦
વૈદિક વિનય	૩–૧૨
મોક્ષમાળા	૧–૪
હું કોણ?...	૨–૦
અષ્ટાવક્રગીતા	૦–૮
ઉપદેશસારસંગ્રહ ...	૧–૮
સુબોધરત્નાકર	૧–૮
હૃદયતરંગ ને બ્રાહ્મણની ગૌ	૧–૦

આર્યધર્મનીતિ અને ચાણક્યનીતિસાર	૦–૮
વિભુની વાટે ને રામાયણની રત્નપ્રભા	૦–૪
વિષ્ણુસહસ્રનામાવલિ દર્શન	૦–૬
આત્મરામાયણ	૦–૧૨
જીવન્મુક્તિવિવેક... ...	૧–૪
પરમાનંદની પ્રાપ્તિ ...	૧–૮
વિષ્ણુસહસ્રનામ ...	૦–૪
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા	૪–૦
પ્રભુમય જીવનનું રહસ્ય	૧–૦
વિદુરનીતિ	૦–૧૨
અવધૂતગીતા	૧–૦
શ્રીમદ્ભગવદ્ગીતા–નીલકંઠી	૧–૧૦
શ્રીભગવદ્ગીતા–આ. ૧૮ મી	૦–૮
શ્રીભગવદ્ગીતા–આ. ૨૦ મી	૦–૪
મૂળ પંચરત્ન સ્થૂલાક્ષર	૧–૨
મધ્યમાક્ષર (સાદી) ...	૦–૮
નાના અક્ષર (સાદી) ...	૦–૫
મૂળ ભગવદ્ગીતા (મોટી)	૦–૧૦
મધ્યમ	૦–૫
જીવન પગલે–(કાવ્યો)	૦–૧૦
મીરાં અને નરસિંહ ...	૦–૧૨
આત્મવિલાસ	૨–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતવાણી તથા ઉપદેશો

પરમસુખી થવાના ઉપાય	૨–૦
રામકૃષ્ણકથામૃત ...	૫–૦
દીવાને સાગર	૪–૮
અખાની વાણી	૩–૦
પ્રીતમદાસની વાણી ...	૨–૮
ભજનસાગર	૨–૮
ગુજરાતની ગઝલો ...	૧–૦
तुकाम्हणे	૦–૫
દાસબોધ	૨–૮
સ્વામી રામતીર્થના ઉપદેશો	૨–૮
,, ,, સદુપદેશો ઇ૦	૨–૮
તુકારામ ગાથા–બે ગ્રંથમાં	૬–૦
વિવેકાનંદસાર	૨–૦
સ્વામી વિવેકાનંદના ઉપદેશો	૨–૪
,, ,, ભક્તિયોગ	૧–૮
,,પાતંજલયોગ ને જ્ઞાનયોગ	૨–૦
રાજયોગ–સ્વામી વિવેકાનંદ	૦–૧૨

સંતપુરુષોનાં ચરિત્રો

સાઈબાવા	૩–૦
બુદ્ધચરિત્ર ને સંતપુરુષો	૨–૦
રામકૃષ્ણ પરમહંસ–ચરિત્ર	૨–૮
સ્વામી વિવેકાનંદ ...	૩–૦
સ્વામી રામતીર્થ–ચરિત્ર	૩–૦
સંત તુકારામ	૨–૮
ચૈતન્ય મહાપ્રભુ–ત્રણ ગ્રંથ	૬–૮
જ્ઞાનેશ્વર અને એકનાથ	૨–૮
સ્વામીશ્રી બ્રહ્માનંદ અને શિવાનંદનાં ચરિત્રો	૧–૬
શ્રીરામચંદ્ર દત્ત ને નાગમહાશયનાં ચરિત્રો	૧–૦
સરયુદાસજી, ભૂધરભક્ત અને જાનકીદાસજી	૦–૧૦
ભક્તચરિત્ર	૨–૮
આદર્શ ચરિત્રસંગ્રહ–ભા-૨જો	૨–૮
મુસ્લિમ મહાત્માઓ ...	૨–૪
નાનક–અન્ય નવ ગુરુઓ ટુંકા પરિચય સાથે	૦–૬
મહર્ષિ દયાનંદ ...	૧–૦
મહાવીર–ચરિત્ર	૦–૬
શ્રી રમણમહર્ષિ ...	૧–૦
તૈલંગસ્વામી	૦–૪

ઐતિહાસિક ને સાહિત્ય

ભારતના વીરપુરુષો ...	૧–૪
વીર દુર્ગાદાસ ને મારુ સરદારો	૧–૦
કચ્છની લોકવાર્તા ...	૨–૦
સાહિત્યપ્રારંભિકા ...	૧–૦
આત્મનિરીક્ષણ ...	૧–૦

સ્ત્રીઉપયોગી ગ્રંથો

ભારતની દેવીઓ-ત્રણ ગ્રંથમાં	૯–૦
દયાળુ માતા ને સદ્‌ગુણી પુત્રી	૦–૮
સ્વર્ગનું વિમાન... ...	૨–૦
સ્વર્ગની કૂંચી	૨–૦
સાચું સ્વર્ગ	૨–૦
સ્વર્ગનો ખજાનો... ...	૨–૦
સ્વર્ગનો પ્રકાશ	૨–૦
સ્વર્ગની જિંદગી ...	૨–૦
સંસારમાં સ્વર્ગ ...	૨–૦
સ્વર્ગનોઆનંદ ...	૨–૦
સ્વર્ગની સીડી ...	૨–૦
સ્વર્ગની સડક	૨–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૂંકી વાર્તાઓ– ભાગ ૧ લો	૨–૮
,, – ભાગ ૨ જો	૨–૮
,, – ભાગ ૫ મો	૨–૮
,, – ભાગ ૬ ઠ્ઠો	૨–૮

ઉત્સાહ ને ચેતનાપ્રેરક

સંસારમાં સુખ ક્યાં છે ?	૧–૦
સુબોધપુષ્પવાટિકા ...	૦–૫
સુબોધ કથાસાગર ...	૨–૦
આગળ ધસો	૨–૮
ભાગ્યના સ્રષ્ટાઓ ...	૨–૮
સુખી જીવનનાં સાધન	૧–૮
આદર્શ દૃષ્ટાંતમાળા–ભાગ ૧,૨	૪–૦
કતલખાનું અપ્ટન સિંક્લર કૃત	૩–૦
શુભસંગ્રહ–ભાગ ૧, ૨, ને ૯	૫–૪

વૈદક ને વિજ્ઞાન

આર્યભિષક્–નવી આવૃત્તિ ...	૬–૦
ઔષધિ કલ્પલતા ...	૦–૧૨
વૈદકસંબંધી વિચારો–ભા. ૧,૨,	૩–૧૨
આયુર્વેદ નિબંધમાળા–ભા. ૧	૨–૮
,, ,, ભાગ ૨જો	૧–૧૨
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન	૦–૮
હિંદના આર્થિક વિકાસની યોજના	૦–૮

બાળોપયોગી

બિરબલ અને બીજા ...	૧–૮
ભારતીય નીતિકથાઓ...	૦–૮
સુબોધક નીતિકથા ...	૦–૮
સદ્‌ગુણી બાળકો ...	૦–૪
બાળસદ્‌બોધ	૦–૪
બાળકોની વાતો–૨ ...	૦–૮

ચિત્રો ઈત્યાદિ

રામકૃષ્ણ ચિત્ર	૦–૨
ચૈતન્ય મહાપ્રભુ	૦–૨
જ્ઞાનપટ, સોપાનપટ અને જ્ઞાનબાજી ...	૦–૧

સર્વોપયોગી સાહિત્ય શ્રેણીનાં પુસ્તકો

પ્રકાશનાં પગલાં ...	૦–૧૦	જીવનનીકલા	૦–૧૦
રાખની ઢગલી... ...	૦–૧૦	જગતમાં જાણવા જેવું	૦–૧૦
હાસ્યતરંગ	૦–૧૦	જીવનપરિવર્તન ...	૦–૧૦

બીજાં સત્વર પ્રસિદ્ધ થશે.

ત્રણ આના સીરીઝનાં પુસ્તકો

ગીતાસંકલન	૦–૩	મેનાવતી ને ગોપીચંદ	૦–૩
મનને	૦–૩	ભર્તૃહરિ ને વિક્રમ	
વિચાર સૂર્યોદય	૦–૩	જેસલ અને તોરલ	૦–૩
જય ભારતી	૦–૩	ગોપીચંદ ને જાલંધર	

બીજાં સત્વર પ્રસિદ્ધ થશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે, નદી જવાના રસ્તે, **અમદાવાદ** અને
કાલબાદેવીરોડ, હાથીબિલ્ડિંગ, ત્રીજે માળે–**મુંબઈ–૨**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં નવું સીમાચિહ્ન



વનસ્પતિ
ઘી
વિશુદ્ધ તેલ
સાબુ

રેક્ટિફાઈડ
સ્પિરિટ
મેથિલેટેડ
સ્પિરિટ
ગ્લિસેરિન

એટલે ગુજરાતનું ગૌરવ

અશ્વિન ઈન્ડસ્ટ્રીઝ લિ.

કારખાનું :
સમલાયા
બી. બી. સી. આઈ રેલવે

ઑફિસ :
વડોદરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેશનલ સેવીંગ્સ બેન્ક લિ.

બેંકીંગના ધંધાને લગતું વિદેશી હુંડિયામણ સહિત સઘળા પ્રકારનું કામકાજ કરવામાં આવે છે.

વિશિષ્ટતાઓ—

(૧) ૩ વર્ષનાં અને ૬ વર્ષનાં કેશ સર્ટીફીકેટો

(૨) ટૂંકી મુદતની અનામતો ટૂંક મુદતની નોટિસથી ઉપાડી શકાય તેવી વ્યાજના ખાસ દરોથી.

(૩) સેફ ડીપોઝિટની સગવડ, વાંદરા, ઘાટકોપર, સાંતાક્રુઝ, અમદાવાદ અને વડોદરાની શાખાઓ પર રાખવામાં આવી છે.

(૪) સંયુક્ત બચતની વીમા યોજના.
વિગતો માટે હેડ **ઑફિસ** ૪૩/૪૫ એપોલો સ્ટ્રીટ કોટ, મુંબઈ અને શાખાઓમાં લખો અથવા મળોઃ–

એન. સી. બોરાના, બી. કોમ. એ. આઈ. આઈ. બી.,
મૅનેજિંગ ડીરેક્ટર.

રામતીર્થ બ્રાહ્મી તેલ

રજી. નં. ૧ બ્રેન ટોનિક

વાળ કાળા થાય છે, વધે છે, ખરતા અટકે છે, ટાલમાં વાળ ઊગે છે, યાદશક્તિ અને આંખોની દૃષ્ટિ વધે છે, ખોડો મટે છે.

બધી ઋતુમાં બધાને ઉપયોગી	રતલી બાટલી રૂ. ૩॥ (૮ ઔંસ રૂ. ૨) શ્રી રામતીર્થ યોગાશ્રમ મુંબઈ ૪.	સર્વત્ર મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેલીકો શા માટે ?

★ ૬૪ વર્ષ ઉપરાંતનો અનુભવ.

★ હિંદભરમાં ઝીણા કાપડના પ્રથમ ઉત્પાદક.

★ તરેહ તરેહ જાતોનું કાપડ બનાવનાર મીલોમાં સૌથી અગ્રગણ્ય — ધુંસાથી માંડી લીન્ટ, શર્ટીંગ, કોટીંગ, સાડી, ધોતી, મલમલ, ખાખી, છાપેલું કાપડ, સીવવાના દોરા અને મચ્છરદાની ઉત્પન્ન કરનાર.

અમારો આધાર અમારા કાપડની સર્વોત્તમ જાતો ઉપર છે—નહિ કે ખોટી જાહેરાતો ઉપર

કેલીકો

ધી અમદાવાદ મૅન્યુફેક્ચરીંગ ઍન્ડ કેલીકો પ્રીન્ટીંગ કંપની લી૦

અમદાવાદ.

મૅનેજિંગ એજન્ટસ : કરમચંદ પ્રેમચંદ લીમીટેડ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



અસલના જમાનામાં સ્નાન માટે કેટલીક કુદરતી વસ્તુઓ વપરાતી હતી, જેમાંની એક વસ્તુ મગના બારીક લોટની બનાવેલી પીઠી પણ હતી. ખુશબોદાર હમામ સાબુના ઠંડક અને તાજગી આપતા ફિણ જેવી ઠંડક આ પીઠીથી મળતી હતી, પરંતુ તેનાથી આ સાબુમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલા તેલ અને શુદ્ધિકરણના ગુણો મળતા નહોતા. સ્નાન કરવાની સઘળી પુરાણી પદ્ધતિઓના સર્વ ગુણો હમામ સાબુમાં એકત્ર કરવામાં આવ્યા છે; જે વાપરવામાં અને ગુણમાં એક ઘણા જ આનંદદાયક સાબુની ગરજ સારે છે.

હમામ

તમારા સ્નાન માટે સર્વોત્તમ સાબુ

ટોમ્કો સેલ્સ ડિપાર્ટમેન્ટ, લાલદરવાજા-અમદાવાદ.

ટેલીગ્રામ: 'નચીકેતા' ટેલીફોન નંબરો: ૨૫૮૧૧; ૨૬૮૧૧

તુલસીદાસ ખીમજી

ક્લીઅરીંગ, ફોર્વર્ડીંગ, શીપીંગ, ફ્રેઈટ ઍન્ડ ઇન્સ્યુરન્સ એજન્ટસ.

એજન્ટસ ફોર:- ઍટલાસ ઇન્સ્યુરન્સ કંપની, લિ.

(ઇંગ્લાંડમાં સ્થપાયલી)

ફાયર, મરીન, મોટર અને એકસીડંટના વીમાઓ.

વિગત માટે લખો યા મળો;-

૪૬, ચર્ચગેટ સ્ટ્રીટ કોટ, મુંબાઈ-૧

કરાંચી શાખા: લક્ષ્મીદાસ બિલ્ડીંગ, હંશનલી ઈડેન્ડીરોડ-કરાંચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિહારી મીલ્સ લી.

અમદાવાદ.૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એલ્યુમિનિયમ

અને

પિત્તળનાં વાસણો

વાસણોનો વિચાર આવતાં જ 'ક્રાઉન' માર્કાની યાદ તાજી થાય છે. બનાવટની ઉત્તમતા, ઉપયોગિતા માટેનું સંશોધન, ભાવોનું વ્યાજબીપણું અને વ્યવહારની નિયમિતતાનું એ સાચું પરિણામ છે.

જગતમાં ૧૯૧૯ માં ઉત્પન્ન થયું તે કરતાં અનેક ગણું વધારે એલ્યુમિનિયમ હાલ ઉત્પન્ન થઈ રહ્યું છે. હિંદુસ્તાનમાં પણ ૧૯૪૩ થી એલ્યુમિનિયમનું ઉત્પાદન શરૂ થઈ ગયું છે. જૂના ભંગાર ઉપરાંત નવા માલનો પણ વાસણોની બનાવટમાં ઉપયોગ થશે અને વધારે વ્યાજબી ભાવે વાસણોની છૂટ વધશે.

વાસણો માટે એલ્યુમિનિયમ જેવી કિફાયત ભાવે મળતી ઉપયોગી બીજી કોઈ ધાતુ નથી. અનેક ઉપયોગી ઉદ્યોગોમાં તે વપરાય છે. પોલાદ કે વીજળીના પંખા, રેલવે કે એરોપ્લેન, મોટર કે સ્ટીમર બધા ઉદ્યોગોમાં તેના વિના ચાલતું નથી.

નવાં પિત્તળનાં પતરાંની પણ હવે છૂટ થશે અને તેનાં વાસણો પણ વધારે કિફાયત ભાવે મળશે. કલાઈ મેળવવાની વ્યવસ્થા પણ થઈ રહી છે.

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

કલકત્તા, મુંબઈ, મદ્રાસ, રાજમહેન્દ્રી, દિલ્હી,
એડન, રંગુન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજના સર્વ વર્ગો માટે

સુંદર સાડી

ટકાઉ ધોતી

મુલાયમ મલમલ

તરેહવાર દોરિયા

- ★ સુંદર વણાટ
- ★ વિધવિધ કિનારો
- ★ આકર્ષક ડિઝાઇનો
- ★ અનેકવિધ રંગો

વિગેરે

સુંદર કાપડ મળવાનું એક જ
અનોખું સ્થળ:

શ્રી રામકૃષ્ણ મિલ્સ કં. લિ૦

ગોમતીપુર—**અમદાવાદ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદર કાપડની અનેક જાતો માટે

જેવી કે—

શર્ટીંગ

પોપલીન

સાડી

ધોતી

મલમલ

વોયલ

દોરિયા

સુંદર, આકર્ષક તથા ટકાઉ

છેલ્લી ઢબનું

સમાજના સઘળા વર્ગોને

પોસાય તેવું,

મળવાનું એક જ સ્થળ :—

શ્રી વિવેકાનંદ મિલ્સ લિ૦

ગોમતીપુર—**અમદાવાદ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોખ્ખાં અને સફાઇદાર
ઘરગથ્થુ અને ફેન્સી
તમામ જાતનાં

વાસણો

સરકારી કૉન્ટ્રોલ નીચે પિત્તળનાં વાસણો

ચોખ્ખી કલાઈ કરેલાં, સસ્તા ભાવથી

ટૂંક મુદતમાં અમારે ત્યાંથી

મળશે.

લલ્લુભાઇ અમીચંદ

(ઠે. ૫૫૪-કંસારાચાલ-મુંબઈ ૨)

પ્રોપ્રાઈટર :

ધી ડન એલ્યુમિનિયમ ફેક્ટરી

૧૦૭, તારદેવ રોડ, મુંબઈ–૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતભરમાં સુપ્રસિદ્ધ

ખમીસનું કાપડ



અ મ દા વા દ

જીવનરસાયન શાસ્ત્ર

લેખક:-પ્રિન્સીપાલ જે. જે. કણિયા. બી. એ. કિંમત ૨-૬-૦

આ બાયોકેમિસ્ટ્રીના સુંદર, સરલ, સસ્તા ગ્રંથ વડે, રોગનું જ્ઞાન લઈ સૌ કોઈ ઘેર બેઠાં દર્દના ઉપચાર કરી શકે છે.

આ ગ્રંથમાં હોમીઓપથી અને બાયોકેમિકના અનુભવેલા ઉપચાર બતાવેલા છે.

જીવનરસાયન દવાઓ—અમેરિકન બેંક પોટેન્સીમાંથી ઊંચા મિલ્ક શુગર સાથે ઘૂંટેલી સૂક્ષ્મ અણુવાળી અમારી દવા ઝડપી ગુણ આપે છે. અર્ધા સૈકાથી દાકતરોનો ઊંચો મત ધરાવે છે. બાર દવાની પેટી અને ગ્રંથ (અર્ધી રાતે) વૈદની ગરજ સારે છે.

હોમીઓપથી અને બાયોકેમિકનું લીસ્ટ મંગાવો.

ચંપકલાલ મગનલાલ બજાર ભાવનગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી બામ્બે સ્ટીમ નેવિગેશન કં. લિ.
ધી ઇન્ડિયન કોઓપરેટિવ ને. એન્ડ ટી. કં. લિ.
ધી રત્નાગરસ્ટીમ નેવિગેશન કં. લિ.
ધી ઈસ્ટર્ન સ્ટીમ નેવિગેશન કં. લિ.

ઉતારુ તથા માલ લઇ જવાની સરવીસીઝ

મુંબઈ-ભાવનગર
મુંબઈ-કચ્છ
મુંબઈ-કરાંચી વાયા કચ્છ-માંડવી
કોંકણ લાઈન
મુંબઈ-માલવણ
મુંબઈ, હરનાઈ, ડાભોલ
હારબર સરવીસ (રેવસ, ધરમતર, ઉરણ, એલીફન્ટા, નહાવા)

ટેલીફોન નં. ૨૫૩૬૧ — ચાર લાઈન

ફ્રેટ બ્રોકર્સઃ-કાનજી જાદવજી એન્ડ કં.
ટેલિફોન નં. ૨૫૭૩૪

સિંધિયા હાઉસ

બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી

ઇન્ડિયન ગ્લોબ ઇન્સ્યુરન્સ

કંપની લિમિટેડ

આગ,

અકસ્માત,

જિંદગી,

મોટર,

દરિયાઈ વીમાના કામકાજ માટે

એની સંગીન પ્રગતિનું માપ નીચેના આંકડા દર્શાવે છેઃ-

ભરપાઇ થયેલી થાપણ	રૂા. ૭,૦૦,૧૦૦-૦-૦
પ્રીમિયમ આવક (૧૯૪૩)	રૂા. ૨૮,૦૧,૦૮૯-૦-૦
રીઝર્વ ફંડ (ટોટલ)	રૂા. ૧૧,૦૯,૨૦૩-૦-૦
ટોટલ અસ્કયામત ૧૯૪૩ ના અંત સુધી	રૂા. ૩૨,૩૨,૮૧૯-૦-૦

હેડ ઓફિસઃ— પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ,
૩૧૫-૨૧, હોર્નબી રોડ, કોટ-મુંબઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તમ પ્રકારનાં

એનેમલનાં વાસણો

જેવાં કે:—

સુપ પ્લેટ

મગ,

જગ, વગેરે

હંમેશાં તૈયાર માલ મળશે.

બનાવનાર:

કામાણી એનેમલ ઈન્ડસ્ટ્રીઝ લિ.

તમારી જરૂરિયાત માટે લખો:—

સેલિંગ એજન્ટ્સ:—

ડબલ્યુ. લેસ્લી એન્ડ કં. (બોમ્બે) લિ.

૧૭–બી એલફિન્સ્ટન સર્કલ

કોટ, મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રાઉન બ્રાન્ડ

એલ્યુમિનિયમ તથા પિત્તળ

દરેક જાતનાં વાસણો અને સાધનો

ઘર ઉપયોગી કે ઑફિસ ઉપયોગી

કારખાના માટે કે રસશાળા માટે

રેલગાડી માટે કે વિમાનો માટે

તમારી દરેક જરૂરિયાત માટે લખો અથવા મળોઃ—

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

કલકત્તા, મુંબઈ, મદ્રાસ, રાજમહેન્દ્રી,
દિલ્હી, બનારસ, રંગુન, એડન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસારવા મિલ્સ લિમિટેડ—અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખનાં દર્દો માટે ઉત્તમ દવાઓ

ધોળા ખાખરાના મૂળનો અર્ક

ઝાંખ, છારી, ખીલ, ફૂલાં, પડળ, મોતિયા, ઝામરવા, રતાંધળાપણું, પાણી ઝરવું વગેરે દર્દો ચોક્કસ મટે છે. ચશ્માં ઊતરે છે. કિં. રૂા. ૧૧

સાચા મોતીનો સુરમો સફેદ ને કાળો દરેકનાં કિ. રૂા. ૨

" નયનામૃત "

લીમડો, ખાખરો, બાવળ અને કમળના મધના મિશ્રણથી આ દવા બનાવાય છે. આંખનાં ફૂલાં, ઝાંખ, છારી, શૉર્ટ સાઈટ, અકાળે આવેલાં ચશ્મા, વગેરે મટાડી આંખ નિર્મળ, સ્વચ્છ, ને રોગરહિત તેજસ્વી બનાવે છે. કિં. રૂા. ૧ ટપાલ ખર્ચ જુદું.

ગીતાપ્રેસ ગોરખપુરથી કલ્યાણના મંત્રી તથા રાજકોટના આંખના સર્જન નૃસિંહપ્રસાદ બક્ષી જણાવે છે કે, આંખનાં ઘણાં દર્દોમાં ફાયદો છે બીજીવાર શીશી મોકલો.—**સૂચના:** કોઈપણ દર્દની સંપૂર્ણ હકીકત લખવાથી યોગ્ય સલાહ ને દવા મોકલાય છે.

વૈદ્ય બી. રાણપુરી—સુખશાન્તિ ઔષધાલય,

(પત્રિકા મફત મંગાવો) **જામનગર**—કાઠિયાવાડ (India)

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં

પુસ્તકો અમદાવાદના ભાવે નીચેના ઠેકાણેથી મળશે.

સુરત

શ્રી. મહેન્દ્ર દયાશંકર શુકલ
સસ્તું ઔષધ કાર્યાલય, બાલાજીરોડ

નડિયાદ

શ્રી. અંબાલાલ ડાહ્યાભાઈ
ઠે. લખાવાડ

વડોદરા

પુસ્તકાલય સહાયક
સહકારી મંડળ લિ.
રાવપુરા—વડોદરા.

રાજકોટ

ઝવેરચંદ કાળિદાસ ટોલિયા
ઠે. બજારમાં—**રાજકોટ.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખરાના મૂળનો અર્ક—આંખની ઉત્તમ દવા

ફાયદા તથા આંજવાની રીત—આ અર્કની એક શીશી વાપરવાથી અને રોગ વધુ હોય કે જૂનો હોય તો ૨ થી ૬ શીશી વાપરવાથી આંખની ઝાંખ, છારી, ખીલ, પડળ, ફૂલું, મોતિયો, ઝામરવા, રતાંધળાપણું, પાણી વહેવું વગેરે દરદો મટે છે; તથા સારી આંખમાં આંજવાથી આંખનું તેજ વધી ઘણાનાં ચશ્માં ઊતરી જાય છે.

ખાવાની રીત તથા લાભ—નાગરવેલના પાનમાં કાથો, ચૂનો કે બીજું કાંઈ નહિ નાખતાં માત્ર અર્કનાં જ **૩ થી ૫ ટીપાં** ચોપડવાં અને જમ્યા પછી એ પાન ખાવું. ચેવળી પાન ગરમ હોઈ **કપૂરી પાન** ઠીક છે. આ રીતે આ અર્ક ૫–૭ દિવસ ખાવાથી ભૂખ વધે, તાકાત આવે, વીર્યસ્રાવ થતો હોય તો મટે, તથા સ્ત્રીઓને પ્રદરરોગમાં ફાયદો કરે છે.

મૂલ્ય ઇત્યાદિ—(૧) નાની દશઆની ભારની શીશીનું મૂલ્ય ૦–૨–૦ અને એવી ૮ શીશીઓના રૂ. ૦–૧૪–૦ છે. બહારગામથી મંગાવનારે ટપાલ ખર્ચ સાથે રૂ. ૧–૬–૦ મોકલવા. (૨) એકા ઘાટની અઢી તોલા અર્કવાળી શીશીના રૂ. ૦–૬–૦ અને ચાર શીશીના રૂ. ૧–૬–૦ છે; અને બહારગામથી મંગાવનારે ટપાલ ખર્ચ સાથે રૂ. ૧–૧૪–૦ મોકલવા. (૩) ૫૦ તોલા અર્કવાળો શીશો રૂ. ૨–૮–૦ થી મળશે. (૪) રેલવે રસ્તે જોઈએ તો પેકિંગ ઇત્યાદિના રૂ. ૧–૦–૦ અને એથી વધુ શીશા જોઈએ તો રૂ. ૧–૮–૦ વધુ મોકલવા. રેલવે નૂર ઇત્યાદિ માર્ગખર્ચ થાય તે જુદો ભરવાનો રહેશે. (૫) અર્ક તથા સળીઓ વગેરે મળીને એક સાથે રૂ. ૭ાા નાં લેવાથી પંદર ટકા કમીશન મળશે. (૬) અર્ક હવે સીધી દેખરેખ નીચે સંસ્થામાં જ તૈયાર કરવામાં આવે છે; વળી શીશીઓ ઉપર સંસ્થાના નામવાળી ટિકિટો ચોડાય છે; માટે અર્ક જેમ તેમ બનાવીને ભળતા નામથી વેચનારાઓથી સાવચેત રહેવું જરૂરનું છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } અમદાવાદ ને મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

AHMEDABAD

INSIST ON VIJAYA FABRICS

RECORD PRINTS

LONG CLOTH

POPLIN & SUSHIS

SAREES & DHOTIES

THE VIJAYA MILLS CO LTD

REGD

TRADE MARK

RECORDS

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાગળો

અને

સ્ટ્રોબોર્ડ

બનાવનારા:—

ગુજરાત પેપર મીલ્સ લી.

અમદાવાદ. ૨

ટેલીગ્રામ : 'પેપર'   ટેલીફોન : ૨૯૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં નવું સીમાચિહ્ન

વનસ્પતિ
ઘી
વિશુદ્ધ તેલ
સાબુ



રેક્ટિફાઈડ
સ્પિરિટ
મેથિલેટેડ
સ્પિરિટ
ગ્લિસેરિન

એટલે ગુજરાતનું ગૌરવ

અશ્વિન ઇન્ડસ્ટ્રીઝ લિ.

કારખાનું :
સમલાયા
બી. બી. સી. આઈ. રેલ્વે

ઑફિસ :
વડોદરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મહાગ્રંથને વાંચવા–સમજવાની સાચી દૃષ્ટિ આપતા
૩૦૦ પાનના વિદ્વાનોના લેખો સાથેની નવી આવૃત્તિ

મહાભારત–સંપૂર્ણ

૭॥"×૧૦॥" કદનાં એકંદર પાન ૫૨૦૮ : ચિત્રો ૨૭

૭ દળદાર ગ્રંથોમાં : મૂલ્ય રૂ. ૪૫)

૧ આદિ ને સભાપર્વ
૨ વન ને વિરાટપર્વ
૩ ઉદ્યોગ ને ભીષ્મપર્વ
૪ દ્રોણપર્વ
૫ કર્ણ, શલ્ય, સૌપ્તિક ને સ્ત્રીપર્વ
૬ શાંતિપર્વ
૭ અનુશાસન, આશ્વમેધિક, આશ્રમવાસિક મૌસલ, મહાપ્રસ્થાનિક, ને સ્વર્ગારોહણપર્વ

આર્યોના ઇતિહાસ, પુરાણ, ધર્મશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં જે કંઈ છે તે તે બધું આમાં છે અને આમાં જે કંઈ નથી તે બીજે ક્યાંય પણ મળવા સંભવ નથી.

મહાત્મા ગાંધીજી કહે છે કે:—

"મહાભારતને અમૂલ્ય રત્નોની એકાદ અખૂટ ખાણ સાથે જ સરખાવી શકાય; એ ખાણને જેમ જેમ વધુ ઊંડી ખોદીએ છીએ તેમ તેમ તેમાંથી વધારે કીમતી જવાહિરો નીકળે છે."

જેમને પોતાના કુટુંબીજનોના અને સંતતિના સંસ્કારોની કાંઈ પણ કિંમત હોય તેમણે આ સંસ્કારની કામધેનુ જેવા ગ્રંથને વસાવી લેવો જોઈએ.

સ્ત્રીઓ અને ભણેલાં બાળકો પણ વાંચી શકે એવા મોટા અક્ષરોમાં આ સાતે ગ્રંથો છાપેલા છે.

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય } અમદાવાદ ને મુંબઈ–૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વોપયોગી સાહિત્યશ્રેણી

૧૮ પુસ્તકોની પહેલી યોજના

૧૧. ગૃહજીવનની કલા

ઘરમાં સુખ અને સંપથી કેમ રહી શકાય તેનાં સૂચનો

લેખક : 'સમાજશાસ્ત્રી'

૧૨. રવીન્દ્ર-જીવન

કવિવર રવીન્દ્રનાથ ઠાકુરનું પ્રેરક જીવન

લેખક : દિલીપ કોઠારી

સપ્ટેમ્બરમાં પ્રગટ થશે

૧૩. જાગ્રત નારી

આદર્શ નારીની કલ્પના સાથે નારીજીવનનો પરિચય

લેખિકા : હીરા મહેતા

૧૪. ગામડું બોલે છે

હિંદના નમૂનારૂપ એક ગામડાનું સાચું જીવન

લેખક : રતિલાલ ત્રિવેદી

૧૫. સાહસ-કથાઓ

સાહસોમાંથી રચેલી દેશદેશની કથાઓ

લેખક : રમણિક અરાલવાળા

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬. ગુજરાતના સેવકો

ગુજરાતના મૂક સેવકોનો જીવનપરિચય

લેખક : ચંદ્રકાન્ત શાહ

૧૭. આરોગ્યસાધના

આરોગ્યના સંરક્ષણ અંગે માર્ગદર્શન

લેખક : કાન્તિલાલ શાહ

૧૮. ગૃહજીવનનાં દશ્યો

આપણાં ગૃહ-કુટુંબનાં સાચાં શબ્દચિત્રો

લેખિકા : કુમુદ શેઠ

- આ શ્રેણીના દરેક પુસ્તકની છૂટક કિંમત **દસ આના રહેશે.**
- બધાં પુસ્તકો માટે નામ નોંધાવનારને ૧૮ પુસ્તકો **દસ રૂપિયામાં મળશે.**
- ટપાલથી મંગાવનારે રૂ. ૧-૮-૦ ટપાલખર્ચ મોકલવાનું રહેશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર, નદી જવાને રસ્તે, સેશન્સ કોર્ટ પાસે, અમદાવાદ

અને કાલબાદેવી રોડ, હાથી બિલ્ડિંગ ત્રીજે માળે, મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮૭૪/૧૯૪૨

ગુજરાતે **મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી** અને **ભિક્ષુ અખંડાનંદ,** એ ત્રણ મહાપુરુષો આપ્યા છે.

એ ત્રણે મહાપુરુષોએ જનતાના હિતનો મહાન સિદ્ધાંત વિચાર્યો, જાહેર કર્યો ને પોતાના જ જીવન દ્વારા અનેક મુશ્કેલીઓનો સામનો કરીને ક્રિયાના પ્રદેશમાં એ સિદ્ધાંતને સફળ કર્યો.

સંત અને કર્મયોગી એવા **ભિક્ષુ અખંડાનંદે** જનસેવાનો ઉચ્ચ પ્રકાર દેખાડ્યો છે.

તેમણે અજ્ઞાનરૂપી અંધાપો દૂર કરવા માટે પુસ્તકોદ્વારા ઉત્તમ વાચનરૂપી રસાયન લાખો ગુજરાતીઓને પૂરું પાડ્યું છે.

તેમણે ઋષિમુનિઓની વાણી અને વિદ્વાન લેખકોના વિચારોનો પ્રચાર કરી જનતાને નવું જીવન આપ્યું છે. તેમણે સાહિત્યના મહાન ક્ષેત્રમાંથી ત્રણસો જેટલાં ઉત્તમ પુસ્તકો ચૂંટીને, સર્વ રીતે શુદ્ધ કરીને, સરળ અને સહેલાઇથી વાંચી શકાય તેવા મોટા અક્ષરોમાં છપાવ્યાં અને તેની લાખો પ્રતો ગરીબમાં ગરીબ માણસને પોસાય એવી સસ્તી કિંમતે ગુજરાતના ઘરેઘરમાં પહોંચાડી છે.

આ અગ્રગણ્ય સંતપુરુષે ‘ **कथयन्तो मां नित्यं** ’ એ ગીતાસૂત્ર પ્રમાણે, છેક છેવટની ઘડી સુધી ગુજરાતના જીવનમાં અનેક શુભ સંસ્કારો રેડ્યા છે.

તે શ્રેષ્ઠ કાર્ય તેમની પાછળ ચાલુ રહે તેવી વ્યવસ્થા પણ તેમણે કરી છે.

જ્ઞાનનું દાન એ સૌથી ઊંચું દાન છે અને એ પ્રદેશમાં પહેલી પંક્તિએ બેસનાર દાતા **ભિક્ષુ અખંડાનંદનું** સ્થાન ગુજરાતના ગૌરવમાં–હિન્દના રાષ્ટ્રજીવનમાં અપ્રતિમ રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } અમદાવાદ અને મુંબઈ–૨